અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

03 FEBRUARY-2026 TUESDAY | Vol. : 17 | Issue : 212 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  પાકિસ્તામાં બે દાયકા બાદ વસંતનું પુનરુત્થાન: કડક સુરક્ષા સાથે ત્રણ દિવસીય પતંગ મહોત્સવ

4  ફ્યુચર ટેક્નોલોજી માટે પૂર્વ તૈયારીઓનું આયોજન

6  રામચરણને ત્યાં ટ્વિન્સનો જન્મ, હોસ્પિટલમાં ટોળાં વચ્ચે ફસાયો

7  સોનું-ચાંદી ફરી ક્રેશ:ચાંદી ત્રણ દિવસમાં ₹1.60 લાખ ઘટી, સોનું ગબડીને ₹1.40 લાખ પર આવ્યું

### કેન્દ્રના મોટા મંત્રીઓએ ઊભા થઈને ભારે વિરોધ નોંધાવ્યો

# ડોકલામ અને ચીનની ઘૂસણખોરીનો મુદ્દો રાહુલ ગાંધીએ ઉઠાવતા સંસદમાં હોબાળો

### રાહુલ ગાંધીએ કારવાંના પુસ્તક અને પૂર્વ આર્મી ચીફ જનરલ નરવણેના ડોકલામ અંગેના પુસ્તકનો હવાલો આપતાં જ મામલો બીચક્યો હતો અને સંસદમાં હોબાળો મચી ગયો

**મુંબઈ, તા.2**

સંસદમાં બજેટ સત્રમાં આજે લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ સંબોધન કર્યું. તેમણે ડોકલામ અને ચીનની ઘૂસણખોરીનો મુદ્દો ઉઠાવતા સંસદમાં ભારે હોબાળો થયો હતો. કેન્દ્રના મોટા મંત્રીઓએ ઊભા થઈને ભારે વિરોધ નોંધાવ્યો હતો. રાહુલ ગાંધીએ કારવાંના પુસ્તક અને પૂર્વ આર્મી ચીફ જનરલ નરવણેના ડોકલામ અંગેના પુસ્તકનો હવાલો આપતાં જ મામલો બીચક્યો હતો અને સંસદમાં હોબાળો મચી ગયો હતો. સત્તાપક્ષ તરફથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે રાહુલ ગાંધીને પડકારવાનો પ્રયાસ કર્યો હતો. હોબાળો વધી જતાં લોકસભાને ત્રણ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી.



રાહુલ ગાંધીએ કહ્યું કે આ લોકો કહે છે કે અમે આતંકવાદ સામે લડીએ છીએ પણ એક તથ્યથી ડરે છે. પુસ્તકમાં એવું તો શું છે જેને અમે ન વાંચી શકીએ. અમને વાંચવા તો દો. તેમાં એ તમામ હકીકતો જણાવાઈ છે જે ડોકલામમાં ઘટી હતી. આ પુસ્તક આર્મી જનરલ નરવણેએ જ લખ્યું છે. બસ આ વાત પર રાજનાથ સિંહ ભડક્યા અને તેમણે કહ્યું કે જો નરવણેને લાગતું હતું કે રોક લગાવાઈ છે તો તેઓ કોર્ટ જઈ શકતા હતા. તેઓ કોર્ટ કેમ ન ગયા? રાહુલ ગાંધીએ કહ્યું કે ચીનના ટેન્ક કૈલાશ રેન્જ પર ચઢી રહ્યા હતા. રાહુલ ગાંધીના આ નિવેદન સામે પણ હોબાળો થવા લાગ્યો હતો. ચીનની ઘૂસણખોરી મુદ્દે રાહુલ ગાંધીએ સંબોધન શરુ કરતાં આજે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ઊભા થઈ ગયા હતા. તેમણે કહ્યું હતું કે, જે માહિતી પ્રકાશિત ન થઈ હોય તેનો ઉલ્લેખ તમે અહીં ન કરી શકો. જે બાદ કોંગ્રેસના સાંસદોએ ભારે વિરોધ કરતાં કહ્યું કે હજુ રાહુલ ગાંધીએ બોલવાનું શરુ જ કર્યું છે. રાહુલ ગાંધી આર્મીના જનરલ નરવણેના પુસ્તક અંગે નિવેદન આપવા માંગતા હતા. જોકે રાજનાથ સિંહ વારંવાર ઊભા થઈને વિરોધ કરતાં રહ્યા અને કહ્યું કે આ પુસ્તક પ્રકાશિત થઈ છે કે નહીં? જો પ્રકાશિત ન થઈ હોય તો તમે સંસદમાં ન બોલી શકો.

રાજનાથ સિંહે આક્રોશમાં કહ્યું કે, તમે જે પુસ્તકની વાત કરો છો તે પ્રકાશિત થઈ જ નથી. જે બાદ કોંગ્રેસના સાંસદોએ કહ્યું કે, આ માહિતી મેગેઝીનમાં આવી ગઈ છે. સંસદમાં અગાઉ પણ મેગેઝીનના ક્વોટ બોલવામાં આવ્યા છે. જે બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઊભા થઈને કહ્યું કે, તમે સ્પષ્ટતા કરો કે આ પુસ્તક પ્રકાશિત થઈ છે કે નહીં? મેગેઝીન તો કશું પણ લખી શકે છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, હું માત્ર ૫ જ વાક્ય બોલવા માંગુ છું જેમાં પૂર્વ ચીફ ઓફ આર્મી સ્ટાફ નરવણેએ PM મોદી અને રાજનાથ સિંહ વિશે વાતો કહી છે. ત્યાર પછી સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે, સંસદની કાર્યવાહી સાથે જોડાયેલી ન હોય તેવી પુસ્તકનો કોઈ ઉલ્લેખ અહીં ન કરી શકો.

રાહુલ ગાંધીએ એક મેગેઝિનના લેખને ટાંકીને વાત કરી. આનાથી ટ્રેઝરી બેન્ચમાંથી પણ હોબાળો થયો. સંરક્ષણ મંત્રીએ વાંધો ઉઠાવતાં કહ્યું કે તેમને આવું કરવાની મંજૂરી ન આપવી જોઈએ. ચીનના મુદ્દાને સંવેદનશીલ ગણાવતા અખિલેશ યાદવે કહ્યું કે જો કોઈ સૂચન રાષ્ટ્રીય હિતમાં હોય, તો વિપક્ષના નેતાએ તે વાંચવું જોઈએ. ડૉ. લોહિયાથી મુલાયમ સિંહ યાદવ સુધીના ઉદાહરણો આપતા અખિલેશે કહ્યું કે આપણે ચીન સામે સાવધ રહેવું જોઈએ. લોકસભા સ્થગિત થયા બાદ ૩ વાગ્યે ફરી શરૂ થઈ હતી. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો છે. ચીનની સેનાની ૪ તોપ કૈલાશ રેન્જમાં ઘૂસણખોરી કરી રહી હતી.... રાહુલ ગાંધી આટલું બોલ્યા એવામાં રાજનાથ સિંહ ઊભા થયા અને કહ્યું કે, વિપક્ષ નેતા આ વાત ક્યાંથી કહી રહ્યા છે? આ કાલ્પનિક વાતો છે. આ સમગ્ર દેશને ભ્રમમાં નાંખી રહ્યા છે. આમને બોલતા રોકવા જોઈએ. રાહુલ ગાંધી આટલું બોલ્યા ત્યાં લોકસભામાં ફરીથી હોબાળો શરૂ થયો. સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે, તમે માત્ર રાષ્ટ્રપતિના અભિભાષણ પર જ બોલો. આ જ નિયમ છે.

# મમતા બેનર્જી કાળી શાલ ઓઢી મુખ્ય ચૂંટણી કમિશનરને મળ્યા

### તેમણે કહ્યું- ચૂંટણી પંચ ભાજપનો IT સેલ છે, આવા જૂઠા ચૂંટણી કમિશનર ક્યારેય જોયા નથી

નવી દિલ્હી, તા.2

પશ્ચિમ બંગાળના CM મમતા બેનર્જીએ સોમવારે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) વિરુદ્ધ કાળી શાલ ઓઢીને દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) સાથે મુલાકાત કરી. તેઓ પોતાની સાથે SIR પ્રભાવિત 13 પરિવારો અને TMCના નેતાઓને પણ લાવ્યા હતા.



મુલાકાત પછી મમતાએ કહ્યું, 'હું ખૂબ દુઃખી છું. હું દિલ્હીની રાજનીતિમાં લાંબા સમયથી સક્રિય છું. હું ચાર વખત મંત્રી અને સાત વખત સાંસદ રહી ચૂકી છું. મેં આજ સુધી આવા અહંકારી અને જૂઠા ચૂંટણી કમિશનર જોયા નથી.

મેં તેમને કહ્યું, 'હું તમારી ખુરશીનું સન્માન કરું છું કારણ કે કોઈ પણ ખુરશી હંમેશા માટે રહેતી નથી. એક દિવસ તમારે જવું જ પડશે. બંગાળને શા માટે નિશાન બનાવવામાં આવી રહ્યું છે? ચૂંટણી લોકશાહીનો તહેવાર હોય છે, પરંતુ તમે 98 લાખ લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવી દીધા અને તેમને પોતાનો બચાવ કરવાની તક આપી નહીં. આ ચૂંટણી પંચ નહીં, BJPનો IT સેલ છે.'

આ પહેલા સવારે મમતાએ દિલ્હી પહોંચતા જ કહ્યું કે તેઓ SIRના મુદ્દે લડાઈ ચાલુ રાખશે. જો આ દેશમાં કોઈ નહીં લડે, તો હું લડીશ, અમારી પાર્ટી લડશે.

આ દરમિયાન, હેલી રોડ અને ચાણક્યપુરી સ્થિત બંને બંગા ભવનોની બહાર દિલ્હી પોલીસની ભારે તૈનાતી કરવામાં આવી છે. તૃણમૂલ કોંગ્રેસનું 15 સભ્યોનું પ્રતિનિધિમંડળ, મુખ્યમંત્રી મમતા બેનર્જી અને પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીના નેતૃત્વમાં, આજે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને મળશે.

TMCનો આરોપ છે કે બંગાળમાં SIRની પ્રક્રિયા પક્ષપાતી, મનસ્વી, ભેદભાવપૂર્ણ અને રાજકીય હેતુથી કરવામાં આવી રહી છે. X (ટ્વિટર) પર TMCના સત્તાવાર એકાઉન્ટમાં આ માહિતી આપવામાં આવી છે.

પોસ્ટમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે પ્રતિનિધિમંડળ પોતાની સ્પષ્ટ માંગણીઓ રજૂ કરશે અને તાત્કાલિક સુધારાની માગ કરશે, કારણ કે ચૂંટણી પંચને અગાઉ આપેલી ફરિયાદો પર હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી.

એક દિવસ પહેલા મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મુખ્ય ચૂંટણી કમિશનરને પત્ર લખીને SIR પર વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે આ પ્રક્રિયાથી સામાન્ય લોકોને ઘણી મુશ્કેલી પડી છે અને લોકશાહી પર લોકોનો વિશ્વાસ નબળો પડ્યો છે.

હાલમાં દેશના 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIRની પ્રક્રિયા ચાલી રહી છે. અંતિમ મતદાર યાદી 7 ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે. આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR થઈ રહ્યું છે- અંદમાન-નિકોબાર, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, લક્ષદ્વીપ, મધ્યપ્રદેશ, પુડુચેરી, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, પહેલા કર્મચારીઓને તાલીમ આપવામાં આવી અને જરૂરી તૈયારીઓ કરવામાં આવી. ત્યારબાદ નવેમ્બર-ડિસેમ્બરમાં મતદારો સંબંધિત માહિતી એકત્રિત કરવામાં આવી. ચૂંટણી પંચ અનુસાર, 28 ઓક્ટોબરથી 3 નવેમ્બર દરમિયાન છાપકામ અને તાલીમનું કાર્ય થયું. ત્યારબાદ 4 નવેમ્બરથી 4 ડિસેમ્બર સુધી ગણતરીનો તબક્કો ચાલ્યો.

મતદાર યાદીનો મુસદ્દો 9 ડિસેમ્બરે પ્રકાશિત કરવામાં આવ્યો. ત્યારબાદ 9 ડિસેમ્બરથી 8 જાન્યુઆરી 2026 સુધી દાવાઓ અને વાંધાઓનો સમયગાળો રહ્યો. નોટિસ તબક્કો (સુનાવણી અને ચકાસણી) 9 ડિસેમ્બરથી 31 જાન્યુઆરી સુધી ચાલ્યો, જ્યારે અંતિમ મતદાર યાદીનું પ્રકાશન 7 ફેબ્રુઆરી 2026 ના રોજ કરવામાં આવશે.

# વાંગચુક લદ્દાખને નેપાળ-બાંગ્લાદેશ બનાવવા માંગતા હતા: સુપ્રીમ કોર્ટમાં કહ્યું- તે રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો

**નવી દિલ્હી, તા.2**

કેન્દ્ર સરકારે સોમવારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું કે સોનમ વાંગચુક લદ્દાખને નેપાળ કે બાંગ્લાદેશ જેવું બનાવવા માંગે છે. આવા વ્યક્તિને વધુ ઝેર ઓકવાની પરવાનગી આપી શકાય નહીં.



જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ પ્રસન્ના બી વરાલેની બેન્ચ લદ્દાખ હિંસા કેસમાં એક્ટિવિસ્ટ વાંગચુકની ધરપકડ વિરુદ્ધની અરજી પર સુનાવણી કરી રહી હતી. આ દરમિયાન કેન્દ્ર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું, મહેતાએ કહ્યું કે નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકા જેવા ઉદાહરણો આપવા, યુવાનોને ભડકાવવા અને દેશની એકતા વિરુદ્ધ માહોલ બનાવવા બરાબર છે. આ રાષ્ટ્રીય સુરક્ષા માટે પૂરતો આધાર છે. કેસની સુનાવણી હવે મંગળવારે બપોરે 2 વાગ્યે ફરી થશે. 24 સપ્ટેમ્બર 2025 ના રોજ લેહમાં થયેલી હિંસા ભડકાવવાના આરોપમાં 26 સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA) હેઠળ વાંગચુકને પોલીસે કસ્ટડીમાં લીધા હતા. ત્યારથી તેઓ જોધપુર જેલમાં છે.

NSA પર કોર્ટ અપીલ નથી સાંભળતી- સુપ્રીમ કોર્ટ નજરકેદના આદેશની પર્યાપ્તતા તપાસતી નથી, આ જિલ્લા મેજિસ્ટ્રેટના પોતાના મૂલ્યાંકનનો મામલો છે. ભાષણનો રાષ્ટ્રીય સુરક્ષા સાથે સીધો સંબંધ- સોનમ વાંગચુકના ભાષણમાં આપેલા નિવેદનો રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો દર્શાવે છે. નેપાળ-બાંગ્લાદેશ જેવો બદલાવનો સંદર્ભ- આવા ઉદાહરણો આપવા અને કહેવું કે જેલમાં જવાથી બદલાવ આવશે, તે NSA લગાવવા માટે પૂરતું છે.

યુવાનોની ઉશ્કેરણી- "us-them" ની ભાષા, આત્મહત્યા જેવા ઉલ્લેખો અને ભીડને જગ્યા પૂછવી યુવાનોને ભડકાવવા જેવું છે. લદ્દાખની સંવેદનશીલતા અને DMની જવાબદારી- લદ્દાખ સેનાની સપ્લાય ચેઇન માટે મહત્ત્વપૂર્ણ છે, આવી સ્થિતિમાં કાર્યવાહી ન કરવી DMની ફરજચૂક ગણાત. આ પહેલાં વાંગચુકની પત્ની ગીતાંજલિ અંગ્મોએ 12 જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે તેમના પતિને કસ્ટડીમાં લેવાના નિર્ણયમાં અધિકારીઓએ યોગ્ય રીતે વિચારણા કરી નહોતી. તેમને નકામી અને બિનજરૂરી બાબતોના આધારે નજરકેદ કરવામાં આવ્યા હતા.

અંગ્મો વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ પ્રસન્ના બી. વરાલેની બેન્ચ સમક્ષ દાવો કર્યો કે જે ચાર વીડિયોના આધારે નજરકેદ કરવામાં આવ્યા હતા તે સોનમ વાંગચુકને આપવામાં જ આવ્યા ન હતા. આનાથી તેમનો પોતાનો બચાવ યોગ્ય રીતે રજૂ કરવાનો અધિકાર છીનવાઈ ગયો. વીડિયો ન આપવાથી વાંગચુકનો સલાહકાર બોર્ડ અને સરકાર સમક્ષ પોતાની વાત રજૂ કરવાનો અધિકાર પ્રભાવિત થયો છે.

# બે મહિલાથી ફફડે છે પાકિસ્તાનની સેના: બલૂચ મહિલાઓએ ISI હેડક્વાર્ટર ફૂંકી માર્યું, 40 કલાકમાં જ પાકિસ્તાનના 200 જવાનને ગોળી મારી....

**ઈસ્લામાબાદ, તા.02**

બલૂચિસ્તાનમાં બલૂચ લિબરેશન આર્મી (BLA) અને પાકિસ્તાની સેના વચ્ચેનો સંઘર્ષ અત્યારસુધીના સૌથી હિંસક વળાંક પર પહોંચી ગયો છે. BLAએ 'ઓપરેશન હેરોફ'ના બીજા તબક્કા હેઠળ પાકિસ્તાની સુરક્ષા દળો પર ચોતરફા હુમલા તેજ કર્યા છે. છેલ્લા 40 કલાકથી ચાલી રહેલી આ ભીષણ સૈન્ય કાર્યવાહીમાં BLAએ દાવો કર્યો છે કે તેમણે સેના, પોલીસ અને ફ્રન્ટિયર કોરના 200થી વધુ જવાનોને ઠાર કર્યા છે, જ્યારે 17ને બંધક બનાવ્યા છે.

બલૂચ લિબરેશન આર્મીની મજીદ બ્રિગેડે આ વખતે મહિલા ફિદાયીનોને અગ્રિમ હરોળમાં ઉતારીને પોતાની રણનીતિમાં મોટો ફેરફાર કર્યો છે. આસિફા મેંગલ અને હવા બલૂચ જેવી મહિલા લડાયકોના આત્મઘાતી હુમલાઓએ માત્ર પાકિસ્તાની સેના અને ISIને ભારે નુકસાન પહોંચાડ્યું નથી, પરંતુ આ સંઘર્ષને એક નવા અને વધુ ઘાતક વળાંક પર લાવી દીધો છે. આ હુમલાઓ બલૂચિસ્તાનનાં વ્યૂહાત્મક ઠેકાણાં અને ગુપ્તચર મુખ્યાલયો પર કેન્દ્રિત છે. 23 વર્ષીય આસિફા મેંગલ મજીદ બ્રિગેડની ત્રીજી મહિલા ફિદાયીન છે, જેણે 31 જાન્યુઆરી 2026ના રોજ નુશકી સ્થિત ISI મુખ્યાલયને પોતાનું નિશાન બનાવ્યું. 2002માં જન્મેલી આસિફા ઓક્ટોબર 2023માં BLAમાં જોડાઈ હતી. તેણે વિસ્ફોટક ભરેલી ગાડી (VBIED) દ્વારા આ ઉચ્ચ-સુરક્ષાવાળા સૈન્ય ઠેકાણાને ધ્વસ્ત કરવાનું કામ કર્યું. સંગઠન અનુસાર, આસિફાએ ફિદાયીન બનવાનો નિર્ણય જાન્યુઆરી 2024માં જ લઈ લીધો હતો, જેના પછી તેને આ જટિલ અને ઘાતક મિશન માટે વિશેષ તાલીમ આપવામાં આવી.

BLAનું કહેવું છે કે મેંગલ મોહમ્મદ ઈસ્માઈલની પુત્રી હતી. તે બલૂચિસ્તાનના નુશ્કીની રહેવાસી હતી. તેનો જન્મ 2 ઓક્ટોબર 2002ના રોજ થયો હતો. તેણે તેના 21મા જન્મદિવસ પર BLAની મજીદ બ્રિગેડમાં જોડાઈ હતી. મજીદ બ્રિગેડ આત્મઘાતી વિંગ છે. મેંગલે



જાન્યુઆરી 2024માં 'ફિદાયીન' (આત્મઘાતી હુમલાખોર) બનવાનો નિર્ણય કર્યો. મેંગલે જ શનિવારે નુશ્કીમાં ISI હેડક્વાર્ટરને નિશાન બનાવ્યું હતું. બીજી મહિલા હુમલાખોરનું નામ હજુ સામે આવ્યું નથી, જોકે કેટલીક મીડિયા રિપોર્ટ્સમાં તેને હવા બલૂચ ઉર્ફે 'દ્રોશમ' તરીકે ઓળખાવવામાં આવી રહી છે. હવા બલૂચનો એક વીડિયો વાઈરલ થયો છે. વીડિયોમાં તે બંદૂક પકડીને હસતી જોવા મળી રહી છે અને તેના સાથીઓ સાથે વાત કરી રહી છે. વીડિયોમાં જોઈ શકાય છે કે તે તેના સાથીઓને કહે છે, 'પાકિસ્તાની સરકાર ફક્ત અમારી દબાયેલી-કચડાયેલી માતાઓ-બહેનો પર પોતાની તાકાત બતાવે છે, તેઓ અમારો સીધો સામનો કરી શકતા નથી. બલૂચ રાષ્ટ્રને હવે જાગવું પડશે.' પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફે પણ પુષ્ટિ કરી છે કે આ હુમલાઓમાં મહિલા હુમલાખોરો સામેલ હતી. તાજેતરનાં વર્ષોમાં બલૂચિસ્તાનમાં આ સૌથી ઘાતક હિંસા છે, જ્યાં હુમલાખોરોએ સામાન્ય લોકોના વેશમાં શાળાઓ, હોસ્પિટલો અને બજારોમાં ઘૂસીને ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાન સરકાર અને ત્યાંની સેના બલૂચિસ્તાનમાં વર્ષોની સૌથી ઘાતક હિંસાનો સામનો કરી રહી છે. અહીં ઈરાન અને અફઘાનિસ્તાનની સરહદને અડીને આવેલા સંસાધન સમૃદ્ધ પ્રાંતમાં વિદ્રોહીઓએ સુરક્ષા દળો, નાગરિકો અને માળખાકીય સુવિધાઓ પર હુમલા વધારી દીધા છે. પાકિસ્તાનના જુનિયર આંતરિક મંત્રી (ગૃહમંત્રી) તલાલ ચૌધરીએ જણાવ્યું હતું કે હુમલાખોરો સામાન્ય નાગરિકોના વેશમાં ગોળીબાર કરતાં પહેલાં શનિવારે હોસ્પિટલો, શાળાઓ, બેંકો અને બજારોમાં ઘૂસી ગયા હતા. તેમણે કહ્યું હતું કે દરેક કિસ્સામાં હુમલાખોરો નાગરિકોના વેશમાં આવ્યા અને દુકાનોમાં કામ કરતા સામાન્ય લોકોને આડેધડ નિશાન બનાવ્યા. આતંકવાદીઓએ નાગરિકોનો માનવ ઢાલ તરીકે ઉપયોગ કર્યો હતો. બલૂચ વિદ્રોહી જૂથ બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA)એ દાવો કર્યો છે કે તેનું આક્રમક અભિયાન (જેને ઓપરેશન હેરોફ ફેઝ 2 નામ આપવામાં આવ્યું છે) બલૂચિસ્તાનના ઘણા જિલ્લાઓમાં 40 કલાકથી વધુ સમયથી ઓપરેશન ચાલી રહ્યું છે. એમાં તેણે પાકિસ્તાની સુરક્ષા દળોના મોટી સંખ્યામાં મૃત્યુ અને ઘણા શહેરી અને ગ્રામીણ સ્થળો પર નિયંત્રણનો દાવો કર્યો છે. BLAના પ્રવક્તા જીયાંદ બલૂચે 1 ફેબ્રુઆરીના રોજ બે નિવેદનો બહાર પાડ્યાં. એમાં વિદ્રોહી જૂથે કહ્યું હતું કે તેના લડવૈયાઓએ ખારન, મસ્તુંગ, ટંપ અને પસની સહિતના વિસ્તારોમાં અભિયાન પૂર્ણ કરી લીધું છે, જ્યારે દાવો કર્યો કે અન્ય સ્થળોએ લડાઈ ચાલુ છે. જૂથે એવો પણ દાવો કર્યો કે તેના લડવૈયાઓ ક્વેટા અને નોશકીના કેટલાક ભાગોમાં હાજર છે, જ્યાં તેણે કહ્યું હતું કે સરકાર અને સૈન્યની હાજરીને પીછેહઠ કરવા મજબૂર કરવામાં આવી છે.



# સ્પીડબ્રેકરમાં ખાડો-તિરાડ પડતાં અધિકારીઓએ રાતોરાત રોડ બનાવી દીધો, ભારે વાહનો પસાર થવાથી ખસી ગયો: અધિકારી

**અમદાવાદ, તા.02**

ગુજરાતની સૌથી મોટી કોર્પોરેશન એવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડની ગુણવત્તા તો ખરાબ હોય જ છે, પરંતુ હવે રોડ ઉપર વાહનોની ગતિ ધીમી કરવા માટે બનાવવામાં આવતાં બમ્પ પણ યોગ્ય રીતે બનાવવામાં આવતા નથી. જેના કારણે બમ્પ પણ હવે તૂટવા લાગ્યા છે. અમદાવાદના સ્પીડબ્રેકર હવે વાહનોની નહીં પણ જાણે કે 'વિકાસની ગતિ' ધીમી પાડતાં હોય તેમ લાગે છે. વળી કોઈ ભૂલમાંથી શીખ લઈ તેમાં સુધારા કરવાની જગ્યાએ કોર્પોરેશન હંમેશની જેમ તેમાં ઢાંકપિછાડો કરી દે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો અણઘડ વહીવટનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. એસપી રીંગ રોડ નજીક નિર્વાણા પાર્ટી પ્લોટની પાછળના ભાગે મ્યુનિસિપલ કોર્પોરેશને રોડ પર બનાવેલો બમ્પ તૂટી ગયો. બમ્પમાં એટલો મોટો ખાડો પડી ગયો કે ટુ-વ્હીલર ચાલકનું ધ્યાન ન હોય તો ચોક્કસ અકસ્માત થાય અને જાનહાનિ થાય.



આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ-પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીને પૂછતા તેમણે કહ્યું હતું કે વધારે ભારે વાહનો ત્યાંથી પસાર થતા હોવાથી આ બમ્પ ખસી ગયો.

કોર્પોરેશનના 'હોશિયાર' અધિકારીઓના ધ્યાને આવતા રાતોરાત બમ્પ દૂર કરી રોડ સરખો કરી દેવામાં આવ્યો છે. રોડ તો સરખો થઈ ગયો પણ કોર્પોરેશનની લાલિયાવાડીનો વધુ એક દ્રષ્ટાંત આપતો ગયો છે.

શહેરના એસજી હાઈવે પર નિર્વાણા પાર્ટી પ્લોટની પાછળના ભાગે મુમુદપુરાથી એલજે કોલેજ તરફ જવાના રોડ ઉપર નવો રોડ બનાવવામાં આવ્યો છે. જેના ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર વિભાગ દ્વારા ટ્રાફિક પોલીસની મંજૂરી લઈને બમ્પ બનાવવામાં આવ્યો હતો. આ બમ્પમાં ખાડો અને તિરાડ પડી તૂટી ગયો હતો. જો રાત્રે લાઈટ વિના કોઈ ટુ-વ્હીલર લઈને નીકળે અને ખાડામાં પડે તો ચોક્કસ અકસ્માત થાય એવી ખરાબ સ્થિતિમાં બમ્પ જોવા મળ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર વિભાગના ધ્યાને આ બાબત આવી હતી. રોડ ઉપર બનાવવામાં આવેલા ખરાબ બમ્પના કારણે લોકોને હાલાકી પડે એવું રાતોરાત ધ્યાન ઉપર મૂકવામાં આવતા બમ્પને હટાવવાની કાર્યવાહી કરી દેવામાં આવી હતી. આજે 2 ફેબ્રુઆરીના રોજ સવારે દક્ષિણ-પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગ દ્વારા બમ્પને તોડીને ત્યાં રોડ સરખો કરી દેવામાં આવ્યો છે.


મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ-પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગના અધિકારીને પૂછતા તેમણે કહ્યું હતું કે આ રોડ ઉપર બનાવવામાં આવેલો બમ્પ ખસી ગયો હતો. બમ્પ ખરાબ થવા પાછળનું કારણ તેમણે ભારે વાહનો ત્યાંથી પસાર થતા હોવાના કારણે આવી સ્થિતિ ઊભી થઈ હોવાનું કહ્યું હતું. વધારે ભારે વાહનો ત્યાંથી પસાર થતા હોવાથી આ બમ્પ ખસી ગયો હતો તેઓ બચાવ તેમણે કર્યો હતો.

ઈજનેર વિભાગના અધિકારીઓએ તેમની બેદરકારી છતી ન થાય તેના માટે રાતોરાત ત્યાંથી બમ્પને હટાવી દીધો હતો. ખરેખર બમ્પ કેવી રીતે તૂટી ગયો અથવા તો તેમાં બનાવવામાં કોઈ બેદરકારી હતી તે અંગે ક્યાંય કોઈપણ પ્રકારે ધ્યાન ન આવે તેના માટે રાતોરાત બમ્પ તોડી દેવામાં આવ્યો હતો અને અધિકારીઓએ પણ પોતાના બચાવ માટે રોડ બનાવી દીધો હતો.

# ખંભાત રેલવે બ્રિજની કામગીરીને પગલે માર્ગ એક વર્ષ બંધ રહેશે

**આણંદ, તા.02**

ખંભાત ખાતે રેલવે ફાટક પાસે રેલવે ઓવરબ્રિજના નિર્માણ કાર્યને કારણે ટ્રાફિક ડાયવર્ઝન જાહેર કરવામાં આવ્યું છે. જાહેર સલામતી જાળવવા અને કામગીરી ઝડપી બનાવવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ઋતુરાજ દેસાઈ દ્વારા આ નિર્ણય લેવાયો છે. આ જાહેરનામા અંતર્ગત, ભારે અને મધ્યમ વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકી વૈકલ્પિક રૂટ નક્કી કરાયા છે. આ ડાયવર્ઝન તા. 27 જાન્યુઆરી 2026 થી તા. 26 જાન્યુઆરી, 2027 સુધી, એટલે કે એક વર્ષ માટે અમલમાં રહેશે.નાના વાહનો માટે, રેલવે ફાટકથી ખોડીયાર મંદિર, ગ્રામ્ય પોલીસ ચોકી અને માધવલાલ હાઈસ્કૂલ થઈને લાલદરવાજા તરફ જવાનો રૂટ રહેશે. ખંભાત સીટી રોડ પર નાની ખોડીયાર મંદિરથી આર.સી. અમીન પેટ્રોલ પંપ તરફ જતો હયાત રસ્તો ડાયવર્ટ કરાયો છે. ભારે વાહનો કંસારીની ખોડીયાર ચોકડીથી કાણીસા ચોકડી, કાણીસા ગામથી સાંઢ ચોકડી થઈ જીણજથી દહેડા તરફ જઈ શકશે.મધ્યમ વાહનો ખંભાત તરફ આવવા માટે કાણીસા ચોકડીથી હરીયાણ, રંગપુર અને સાંઢ ચોકડી થઈને અવરજવર કરી શકશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ વિરુદ્ધ ગુજરાત પોલીસ અધિનિયમન હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. માર્ગ અને મકાન વિભાગને જરૂરી ડાયવર્ઝન બોર્ડ અને સૂચનાઓ મૂકવા આદેશ આપવામાં આવ્યો છે.




# ભક્તો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયા: ડાકોર ઓવર બ્રિજ પર 3 કિલો મીટર લાબો ટ્રાફિક જામ સર્જાયો



**નડિયાદ, તા.02**

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે પૂર્ણિમાના લઈ ડાકોર ઉમરેઠ રોડ ઉપર, ડાકોર ઠાસરા રોડ ઉપર અને ડાકોર કપડવંજ રોડ ઉપર ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો. જેના કારણે ત્રણ કિલોમીટર સુધી વાહનોની લાંબી લાઈનો લાગી હતી. ત્યારે ટ્રાફિકની સમસ્યા દર પૂર્ણિમાના વખતે ઉભી થતી હોવાના કારણે આ સમસ્યાનો કાયમી નિકાલ લાવવામાં આવે તે માંગ ઉઠવા પામી છે.

યાત્રાધામ ડાકોર ખાતે લાખોની સંખ્યામાં ભક્તો દર્શન કરવા માટે આવતા હોય છે. જેમાં હાલમાં સરકાર દ્વારા સરકારી પાર્કિંગનું ટેન્ડર પાસ કરી સંચાલન કરવામાં આવી રહ્યું છે. જેથી ડાકોરમાં આવવાના તમામ મુખ્ય માર્ગો બંધ કરી દેવામાં આવ્યા છે.

જેને કારણે ઉમરેઠ તરફથી અને ઠાસરા તરફથી આવતા વાહનો સરકારી પાર્કિંગ તરફ મોકલવામાં આવી રહ્યા છે. જોકે, હાલ સુધી તંત્ર દ્વારા કોઈપણ પ્રકારનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું નથી. તેમ છતાં સંચાલકો દ્વારા મળતીયાઓને ઉભા રાખી સરકારી પાર્કિંગ તરફ વાહનો ધકેલી રહ્યા છે.

જેના કારણે ડાકોર ઓવરબ્રિજ ઉપર ત્રણ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. ભક્તોને વાહનો કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવાનો વારો આવ્યો હતો. ત્યારે મુખ્ય માર્ગ ઉપર વારંવાર સજાતી ટ્રાફિકની સમસ્યાને તંત્ર દ્વારા કાયમી ધોરણે દૂર કરવામાં આવે તેવી માગ ઉઠવા પામી છે.

**ફ્લાવર શોમાં નિહાળેલા રોપા તમારા ઘરે લાવી શકશો**

# શહેરના અલગ અલગ વિસ્તારની ચાર નર્સરી પરથી ખરીદી કરાશે, પ્રતિ રોપાનો ભાવ રૂ. 10 થી 235.....

**અમદાવાદ, તા.02**

સાબરમતી રિવરફ્રન્ટ પર 1 જાન્યુઆરીથી 29 જાન્યુઆરી સુધી યોજાયેલા ફ્લાવર શોમાં અલગ અલગ જાતિના રોપાઓ રાખવામાં આવ્યા હતા. જે રોપાનું વેચાણ કરવાનું નિર્ણય મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડન વિભાગ લેવામાં આવ્યો છે. શહેરમાં આવેલી ચાર જેટલી મ્યુનિસિપલ કોર્પોરેશનની નર્સરીઓ ઉપરથી આ તમામ અલગ અલગ પ્રજાતિના રોપાઓ નાગરિકો ખરીદી શકશે. પ્રતિ રોપાનો ભાવ 10 રૂપિયાથી લઈને 235 રૂપિયા સુધી રાખવામાં આવ્યો છે. નાગરિકો 1 નંગથી લઇ 1,000થી વધારે ફુલના રોપાઓ લઈ શકશે.



સાબરમતી રિવરફ્રન્ટ પર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ ફૂલના રોપાઓ વાવવામાં આવ્યા હતા અને તેનું પ્રદર્શન નાગરિકોએ નિહાળ્યું હતું. જેમાં ગજેનીયા, ડાયન્થસ, સિલોસીયા, વિન્કા, કેલેન્ડુલા, ઓર્નામેન્ટલ કેલ, બીગોનીયા, હાયપોસ્ટીસ, સિલ્વર ડસ્ટ, પીટુનીયા, યુફોર્બીયા, કોલીયસ, સેવંતી, સાલ્વીયા, એસ્ટર, ડાયન્થસ, પીટુનીયા, ગ્રીન-રેડ અલ્ટનેન્થેરા વગેરે પ્રકારના રોપાઓ હતા. આ રોપાઓને વેચવાનો નિર્ણય મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવામાં આવ્યો છે જે શહેરના ચાંદખેડા, એલિસબ્રિજ, નવરંગપુરા અને સાયન્સ સીટી વિસ્તારમાં આવેલી નર્સરીઓ ખાતે વેચાણ કરવામાં આવશે.

રિવરફ્રન્ટ પર યોજાયેલા ફ્લાવર શોમાં જે ફૂલો ના રોપા ની જાત વેચાણ કરવાની છે તેના માટે 1થી 100 નંગ, 100 નંગથી 1000 નંગ અને 1000થી વધુ નંગના ભાવો નક્કી કરવામાં આવ્યા છે. અલગ અલગ જાતના ભાવો રાખવામાં આવ્યા છે જેમાં 10 રૂપિયાથી શરૂ કરીને 235નો ભાવ રાખવામાં આવ્યો છે. જો એક સાથે વધારે રોપાવો ખરીદવામાં આવે તો તેના માટેનો ભાવ ઓછો રાખવામાં આવ્યો છે. ડાયન્થસ, પીટુનીયા, ગ્રીન-રેડ અલ્ટનેન્થેરા વગેરે પ્રકારના રોપાઓ માત્ર 1000 નંગ સુધી જ લઈ જઈ શકાશે. આ રોપાવો ખૂબ ઓછા હોવાના કારણે એટલા મોટા પ્રમાણમાં લઈ જઈ શકાશે નહીં.

# તારાપુરથી આણંદ માટે 2 નવી ST બસ શરૂ: સોજીત્રા ચોકડી, પીપળાવ થઈ મુસાફરોને સુવિધા મળશે

**આણંદ, તા.02**

તારાપુર બસ સ્ટેન્ડ ખાતેથી આણંદ જતી બે નવી સરકારી ST બસોનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ બસો સોજીત્રા ચોકડી, પીપળાવ અને બાંધણી ચોકડી થઈને આણંદ પહોંચશે. ધારાસભ્ય વિપુલ પટેલે લીલીઝંડી બતાવીને આ નવીન બસોને પ્રસ્થાન કરાવ્યું હતું. ધારાસભ્ય વિપુલ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, અગાઉ પણ સરકાર અને ST વિભાગ દ્વારા ત્રણ બસો શરૂ કરવામાં આવી હતી. હવે આ નવી બે બસોના ઉમેરા સાથે તારાપુરથી આણંદ સુધી કુલ પાંચ બસો કાર્યરત થઈ છે. આનાથી તારાપુરથી આણંદ અવરજવર કરતા મુસાફરોને પડતી હાલાકી દૂર થશે અને તેમના સમય તથા નાણાંની બચત થશે. આ શુભારંભ પ્રસંગે સંગઠનના હોદ્દેદારો, પદાધિકારીઓ, વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, આગેવાનો, ST વિભાગના અધિકારીઓ, કાર્યકર્તાઓ અને મુસાફરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# ખેડા વાત્રક નદી બ્રિજ પર અકસ્માત: આઇસર અને બાઇક અથડાયા, બાઇકચાલકને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો

**નડિયાદ, તા.02**

ખેડા નજીક વાત્રક નદી પરના નવા બ્રિજ પર ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં એક આઈસર અને બાઈક વચ્ચે ટક્કર થતાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ થઈ હતી. પ્રાથમિક માહિતી અનુસાર, હરિયાળા તરફથી આવી રહેલા આઈસર સાથે બાઈક ધડાકાભેર અથડાયું હતું. અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈકને પણ નુકસાન થયું હતું. અકસ્માત બાદ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઘાયલ બાઈક ચાલકને ખેડા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ત્યાં ફરજ પરના તબીબે પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલ રિફર કર્યો હતો.



# ફ્રી ફાયર ગેમથી કોન્ટેક્ટ ને યુવકનું સગીરા પર દુષ્કર્મ, અમદાવાદથી અપહરણ કરીને બંગાળ લઈ જતી વખતે ટ્રેનમાંથી ઝડપાયો.....

**અમદાવાદ, તા.02**

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં રહેતી એક સગીરાને ફ્રી ફાયર ગેમ રમતાં રમતાં પશ્ચિમ બંગાળના યુવક સાથે સંપર્ક થયો હતો. સગીરા અને યુવક સંપર્કમાં આવ્યાં બાદ યુવક સગીરાને મળવા અમદાવાદ આવ્યો હતો. સગીરાના ઘરે યુવકે તેની સાથે દુષ્કર્મ કર્યું અને તેનું અપહરણ કરીને પશ્ચિમ બંગાળ લઈ જઈ રહ્યો હતો. આ દરમિયાન પોલીસે ખડગપુર રેલવે સ્ટેશનથી યુવકને સગીરા સાથે ઝડપી પાડ્યો હતો.

વેજલપુર વિસ્તારમાં રહેતી 16 વર્ષની સગીરા ધોરણ 12 સાયન્સમાં અભ્યાસ કરે છે. તેની પાસે રહેલા સ્માર્ટફોનમાં તે ફ્રી ફાયર ગેમ રમતી હતી. આ ગેમ રમતાં રમતાં સગીરાનો સંપર્ક પશ્ચિમ બંગાળમાં રહેતા આશિક ઉર્ફે અરમાન મહમદ અઝગર સાથે થયો હતો. બંને છેલ્લા દોઢ વર્ષથી એકબીજાના સંપર્કમાં હતાં. બંને એકબીજાનો મોબાઈલ નંબર મેળવીને વ્હોટ્સએપ પર પણ વાતચીત કરતાં હતાં.



22 જાન્યુઆરીએ યુવક પશ્ચિમ બંગાળથી સગીરાને મળવા માટે અમદાવાદ આવ્યો હતો. યુવક સગીરાના ઘરે કોઈ ન હોવાથી તેને મળવા ગયો હતો. યુવકે સગીરાના ઘરમાં જ દુષ્કર્મ આચર્યું હતું. એ બાદ સગીરાને ફોસલાવીને અપહરણ કરીને 23 જાન્યુઆરીએ ટ્રેનમાં બેસાડી અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશનથી પશ્ચિમ બંગાળ જઈ રહ્યો હતો.

સગીરાના પરિવારે સગીરાના અપહરણ થયા અંગેની પોલીસને જાણ કરી હતી. પોલીસે તપાસ કરતાં યુવક સગીરાને લઈને ટ્રેનમાં બંગાળ જવા રવાના થઈ ગયો હતો. જેથી પોલીસે ટેક્નિકલ એનાલિસિસના આધારે બંને ખડગપુર પહોંચ્યા ત્યારે રેલવે પોલીસને જાણ કરી હતી. ખડગપુર પોલીસે યુવકને ટ્રેનમાંથી સગીરા સાથે ઝડપી લીધો હતો. વેજલપુર પોલીસની ટીમ ખડગપુર પહોંચી હતી. પોલીસે ખડગપુરથી યુવકની ધરપકડ કરી હતી. જ્યારે સગીરાને તેના પરિવારને સોંપી હતી.

એમ ડિવિઝન એસીપી એ.બી વાળંદે જણાવ્યું હતું કે હાલ યુવકનો મેડિકલ રિપોર્ટ કરવામાં આવશે. એ બાદ આગળની કાર્યવાહી કરાશે. આરોપી યુવક બંગાળમાં છૂટક મજૂરી કરે છે.

# રાજ્યમાં તાપમાનમાં 3 ડિગ્રી સુધીનો ઘટાડો થશે: વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ફરી ઠંડીનું પ્રમાણ વધશે

**અમદાવાદ, તા.02**

રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો નથી. રાજ્યમાં સૌથી ઓછું તાપમાન કચ્છના નલિયા વિસ્તારમાં 12.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં મધ્ય મહારાષ્ટ્રથી દક્ષિણ હરિયાણા સુધી એક ટ્રફ સિસ્ટમ સક્રિય છે, જે સમુદ્ર સપાટીથી અંદાજે 0.9 કિમીની ઊંચાઈ પર સ્થિત છે. આ સિસ્ટમના કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં આંશિક વાદળછાયું વાતાવરણ જોવા મળી શકે છે.

આ ઉપરાંત, ઉત્તર પાકિસ્તાન ઉપર એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાયું છે, પરંતુ તેની રાજ્યના હવામાન પર કોઈ ખાસ અસર થવાની શક્યતા નથી. જ્યારે આગામી 7 દિવસની આગાહી મુજબ, સમગ્ર રાજ્યમાં હવામાન સૂકું રહેશે. લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ઘટાડો કે મહત્વપૂર્ણ ફેરફાર થવાની સંભાવના નથી. દરિયાકાંઠાના વિસ્તારો માટે હવામાન વિભાગે જણાવ્યું છે, કે હાલમાં માછીમારો માટે કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી નથી. જોકે, ઉત્તર અને ઉત્તર-પૂર્વીય પવનો 15થી 20 નોટની ઝડપે ફૂંકાવાની શક્યતા છે.



હવામાન નિષ્ણાત એ. ટી. દેસાઈના જણાવ્યા અનુસાર, આજે રાતથી રાજ્યમાં લગભગ 3 ડિગ્રી સેલ્સિયસ આસપાસ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં તાપમાનનો બદલાવ જોવા મળી શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે આજ રાતથી રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધશે.

# બસ સ્ટેશનમાં ભક્તોનો જમાવડો થયો: ડાકોર બસ સ્ટેશનમાં પૂર્ણિમાના દિવસે બસો ઓછી પડતા ભક્તોને હલાકી



**નડિયાદ, તા.02**

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે મહા સુદ પૂર્ણિમાને લઇ પાંચ લાખથી વધુ હરિભક્તો દર્શન કરવા માટે આવી પહોંચ્યા હતા. જેને લઈ વડોદરા સુરત અમદાવાદ નડિયાદ મહેમદાવાદ તરફ જાતિ બસોની અછત જોવા મળી હતી. જો કે તંત્ર દ્વારા પૂર્ણિમાને લઈ 35 બસો એક્સ્ટ્રા મૂકવામાં આવી હતી. તેમ છતાં પણ બસ મથકમાં ભક્તોનો ભારે જમાવડો જોવા મળ્યો હતો.

યાત્રાધામ ડાકોર ખાતે મહાસુદ પૂનમને લઈ મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. જેમાં દિવસ દરમિયાન પાંચ લાખથી વધુ હરિભક્તો ઠાકોરજીના દર્શન કરી ધન્ય બન્યા હતા. ત્યારે દર્શન કરીને પરત ફરી રહેલા ભક્તોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

જેમાં ડાકોર બસ સ્ટેશનમાં બસોની અછત હોવાના કારણે 3,000 થી વધુ મુસાફરો બપોરના સમયે બેસી રહ્યા હતા. જોકે એસટી વિભાગ દ્વારા 35 બસો એક્સ્ટ્રા ફાળવવામાં આવી હતી. તેમ છતાં મોટી સંખ્યામાં ભક્તો આવતા હોવાને લઈ અમદાવાદ વડોદરા સુરત નડિયાદ મહેમદાવાદ જતા ભક્તોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

આ સાથે ભક્તોની ભારે અવર-જવર હોવાને લઈ બસની ક્ષમતા કરતા પણ વધારે મુસાફરો ભરી દેવામાં આવ્યા હતા. ત્યારે પૂર્ણિમાને લઈ ડાકોર ખાતે આવતા દર્શનાર્થીઓ માટે સ્પેશિયલ બસો વધુ મૂકવામાં આવે તેવી ભક્તો દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

# કેનેડાના PR વિઝા આપવાનું કહી ઠગ દંપતીએ 31 લાખ પડાવ્યાં: રુચિતા અને હાર્દવે પ્રોસેસના નામે બે મિત્ર પાસેથી પૈસા ખંખેરી દ્વિશા કન્સલ્ટન્સીને તાળા મારી દીધા.....

**અમદાવાદ, તા.02**

અમદાવાદના બે મિત્રોને કેનેડા PR વિઝા આપવાનું કહીને ઠગ દંપતીએ 31 લાખનો ચૂનો લગાવ્યો છે. વિઝાના નામે પ્રોસેસ શરૂ કરી હતી, જેમાં શરૂઆતમાં જ કુલ રકમના 30 ટકા આપવાનું કહીને બંને મિત્રો પાસેથી 31 લાખ લઈ લીધા લીધા હતા. જોકે બાદમાં બંને દંપતી ગાયબ થઈ ગયા હતા, જેથી યુવકે સોલા પોલીસ સ્ટેશનમાં દંપતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. નિકોલમાં રહેતા સંદીપ પટેલ ફાર્મા કંપનીમાં ટેકનિશિયન તરીકે નોકરી કરે છે. સંદીપભાઈને કેનેડા જવાનું હોવાથી તેમના મિત્ર કેતન પટેલના રેફરન્સથી સોલામાં આવેલી દ્વિશા કન્સલ્ટન્સીનો સંપર્ક કર્યો હતો. ફેબ્રુઆરી, 2023માં કન્સલ્ટન્સીની ઓફિસ ગયા ત્યારે ત્યાં રુચિતા બાબુ અને હાર્દવ બાબુ મળ્યા હતા. સંદીપભાઈ અને તેમના પત્ની તથા દીકરીના કેનેડા PR વિઝા કરી આપવાનું કહીને બંનેએ 58 લાખ થશે, તેવું જણાવ્યું હતું. સંદીપભાઈ વિશ્વાસ કરીને પ્રોસેસ શરૂ કરાવી હતી. પ્રોસેસ શરૂ કરી ત્યારે જ એડવાન્સ પેટે 30 ટકા આપવાનું કહ્યું હતું, જેથી સંદીપભાઈએ ટુકડે-ટુકડે 16 લાખ રૂપિયા આપ્યા હતા. પૈસા આપ્યા બાદ સંદીપભાઈએ જ્યારે સંપર્ક કર્યો, ત્યારે બંનેનો સંપર્ક થતો જ નહતો. સંદીપભાઈ સોલા ખાતેની કન્સલ્ટન્સીની ઓફિસ ગયા હતા, ત્યારે ઓફિસ પણ બંધ હતી. સંદીપભાઈને જાણ થઈ હતી કે બંને કેનેડા જતા રહ્યા છે. દંપતીએ સંદીપભાઈ પાસેથી 16 લાખ અને તેમના મિત્ર પાસેથી વિઝા આપવાના બહાને 15 લાખ લીધા હતા.



# ટેનિસ કોચે તેના સ્ટુડન્ટના ઘરેથી 12.20 લાખના દાગીના ચોર્યા: સાયન્સ સિટીમાંથી ચોરીને 10 લાખમાં શિવરંજનીના જ્વેલર્સને વેચી દીધા.....

**અમદાવાદ, તા.02**

અમદાવાદના સાયન્સ સિટી રોડ પરના એક મકાનમાંથી ટેનિસ કોચે લાખો રૂપિયાના દાગીનાની ચોરી કરી છે. ટેનિસ કોચ મકાન માલિકના દીકરાને ટેનિસ શીખવાડવા આવતો હતો. કોચ રાબેતા મુજબ આવ્યો હતો. કોચે મોકો મળતા 12.20 લાખના દાગીના ચોરી કરી મિત્ર મારફતે શિવરંજનીના જ્વેલર્સને 10 લાખમાં વેચી દીધા હતા.આ અંગે સોલા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.



સાયન્સ સિટી ખાતે ગ્રીન વ્યુ એપાર્ટમેન્ટમાં ગૌરવ દિક્ષિત તેમના બે બાળકો અને પત્ની સાથે રહે છે. ગૌરવભાઈ સિક્યુરિટી એજન્સી ચલાવે છે. ગૌરવભાઈનો દીકરી ટેનિસ રમે છે. દીકરાને ટેનિસ કોચિંગ માટે ક્યારેક તેમના પત્ની મૂકવા જાય છે તો ક્યારેક કોચ વેદિક લેવા આવે છે. 19 ડિસેમ્બરે પણ વેદિક ગૌરવભાઈના દીકરાને લેવા આવ્યો હતો. આ દરમિયાન વેદિક લાબા સમય સુધી ઘરમાં રહ્યો હતો. ગૌરવભાઈનો દીકરી બીમાર હોવાથી તે દિવસે કોચિંગ માટે ગયો ન્હોતો, પરંતુ વેદિકે બાથરૂમ જવાનું કહીને એક રૂમમાં ગયો હતો. જે બાદ વેદિક ફોન આવ્યો કહીને ઝડપથી જતો રહ્યો હતો. 23 ડિસેમ્બરના રોજ ગૌરવભાઈ રૂમમાં ગયા ત્યારે રૂમમાંથી 12 લાખના સોનાનાં અને 20 હજારના ચાંદીના દાગીના ચોરી થયા હતાં. આ દિવસની વેદિક આવ્યો હોવાથી તેમને વેદિક પર જ શંકા હતી. ગૌરવભાઈએ વેદિકને ફોન કરતા વેદિકનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. ગૌરવભાઈ વેદિકની સાથે કામ કરતા નેમ શાહને મળ્યા હતા ત્યારે નેમ શાહે જણાવ્યું હતું કે, વેદિક દાગીના આપીને ગયો હતો અને કહ્યું છે કે દહીં વેચી દેજે માર પત્નીના છે,મારે પૈસાની જરૂર છે જેથી દાગીના વેચીને પૈસા મને આપજે. નેમ શાહે શિવરંજની બી.જી જ્વેલર્સમાં ચોરીના દાગીના વેચી દીધા હતા. આ દાગીનાના 10.09 લાખ આવ્યા હતા જે વેદિકને આપ્યા હતાં. આ અંગે ગૌરવભાઈએ વેદિક સામે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સોલા પોલીસ દ્વારા ચોરીના દાગીના બી.જી જ્વેલર્સમાંથી રીકવર કરવામાં આવશે. પોલીસ દ્વારા તપાસ કરવામાં આવશે કે નેમને ચોરીના દાગીના હોવાની જાણ હતી કે કેમ. શિવરંજનીના બી.જી જ્વેલર્સમાં પણ તપાસ કરવામાં આવશે કે જ્વેલર્સ ક્યાં આધાર પર દાગીના ખરીદીને 10 લાખ રૂપિયા આપ્યા હતા. જો ચોરીના દાગીના કોઈ આધાર પુરાવા વિના ખરીધ્યા હશે તો જ્વેલર્સ સામે પણ કાર્યવાહી કરવામાં આવી શકે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# પાકિસ્તામાં બે દાયકા બાદ વસંતનું પુનરુત્થાન: કડક સુરક્ષા સાથે ત્રણ દિવસીય પતંગ મહોત્સવ

## લાહોરમાં વસંતપંચમીનો તહેવાર પાછો આવ્યો, તેની સાથે ઉજવણી અને સંસ્કૃતિ પણ પરત ફરી છે

ઈસ્લામાબાદ, તા.02

લગભગ બે દાયકાથી પાકિસ્તાન વસંતપંચમીના તહેવારોના રંગોથી વંચિત રહ્યું છે. એક આખી પેઢી વસંતની યાદોના ફોટોઓ અને કૌટુંબિક વાર્તાઓ શાંભળીને તહેવાર વિશે જાણીને મોટી થઈ છે. લાહોરની શેરીઓમાં અને છતો પર ગુંજતો 'બો કાટા' નો અવાજ ફક્ત એક સ્પર્ધા જ નહીં પરંતુ સાંસ્કૃતિક પ્રતિક્રિયાનું એક માધ્યમ હતો. વર્ષોથી આકાશ અને લોકોના ઘરોની છત શાંત હતી. પતંગ ચઢાવત દોરીઓથી કપાઈ ગયેલી આંગળીઓ, ધાબા ઉપરની ભીડ અને મોજમસ્તીની યાદો એક સ્મરણ બની ગઈ હતી. આજે પણ પતંગની ઉજવણીની ભાવના કોઈના મનનમાં ઓછી થઈ ન નથી. પાકિસ્તામાં વસંત પંજાબનો સૌથી મોટો સાંસ્કૃતિક ઉત્સવ છે. જે લાહોરની ઓળખમાં ઊંડે સુધી વણાયેલો, વર્ષોથી આ તહેવાર ઉજવામાં ન આવતો હોવાથી આકાશ ખાલી જ નહીં, પણ સાંસ્કૃતિક શાંતિ પણ છવાઈ જતી.

એક સમયે 'પતંગોના શહેર' તરીકે ઓળખાતું લાહોર આજે તેની સૌથી જીવંત ઓળખ ગુમાવી ચૂક્યું હતો. વસંત પંચમીની તારીખ પરંપરાગત રીતે હિન્દુ કેલેન્ડર દ્વારા નક્કી કરવામાં આવે છે.



સુરક્ષા કારણોસર 2007માં આ તહેવાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, મુખ્યત્વે મૃત્યુ અને ગંભીર ઈજાઓની સંખ્યામાં વધારો થવાને કારણે. પ્રતિબંધના કારણે શહેરની એક આખી પેઢીને તે સાંસ્કૃતિક વારસાથી વંચિત રહી.

છેલ્લા 20 વર્ષના પ્રતિબંધ પછી, કડક સુરક્ષા માળખા હેઠળ, વસંતપંચમી તહેવાર તારીખ 6, 7 અને 8 ફેબ્રુઆરી 2026 એ ઉજવવા આવશે છે. 1 થી 8 ફેબ્રુઆરી સુધી પતંગોના વેચાણ અને ખરીદીને મંજૂરી આપવામાં આવી છે. મોટા અવાજે સંગીત, ડીજે અને સાઉન્ડ સિસ્ટમ પર સખત પ્રતિબંધ મૂકવામા આવ્યો છે.

પંજાબમાં 2001 માં પતંગ ઉડાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, પ્રતિબંધો હોવા છતાં, દર વર્ષે ઘણા લોકોના કોટેડ ધાતુના તારો, કાંચની દોરીના કારણે જીવ ગુમાવતા હોવાથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ધાતુ, રાસાયણિક, કાચથી કોટેડ, નાયલોન અથવા અન્ય કોઈપણ જોખમી પતંગના દોરીનો ઉપયોગ, કબજો, વેચાણ અથવા વેચવા પર પ્રતિબંધિત છે. બધી પ્રવૃત્તિઓ લાગુ કાયદા અનુસાર જ કરવી જોઈએ.

લાહોરમાં વસંતની ઉત્પત્તિ ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરંપરાઓનો એક અનોખો સંગમ છે. બાર માસમાં જો કોઈ ઋતુની રાહ જોવાતી હોય તો તે છે વસંત. લાહોરમાં વસંતએ પ્રાચીન હિન્દુ તહેવાર વસંત પંચમી પર આધારિત છે, જે માઘ મહિનાના પાંચમા દિવસે ઉજવવામાં આવે છે. મૂળરૂપે, તે પીળા સરસવના ફૂલોના ખીલવા સાથે લણણી અને વસંતના આગમનની ઉજવણી કરતું હતું.

શીખ પ્રભાવ: 19મી સદીમાં મહારાજા રણજીત સિંહના શાસનકાળ દરમિયાન લાહોરમાં વસંતનો ભવ્ય ઉજવણી થયો હતો. તેમણે રાજદરબારમાં વસંત મેળાઓનું આયોજન જ નહોતું કર્યું, પરંતુ પતંગ ઉડાડવાને પણ આ તહેવારનો એક આવશ્યક ભાગ બનાવ્યો હતો. રણજીત સિંહ અને તેમની રાણી મોરન પીળા વસ્ત્રો પહેરીને વ્યક્તિગત રીતે પતંગ ઉડાડતા હતા.

સૂફી પ્રભાવ: 12મી સદી દરમિયાન, સૂફી કવિ અમીર ખુસરોએ તેને સૂફી દરગાહો (જેમ કે નિઝામુદ્દીન ઔલિયાની દરગાહ) માં દાખલ કર્યો, ધીમે ધીમે તેને મુસ્લિમ સમુદાયમાં પણ એક સાંસ્કૃતિક ઓળખ બનાવી.

હકીકત રાયની શહાદત: લાહોરમાં વસંતનો ૧૮મી સદીના યુવાન હકીકત રાય સાથે પણ ઐતિહાસિક સંબંધ છે, જે આ દિવસે પોતાની શ્રદ્ધા માટે શહીદ થયા હતા. તેમની યાદમાં લાહોરમાં એક મોટો મેળો ભરાયો હતો.

આધુનિક લાહોરનુ સસ્વરૂપ: સમય જતાં, તે ધાર્મિક સીમાઓ પાર કરીને એક બિનસાંપ્રદાયિક સાંસ્કૃતિક ઉત્સવ બની ગયો, જ્યાં લોકો તેમના છાપરા પરથી પતંગ ઉડાડતા, પીળા કપડાં પહેરતા અને સંગીત સાથે ઉજવણી કરતા.

# બ્રિટિશ-પ્રિન્સે એપસ્ટીનને પોતાની દીકરીઓની તસવીરો મોકલી હતી: દીકરીએ પિતા સાથે સંબંધ તોડ્યો હતો

## સર્વાઈવરે કહ્યું- શાહી મહેલમાં સેક્સ માટે મજબૂર કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા.02

બ્રિટિશ પ્રિન્સ એન્ડ્રુએ 2008માં યૌન અપરાધી જેફ્રી એપસ્ટીનને પોતાની દીકરીઓની તસવીરો મોકલી હતી. આ ખુલાસો 2010 અને 2011ના ઈમેઈલ્સથી થયો છે, જેને જસ્ટિસ ડિપાર્ટમેન્ટે 30 જાન્યુઆરીએ જાહેર કર્યા હતા. આ ઈમેઈલ્સમાં પ્રિન્સેસ બીટ્રિસ અને પ્રિન્સેસ યુજેનીની તસવીરો શામેલ છે. ત્યારબાદ 20 ડિસેમ્બર 2012ના રોજ બીજું કાર્ડ મોકલવામાં આવ્યું. તેમાં કુલ 4 તસવીરો હતી. બે તસવીરોમાં પ્રિન્સેસ બીટ્રિસને ફેબ્રુઆરી 2012માં મોન્ટ બ્લેન્ક પર ચઢતા દર્શાવવામાં આવી છે, જ્યારે પ્રિન્સેસ યુજેની જૂન 2012માં 'નાઈટ રાઈડર' ચેરિટી સાયકલ ઈવેન્ટમાં જોવા મળે છે.

તે જ સમયે, આ મહિનાની શરૂઆતમાં, પ્રિન્સેસ યુજેનીએ વિવાદો વચ્ચે એન્ડ્રુ સાથેના તમામ સંપર્કો તોડી નાખ્યા છે. બીજા કિસ્સામાં, એક મહિલાના વકીલે બીબીસીને જણાવ્યું કે પ્રિન્સ એન્ડ્રુ સાથે શારીરિક સંબંધ બાંધવા માટે એપસ્ટીને તેમને બળજબરીથી પ્રિન્સ એન્ડ્રુના નિવાસસ્થાન રોયલ લોજ મોકલ્યા હતા.

આ તસવીરો તે સમયે મોકલવામાં આવી હતી, જ્યારે એન્ડ્રુ દાવો કરી ચૂક્યા હતા કે તેમણે એપસ્ટીન સાથેના તમામ સંબંધો સમાપ્ત કરી દીધા છે. બ્રિટિશ અખબાર 'ધ સન' અનુસાર તે સમયે યુજેની 21 વર્ષની અને



બીટ્રિસ 23 વર્ષની હતી.

નવા દસ્તાવેજો અનુસાર, 21 ડિસેમ્બર 2011ના રોજ 'HRH ધ ડ્યુક ઓફ યોર્ક' ઈમેલ આઈડી પરથી એપસ્ટીનને એક ક્રિસમસ કાર્ડ મોકલવામાં આવ્યું હતું. તેમાં બંને બહેનોની બરફમાં લીધેલી તસવીર હતી. કાર્ડ પર એન્ડ્રુની સહી હતી.

બ્રિટનના પીએમ કીર સ્ટાર્મરે પ્રિન્સ એન્ડ્ર્યુને અમેરિકી સંસદની કમિટી સમક્ષ જુબાની આપવા જણાવ્યું છે. અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટના દસ્તાવેજોમાં એન્ડ્ર્યુ એક મહિલા ઉપર ઘૂંટણિયે પડેલા દેખાઈ રહ્યા છે, જે જમીન પર સૂતી છે. તેઓ મહિલાના પેટ અને કમરને સ્પર્શ કરતા જોવા મળે છે. મહિલાની ઓળખ જાહેર કરવામાં આવી નથી અને તેણે સંપૂર્ણ કપડાં પહેર્યા છે. જેફ્રી એપસ્ટીને એન્ડ્રુને 26 વર્ષની એક રશિયન મહિલા સાથે ડિનર પર બોલાવવાની વાત કહી હતી.

11 અને 12 ઓગસ્ટ 2010 ના ઈમેઈલમાં, એપસ્ટીન 26 વર્ષની રશિયન મહિલા સાથે એન્ડ્રુની મુલાકાત કરાવવા માંગતો હતો. તેના જવાબમાં, એન્ડ્રુએ લખ્યું કે તેમને મહિલાને મળવામાં ખુશી થશે.

બ્રિટનના કિંગ ચાર્લ્સે ગયા વર્ષે ઓક્ટોબરમાં તેમના નાના ભાઈ એન્ડ્રુ પાસેથી 'પ્રિન્સ'નો ખિતાબ અને તમામ શાહી પદવીઓ પાછી લઈ લીધી હતી. તેમને વિન્ડસર સ્થિત તેમના ભવ્ય ઘર 'રોયલ લોજ' ખાલી કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો હતો.

પીડિતા વર્જિનિયા ગિફ્રેએ આરોપ લગાવ્યો હતો કે 2001માં જ્યારે તે 17 વર્ષની હતી ત્યારે પ્રિન્સ એન્ડ્રુએ તેનું યૌન શોષણ કર્યું હતું. 65 વર્ષના એન્ડ્રુ દિવંગત ક્વીન એલિઝાબેથના બીજા પુત્ર છે. એન્ડ્રુનું નામ લાંબા સમયથી અમેરિકી અપરાધી જેફ્રી એપસ્ટીન સાથે જોડાયેલું રહ્યું છે. એન્ડ્રુને ડ્યુક ઓફ યોર્કનો ખિતાબ વાપરવાથી પણ રોકી દેવામાં આવ્યો હતો.

બકિંગહામ પેલેસે જણાવ્યું હતું કે શાહી પદવીઓ છીનવાઈ ગયા પછી હવે પ્રિન્સ એન્ડ્રુને 'એન્ડ્રુ માઉન્ટબેટન-વિન્ડસર' નામથી ઓળખવામાં આવશે. અત્યાર સુધી પ્રિન્સ એન્ડ્રુને 'પ્રિન્સ એન્ડ્રુ ડ્યુક ઓફ યોર્ક' નામથી ઓળખવામાં આવતા હતા.

માઉન્ટબેટન-વિન્ડસર નામ 1960માં બનાવવામાં આવ્યું હતું. આ નામ બ્રિટનની દિવંગત મહારાણી એલિઝાબેથ દ્વિતીય અને તેમના પતિ પ્રિન્સ ફિલિપ બંનેના પારિવારિક નામોને ભેગા કરીને બન્યું છે.

# દાવો-મક્કાના કાબાનું પવિત્ર કાપડ એપસ્ટીનને ગિફ્ટ: UAEની મહિલા ઉદ્યોગપતિએ મોકલ્યું, તેને 1 કરોડ મુસલમાનોએ સ્પર્શ કર્યો હતો....

રિયાદ, તા.02

અમેરિકન યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન સાથે સંકળાયેલી નવી જાહેર થયેલી ફાઈલોમાં ખુલાસો થયો છે કે 2017માં મક્કા સ્થિત કાબા સાથે સંકળાયેલા પવિત્ર કપડાના ત્રણ ટુકડા અમેરિકા મોકલવામાં આવ્યા હતા. આ માલસામાન એપસ્ટીનના ફ્લોરિડા ખાતે ઘર સુધી પહોંચ્યો હતો.

દસ્તાવેજો અનુસાર, ફેબ્રુઆરી અને માર્ચ 2017માં આ શિપમેન્ટ UAE સાથે સંકળાયેલી એક બિઝનેસવુમન અઝીઝા અલ-અહમદીએ સાઉદી અરેબિયાના એક વ્યક્તિ અબ્દુલ્લાહ અલ-મારી સાથે મળીને કરાવી હતી.

ઈમેઈલ્સમાં જણાવવામાં આવ્યું છે કે આ ત્રણેય ટુકડા 'કિસ્વા' સાથે સંકળાયેલા હતા. કિસવા કાળા રંગનું સોનેરી ભરતકામવાળું કપડું હોય છે, જે કાબાને ઢાંકે છે. ઈસ્લામમાં તેને પવિત્ર માનવામાં આવે છે. હજ દરમિયાન કરોડો મુસલમાનો તેને સ્પર્શ કરે છે.

ઈમેઈલ્સમાં એ સ્પષ્ટ નથી કે અલ-અહમદીની એપસ્ટીન સાથે મુલાકાત કેવી રીતે થઈ અથવા આ પવિત્ર ટુકડા તેને શા માટે મોકલવામાં આવ્યા. દસ્તાવેજોમાં તેનો કોઈ સીધો જવાબ મળતો નથી.

અમેરિકન ન્યાય વિભાગે 30 જાન્યુઆરીએ જેફ્રી એપસ્ટીન તપાસ સાથે સંકળાયેલા લગભગ 30 લાખ પાનાના દસ્તાવેજો,



2,000 વીડિયો અને 1.8 લાખ તસવીરો જાહેર કરી છે.

ઈમેઈલ્સ પરથી જાણવા મળે છે કે આ ત્રણ ટુકડા સાઉદી અરેબિયાથી બ્રિટિશ એરવેઝ દ્વારા વિમાનથી અમેરિકાના ફ્લોરિડા મોકલવામાં આવ્યા હતા. તેમાં કસ્ટમ, ઈન્વોઈસ અને અમેરિકામાં ડિલિવરીની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ ત્રણ ટુકડાઓમાંથી એક કાબાના અંદરનો ભાગ હતો, બીજો બહારના સ્તરનો ઉપયોગ કરાયેલો ટુકડો હતો અને ત્રીજો ઉપયોગ ન કરાયેલો ટુકડો હતો. ઈમેઈલ્સમાં આ ટુકડાને 'આર્ટવર્ક' તરીકે વર્ગીકૃત કરીને શિપમેન્ટને સરળ બનાવવાની વાત કહેવામાં આવી છે. આ શિપમેન્ટ માર્ચ 2017માં એપ્સટીનના ઘરે પહોંચ્યું. તે સમયે એપ્સટીન જેલની સજા ભોગવી ચૂક્યો હતો અને યૌન ગુનેગાર તરીકે નોંધાયેલ હતો.

અન્ય એક ઈમેલમાં એપ્સટીનની લાંબા સમયથી આસિસ્ટન્ટ રહેલી લેસ્લી ગ્રોફે અલ-અહમદીને ડીએનએ ટેસ્ટિંગ કિટ મોકલી હતી. તે સ્પષ્ટ નથી કે આ કિટ કયા હેતુથી મોકલવામાં આવી હતી.

આ ઉપરાંત, શુક્રવારે સાંજે જારી કરાયેલા એક FBI મેમોમાં કહેવામાં આવ્યું છે કે એપ્સટીન અમેરિકન અને ઈઝરાયેલી ગુપ્તચર એજન્સીઓ સાથે કામ કરતા હતા. મેમોમાં લખ્યું છે કે 'એપ્સટીન પૂર્વ ઈઝરાયેલી વડાપ્રધાન એહુદ બરાકના નજીક હતા અને તેમના હેઠળ જાસૂસ તરીકે ટ્રેનિંગ લીધી હતી.'

કિસ્વા કાળું રેશમી કાપડ છે જે મક્કામાં સ્થિત કાબાને ઢાંકે છે. કાબા ઈસ્લામનું સૌથી પવિત્ર સ્થળ છે, જેને 'અલ્લાહનું ઘર' (બૈતુલ્લાહ) કહેવાય છે. આ મસ્જિદ અલ-હરામના કેન્દ્રમાં સ્થિત એક ઓરડો છે, જે ગ્રે પથ્થર અને માર્બલથી બનેલો છે.

મુસલમાનો તેને અલ્લાહની એકતા (તૌહીદ)નું પ્રતીક માને છે. દુનિયાભરના મુસલમાનો નમાઝ દરમિયાન આ જ દિશા (કિબલા) તરફ મોં કરે છે, મૃતકોને આ જ દિશામાં દફનાવે છે, અને હજ કે ઉમરા દરમિયાન તેને જોવા અને તવાફ કરવાની ઈચ્છા રાખે છે.

આ કાપડ શુદ્ધ રેશમમાંથી બનેલું હોય છે, જેને કાળો રંગ આપવામાં આવે છે અને સોના કે ચાંદીના દોરા વડે કુરાનની આયતોની ભરતકામ કરવામાં આવે છે. કાળો રંગ શાંતિ અને સુલેહની નિશાની હોય છે, જ્યારે સોનું અલ્લાહની શાન-ઓ-શૌકત દર્શાવે છે.

# મોદીના માસ્ટર સ્ટ્રોકથી પાકિસ્તાનની કમર ભાંગી ગઈ: પાકિસ્તાન યુરોપના દેશો પાસેથી ડ્યૂટી ફ્રી માલ મગાવતું હતું, એ એક ઝાટકે બંધ થઈ ગયું.....

ઈસ્લામાબાદ, તા.02

ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે થયેલી ઐતિહાસિક ફ્રી ટ્રેડ ડીલ (FTA)એ પાકિસ્તાનની ઊંઘ ઉડાવી દીધી છે. અત્યાર સુધી યુરોપના બજારમાં જે ટેક્સટાઈલ અને ગાર્મેન્ટ સેક્ટરમાં પાકિસ્તાન 'GSP પ્લસ' સ્ટેટસ હેઠળ ડ્યૂટી-ફ્રી એક્સેસનો ફાયદો ઉઠાવતું હતું એ હવે ભારતના ઝીરો-ડ્યૂટી પ્રવેશ સાથે ખતમ થઈ જશે. આર્થિક પાયમાલીનો સામનો કરી રહેલા પાકિસ્તાન માટે આ ડીલ 'મધર ઓફ ઓલ સેટબેક' સાબિત થઈ રહી છે, કારણ કે એના કારણે પાકિસ્તાનના ટેક્સટાઈલ ઉદ્યોગને વાર્ષિક અબજો ડોલરનું નુકસાન અને લાખો નોકરીઓ જવાનો ખતરો પેદા થયો છે. ભારત અને યુરોપિયન યુનિયન (EU)ના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA)થી પાકિસ્તાનમાં 1 કરોડ નોકરી જોખમમાં છે. તેને અબજો ડોલરના નુકસાનનો પણ ડર છે.

મીડિયા રિપોર્ટ અનુસાર, પાકિસ્તાને આ કરાર અંગે ગુરુવારે જણાવ્યું હતું કે તે EUના અધિકારીઓના સંપર્કમાં છે. તે એ સમજવાનો પ્રયાસ કરી રહ્યું છે કે ભારત-EU FTA ની તેની નિકાસ પર શું અસર પડશે.

ભારત અને (EU)એ 27 જાન્યુઆરીના રોજ FTA પર



હસ્તાક્ષર કર્યા હતા. આ કરારથી બે એવી અર્થવ્યવસ્થાઓ એકસાથે આવી છે, જે વિશ્વની લગભગ એક-ચતુર્થાંશ વસતિ, 25% વૈશ્વિક GDP અને લગભગ 2 અબજ લોકોનું સંયુક્ત બજાર બનાવે છે.

પાકિસ્તાન આ ડીલથી પરેશાન છે, કારણ કે લાંબા સમયથી તેને યુરોપિયન માર્કેટમાં ભારત પર લીડ મળી હતી. આનું કારણ EUની GSP પ્લસ યોજના હતી. આ યોજના હેઠળ પાકિસ્તાનને તેનાં લગભગ 66% ઉત્પાદનોને ટેક્સ વિના યુરોપ મોકલવાની સુવિધા મળી હતી. આમાં કાપડ અને રેડીમેડ કપડાં જેવી વસ્તુઓનો સમાવેશ થતો હતો. જ્યારે ભારતને આવી જ વસ્તુઓ પર 9થી 12% સુધી ટેક્સ ચૂકવવો પડતો હતો.

આમ છતાં પાકિસ્તાનની ટેક્સટાઈલ નિકાસ 6.2 અબજ ડોલર રહી, જ્યારે ભારતની ટેક્સટાઈલ નિકાસ 5.6 અબજ ડોલરની હતી.

હવે ભારત અને EU વચ્ચે થયેલો આ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ, જેને 'મધર ઓફ ઓલ ડીલ્સ' કહેવામાં આવી રહ્યો છે, તે ભારતને યુરોપમાં ટેક્સ વિનાનું મોટું બજાર આપે છે. આનાથી પાકિસ્તાનની એ સરસાઈ લગભગ સમાપ્ત થઈ જાય છે.

આની સાથે જ પાકિસ્તાનની GSP પ્લસ સુવિધા, જે તેને 2014માં મળી હતી એ ડિસેમ્બર 2027માં સમાપ્ત થવાની છે. જો તેને આગળ લંબાવવામાં નહીં આવે તો પાકિસ્તાનને યુરોપમાં મળતી આ ખાસ વેપાર સુવિધા સંપૂર્ણપણે સમાપ્ત થઈ શકે છે.

EU પાકિસ્તાનનું સૌથી મોટું એક્સપોર્ટ માર્કેટ છે. આવા સંજોગોમાં પાકિસ્તાનના વેપારીવર્ગને ડર છે કે આ કરાર પછી તે યુરોપિયન બજારમાં પોતાની પકડ ગુમાવી શકે છે અને અન્ય દેશો સાથેની સ્પર્ધા વધુ મુશ્કેલ બનશે.

ઓલ પાકિસ્તાન ટેક્સટાઈલ મિલ્સ એસોસિયેશનના પ્રમુખ કામરાન અરશદે જણાવ્યું હતું કે ભારત હવે યુરોપિયન બજારમાં ઘણું સ્પર્ધાત્મક બની ગયું છે. ઘણાં ક્ષેત્રોમાં પાકિસ્તાનની GSP પ્લસ સરસાઈ સમાપ્ત થઈ ગઈ છે.

FPCCIના ઉપાધ્યક્ષ સાકિબ ફૈયાઝ મગુને કહ્યું હતું કે જેવી રીતે ભારતને EUમાં ટેક્સ વિના પહોંચ મળશે, પાકિસ્તાનની લીડ ખતમ થઈ જશે અને તેની નિકાસને ભારે નુકસાન થઈ શકે છે. એકવાર બજાર હાથમાંથી નીકળી ગયું, તો એને પાછું મેળવવું ખૂબ મુશ્કેલ હોય છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા તાહિર અંદ્રાબીએ કહ્યું હતું કે GSP પ્લસ યોજના પાકિસ્તાન અને EU બંને માટે ફાયદાકારક રહી છે. આના દ્વારા યુરોપને સસ્તાં કપડાં અને રેડીમેડ સામાનનો સતત પુરવઠો મળતો રહ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે જીએસપી પ્લસનો મુદ્દો ગયા વર્ષે થયેલી વ્યૂહાત્મક વાતચીતમાં ઊઠ્યો હતો અને ત્યાર બાદ EU અને તેના સભ્ય દેશો સાથેની ઘણી બેઠકોમાં એના પર ચર્ચા થઈ છે. પાકિસ્તાન આ મામલાને બ્રસેલ્સ સ્થિત EUના મુખ્યાલય અને અલગ-અલગ સભ્ય દેશો સાથે સતત ઉઠાવી રહ્યું છે. આ કરાર લાગુ થયા પછી ભારતની લગભગ 95% લેબર બેઝ્ડ પ્રોડક્ટ્સને EUમાં ટેક્સ વિના પહોંચ મળશે. જ્યારે યુરોપથી ભારત આવતી લક્ઝરી કારો અને વાઈન પણ સસ્તી થઈ જશે. ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે 18 વર્ષની લાંબી વાતચીત પછી 27 જાન્યુઆરીએ FTA થયું. ભારત અને યુરોપિયન યુનિયનના નેતાઓએ મંગળવારે 16મી ભારત-EU સમિટ દરમિયાન એની જાહેરાત કરી. ન્યૂઝ એજન્સી PTI અનુસાર, આ કરારને 2027માં લાગુ કરવામાં આવવાની સંભાવના છે. આ ડીલ પછી ભારતમાં ઈમ્પોર્ટ થતી યુરોપિયન કારો, જેવી કે BMW, મર્સિડીઝ પર લાગતા ટેક્સને 110%થી ઘટાડીને 10% કરી દેવામાં આવશે. આ ઉપરાંત ભારતમાં યુરોપથી આવતા દારૂ અને વાઈન પર ટેક્સ ઓછો થઈ શકે છે. યુરોપિયન દેશોના દારૂ પર હાલમાં 150% ટેરિફ લાગે છે.

# મહિલા સાથે અન્ડરવેરમાં જોવા મળ્યા પૂર્વ બ્રિટિશ રાજદૂત: એપસ્ટીન ફાઈલ્સમાં ફોટો બહાર આવ્યો, PM સ્ટાર્મરની પાર્ટીમાંથી રાજીનામું આપ્યું

નવી દિલ્હી, તા.02

પૂર્વ બ્રિટિશ રાજદૂત પીટર મેન્ડેલસનની જેફ્રી એપસ્ટીન સાથે જોડાયેલી નવી ફાઈલોમાં એક તસવીર સામે આવી છે. જેમાં મેન્ડેલસન એક મહિલા સાથે માત્ર અન્ડરવેર અને શર્ટમાં જોવા મળી રહ્યા છે, મહિલા બાથરોબમાં છે.

તસવીર સામે આવ્યા બાદ મેન્ડેલસને પીએમ કીર સ્ટાર્મરની લેબર પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. મેન્ડેલસને કહ્યું કે તેઓ પાર્ટીને વધુ શરમજનક સ્થિતિમાં મૂકવા નથી માંગતા, તેથી તેઓ પાર્ટીનું સભ્યપદ છોડી રહ્યા છે.

નવા દસ્તાવેજોમાં બેંક રેકોર્ડ્સ બતાવવામાં આવ્યા છે, જેમાં 2003 અને 2004માં એપસ્ટીને મેન્ડેલસન સાથે જોડાયેલા ખાતાઓમાં કુલ 75,000 અમેરિકી ડોલરની ત્રણ અલગ-અલગ ચૂકવણી કરી હતી, દરેક ચૂકવણી 25,000 ડોલરની હતી.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં એપસ્ટીન સાથેના તેમના જૂના સંપર્કો સામે આવ્યા બાદ તેમને પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા. સ્ટાર્મરે મેન્ડેલસન પર ટિપ્પણી કરતા કહ્યું કે તેમને ગયા વર્ષે જ રાજદૂત પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા અને હવે તેઓ આ બાબતે કંઈ કહેવા માંગતા નથી.

અમેરિકી ન્યાય વિભાગે 30 જાન્યુઆરીએ જેફ્રી એપસ્ટીન તપાસ સાથે જોડાયેલા અંદાજે 30 લાખ પાનાના દસ્તાવેજો, 2,000 વીડિયો અને 1.8 લાખ તસવીરો જાહેર કરી છે.

એપસ્ટીનના કહેવા પર મેન્ડેલસને નાણા વિભાગ પર દબાણ કર્યું હતું જાહેર થયેલા દસ્તાવેજોમાં એક ઈમેલ સામે આવ્યો છે, જેમાં 2009માં મેન્ડેલસને એપસ્ટીનને જણાવ્યું હતું કે તેઓ બ્રિટિશ સરકાર પર બેન્કર્સના બોનસ પરના ટેક્સને લઈને લોબિંગ કરી રહ્યા છે. ડિસેમ્બર 2009ના એક ઈમેલમાં એપસ્ટીને મેન્ડેલસનને પૂછ્યું હતું કે શું બેન્કરોના બોનસ પરનો ટેક્સ



માત્ર કેશ હિસ્સા પર લગાવી શકાય છે. તેના જવાબમાં મેન્ડેલસને લખ્યું કે તેઓ આ બાબત પર ભાર મૂકી રહ્યા છે કે આવું જ થાય, પરંતુ ટ્રેઝરી તેનો વિરોધ કરી રહી છે. આ તે સમયની વાત છે જ્યારે મેન્ડેલસન બિઝનેસ સેક્રેટરી હતા અને નાણામંત્રી અલિસ્ટર ડાર્લિંગે નાણાકીય કટોકટી પછી બેંકોના મોટા બોનસ પર 'સુપર ટેક્સ' લગાવ્યો હતો.

વૈશ્વિક નાણાકીય કટોકટી પછી ડાર્લિંગે 9 ડિસેમ્બર 2009ના રોજ બેંકો તરફથી મળતા મોટા બોનસ (જે બોનસ 25,000થી વધુ હોય) પર 50% સુપર ટેક્સ લગાવવાની જાહેરાત કરી હતી. આ ટેક્સ બેંકોએ જ ચૂકવવો પડતો હતો.

આ ઈમેલ દર્શાવે છે કે 2009માં એપસ્ટીને મેન્ડેલસનને વિનંતી કરી હતી કે તેઓ સરકાર પાસેથી બેન્કર બોનસ ટેક્સને નબળો પાડવાનો પ્રયાસ કરે અને મેન્ડેલસને કહ્યું કે તેઓ નાણા વિભાગ પર દબાણ કરી રહ્યા છે.

વિપક્ષે મેન્ડેલસન પર તપાસની માંગ કરી મેન્ડેલસનના રાજીનામા બાદ લેબર પાર્ટીના પ્રવક્તાએ કહ્યું કે પાર્ટી તમામ ફરિયાદોને ગંભીરતાથી લે છે અને નિયમો અનુસાર તપાસ થશે. બીજી તરફ, વિરોધ પક્ષે મેન્ડેલસનની અમેરિકામાં રાજદૂત તરીકેની નિમણૂક પર સ્વતંત્ર તપાસની માંગ કરી છે. કન્ઝર્વેટિવ પ્રવક્તાએ કહ્યું કે મેન્ડેલસન પૂરી રીતે બદનામ થઈ ચૂક્યા છે, પરંતુ કીર સ્ટાર્મરે તેમને પાર્ટીમાંથી કાઢવાની હિંમત બતાવી નથી અને તેમને જાતે રાજીનામું આપવા દીધું.

તેમણે કહ્યું કે સ્ટાર્મર અને તેમના ચીફ ઓફ સ્ટાફે એપસ્ટીન સાથે સંબંધ હોવા છતાં મેન્ડેલસનને રાજદૂત બનાવ્યા અને પુરાવા વધ્યા પછી પણ કોઈ કાર્યવાહી કરી નહીં. હવે વડાપ્રધાનની નબળી નિર્ણય ક્ષમતાને જોતા સ્વતંત્ર તપાસ જરૂરી છે. મેન્ડેલસનના પતિનું નામ પણ એપસ્ટીન ફાઈલ્સમાં સામે આવ્યું મેન્ડેલસનના (સમલૈંગિક) બ્રાઝિલિયન પતિ રેનાલ્ડો અવિલા દા સિલ્વા (બંનેએ 2023માં લગ્ન કર્યા)નું નામ પણ આ ફાઈલોમાં આવ્યું છે. 2009માં, જ્યારે એપસ્ટીન જેલમાંથી મુક્ત થઈને બહાર આવ્યા હતા, ત્યારે દા સિલ્વાએ એપસ્ટીનને ઈમેલ કરીને ઓસ્ટિયોપેથી કોર્સની ફી માટે પૈસા માંગ્યા હતા. તે સમયે મેન્ડેલસન બિઝનેસ સેક્રેટરી હતા અને દા સિલ્વા સાથે સંબંધમાં હતા. દા સિલ્વાએ 3,225ની ફી અને અન્ય ખર્ચ માટે બેંક વિગતો મોકલી હતી. એપસ્ટીને તરત જ પૈસા મોકલવાનું વચન આપ્યું હતું.

# તાલિબાને ગર્ભનિરોધક ગોળીઓ પર પ્રતિબંધ મૂક્યો: ચેતવણી આપીને દવાઓ નષ્ટ કરી.....

કાબુલ, તા.02

અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારે મહિલાઓ માટે ગર્ભનિરોધક ગોળીઓના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. તાલિબાની ડોકટરોને ધમકી આપે છે કે જો દવા આપી તો ક્લિનિક બંધ કરાવી દેશે. દેશભરમાં ક્લિનિક્સ પણ બંધ થઈ રહ્યા છે. મહિલાઓને ગર્ભધારણ કે ગર્ભપાતની સારવાર મળી રહી નથી. બદગીસ પ્રાંતની એક ખાનગી ક્લિનિકમાં ચેતવણી આપતા તમામ દવાઓ નષ્ટ કરી દેવામાં આવી. જવજ્જાન પ્રાંતમાં 30 વર્ષથી ક્લિનિક ચલાવી રહેલા એક ડોક્ટર કહે છે કે, તાલિબાન સત્તામાં આવ્યા પછી ગર્ભનિરોધક ગોળીઓ ઝડપથી ખતમ થઈ રહી છે. અહીં 70માંથી 30 મહિલાઓને તેની જરૂર પડતી હતી, હવે અમે કહી દઈએ છીએ કે અમારી પાસે કંઈ નથી. કંધાર પ્રાંત સહિત ઘણી જગ્યાએ સીધા પુરુષ ડોકટરો પાસેથી સારવાર લેવા પર સખ્તાઈ છે. ઉંમર 36 વર્ષ, 9 બાળકો: 36 વર્ષની પરવાના હવે પોતાના બાળકોને ઓળખી પણ શકતી



નથી. કંધારના ગામમાં પોતાની માતાના ઘરે બેઠેલી, તે ચૂપચાપ હલતી રહે છે. નવ વાર ગર્ભવતી અને છ વાર ગર્ભપાત થઈ ચૂક્યો છે. પતિ અને સાસરિયાંના દબાણમાં પરવાના માનસિક અને શારીરિક રીતે તૂટી ગઈ છે. ઉંમર 42 વર્ષ, 12 બાળકો: કંધારની 42 વર્ષની શકીબા. 12 બાળકોની માતા છે. તેઓ જણાવે છે કે હવે તેમને ઊભા થવું પણ મુશ્કેલ બને છે. હાડકાંમાં દુખાવો રહે છે. પતિ કોઈપણ ગર્ભનિરોધક લેવાની સ્પષ્ટ ના પાડી દે છે. 29 વર્ષની ઉંમરે જ હાલત બદતર : 29 વર્ષની ઝરઘોના ભૂકંપ પછી તંબુમાં રહેવા લાગી હતી. સતત ત્રણ દિવસ શૌચાલય જઈ શકી નહીં. તેમને આંતરડાની સમસ્યા થઈ. ડોકટરોએ ચેતવણી આપી કે હવે જો ગર્ભવતી થઈ, તો જીવ જઈ શકે છે. પરંતુ એક વર્ષ પછી ફરી ગર્ભ રહી ગયો. બાળકને જન્મ આપ્યો. જીવ તો બચી ગયો, પરંતુ હવે રક્તસ્રાવથી પીડાઈ રહી છે. સંયુક્ત રાષ્ટ્ર અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) અનુસાર, ગયા વર્ષે આંતરરાષ્ટ્રીય ફંડિંગ ઘટવાને કારણે 440થી વધુ હોસ્પિટલો અને ક્લિનિક્સ બંધ થઈ ગયા. ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ ઘણા કલાકો ચાલીને ક્લિનિક સુધી પહોંચે છે.

## તંત્રી લેખ

# 'ટ્રમ્પના આમંત્રણને ન્યુઝીલેન્ડે પણ ફગાવ્યું

ન્યુઝીલેન્ડે ડોનાલ્ડ ટ્રમ્પના 'બોર્ડ ઓફ પીસ'માં જોડાવાનો ઈન્કાર કર્યો છે. ન્યુઝીલેન્ડના વિદેશ મંત્રીએ અમેરિકાના પ્રમુખના પ્રશ્નો બાબતે સ્પષ્ટતા માંગી છે. ટ્રમ્પનું કહેવું છે કે એમનો ઈરાદો ગાઝામાં ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ કાયમી કરવાનો છે. આ પહેલા ટ્રમ્પે કેનેડાને પણ આ જ પ્રકારનું આમંત્રણ આપ્યું હતું પછી પાછું ખેંચી લીધું હતું. કારણ એ હતું કે દાવોસમાં કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ નવા વર્લ્ડ ઓર્ડર બાબતે ભાષણ આપ્યું હતું. બોર્ડ ઓફ પીસનું પ્રમુખપદ ડોનાલ્ડ ટ્રમ્પ પાસે છે. શરૂઆતમાં એમની ઈચ્છા ગાઝાના ભવિષ્ય માટે દેખરેખ રાખવા વૈશ્વિક નેતાઓને ભેગા કરવાની હતી. ટ્રમ્પની મહત્વકાંક્ષા એટલી વધી ગઈ કે દુનિયાના વિવિધ સંઘર્ષોમાં પોતે મોટા ભાઈ બનવા માંગે છે. યુએનની ભૂમિકાને ટ્રમ્પ પણ સાઈડ ટ્રેક કરવા માંગે છે. આ કારણે ઘણા દેશો સતર્ક થઈ ગયા છે.

અજીત પવારના થયેલા આકસ્મિક મૃત્યુ પછી એનસીપીને સ્થિર થતા સમય લાગશે. છેલ્લા કેટલાક વર્ષોમાં મહારાષ્ટ્રના રાજકારણમાં ઘણી ઉથલ પાથલ થઈ હતી. મહાયુતિએ અજીત પવારના પત્ની સુનેત્રા પવારને ઉપમુખ્યમંત્રી બનાવીને પરિસ્થિતિ સામાન્ય કરવાની કોશિષ કરી છે. જોકે રાજકીય નિરીક્ષકો સવાલ કરી રહ્યા છે કે સુનેત્રા પવાર આ મોટી જવાબદારી કઈ રીતે સંભાળી શકશે. મહારાષ્ટ્રએ અત્યાર સુધીમાં સુનેત્રા પવારની કામગીરીનો અનુભવ જોયો નથી. સુનેત્રા કદી રાજકીય ક્ષેત્રે સક્રિય રહ્યા નથી. તેઓ બારામતીથી સુપ્રિયા સુલે સામે લોકસભાની ચૂંટણી લડયા હતા અને ત્યાર પછી ચૂટાઈને રાજ્ય સભામાં ગયા હતા. મહારાષ્ટ્રની રાજકીય પરિસ્થિતિ પ્રવાહી છે. સુનેત્રા પાસે કોઈ અનુભવી સલાહકાર પણ નથી. એમના પર અચાનક જવાબદારી આવી ગઈ છે. આઘાતમાંથી બહાર આવવાનો સમય પણ એમને મળ્યો નથી.

દેશમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણદીપ જયસ્વાલએ એપસ્પીન ફાઈલ્સના એક ઈમેલ મેસેજમાં વડાપ્રધાન મોદી અને જેફ્રી એપસ્ટિનની મીટીંગ બાબતે કરવામાં આવેલા દાવાને નકારી કાઢયો છે. જેફ્રી એપસ્ટિન સામે યૌન શોષણ અને બાળાઓની દાણચોરીનો આરોપ હતો. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, એપસ્ટિન સાથે જોડાએલી ફાઈલ્સમાં વડાપ્રધાનનું નામ પણ છે. કોંગ્રેસના નેતા પવન ખેડાએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, 'આ રાષ્ટ્રીય શરમનો વિષય છે. પીએમ મોદી અમારા ત્રણ સવાલોનો સામે આવીને જવાબ આપે.' જોકે વિદેશ મંત્રાલયના કહેવા પ્રમાણે ૨૦૧૭ના જુલાઈ મહિનામાં વડાપ્રધાનની ઈઝરાઈલ મુલાકાત સિવાય ઈમેલમાં કહેવામાં આવેલી બાકીની વાતો બકવાસ છે. જોકે રાજકીય નીરિક્ષકો માની રહ્યા છે કે રાજાએ શંકાથી પર હોવું જોઈએ. એપસ્ટિનના ઈમેલ વિશે વિદેશ મંત્રાલયનો ખુલાસો પુરતો નથી.

એનસીપી (શરદ પવાર)ના નેતા જયંત પાટીલએ ધડાકો કર્યો છે કે, એનસીપી (અજીત પવાર) સાથે વિલિનીકરણ માટે ૧૦ મીટીંગો થઈ હતી. આ તમામ મીટીંગોની ખબર શરદ પવારને આપવામાં આવી હતી. સુનેત્રા પવારની સોગંદવિધિ અને રાજ ઠાકરેના નિવેદનો બાબતે તેઓ ચૂપ રહ્યા હતા. પાટીલના કહેવા પ્રમાણે બંને એનસીપી વચ્ચે ગયા વર્ષના માર્ચ મહિનાથી સતત વાતચીત ચાલી રહી હતી. બેઠકોની આગેવાની ખૂદ જયંત પાટીલે કરી હતી. આ બાબતની જાણકારી શરદ પવારને પહેલા જ આપવામાં આવી હતી. જિલ્લા પરિષદની ચૂંટણી પછી ૧૨મી ફેબ્રુઆરીએ બંને એનસીપીનું વિલિનીકરણ થવાનું હતું. સુનેત્રા પવારને ઉપમુખ્યમંત્રી બનાવવામાં આવ્યા એ બાબતે જયંત પાટીલનું કહેવું છે કે એ નિર્ણય એમના પક્ષનો આંતરીક છે. પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરે મળીને આ નિર્ણય લીધો છે એટલે એના પર ટીપ્પણી કરવી યોગ્ય નથી.

**આ મિનરલ્સ આજકાલ મોબાઈલ ફોન, એલઈડી લાઈટ, હાઈબ્રિડ ગાડીઓ અને ક્રૂડ પ્રોસેસિંગમાં, ન્યૂક્લિયર પાવર અને પવન ચક્કીઓ તથા ઈલેક્ટ્રિક ગાડીઓ અને સેટેલાઈટ્સ માટે પણ ઉપયોગમાં લેવામાં આવે છે : સમગ્ર વિશ્વમાં રેર અર્થ મિનરલ્સનો ભંડાર અંદાજે ૧૩૦ મિલિયન ટન છે. તેમાં સૌથી વધારે ૪૪ મિલિયન ટન મિનરલ્સ ચીન પાસે છે. ત્યારબાદ વિયેતનામ, બ્રાઝિલ અને રશિયા પાસે ૧૬-૧૬-૧૬ ટકા જેટલો ભંડાર છે**

# ફ્યુચર ટેક્નોલોજી માટે પૂર્વ તૈયારીઓનું આયોજન

## ચાર રાજ્યોની સર્કિટ બનાવીને માઈનિંગ, પ્રોસેસિંગ, રિસર્ચ, મેન્યુફેક્ચરિંગ બાદ અવિરત સપ્લાય ચેઈન ડેવલપ કરવાનો પ્લાન

નાણા મંત્રી નિર્મલા સીતારામન દ્વારા જારી કરાયેલા બજેટમાં રેર અર્થ મિનરલ્સ મેળવવા માટેની દિશામાં કામ કરવાને પ્રાધાન્ય અપાયું હતું. નાણામંત્રી દેશમાં રેર અર્થ કોરિડોર સ્થાપવાની અને વિકસાવવાની જાહેરાત કરી હતી. ભારતના ખનિજોથી સમૃદ્ધ ચાર રાજ્યોને જોડીને રેર અર્થ કોરિડોર તૈયાર કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ને ઓરેન્જ બજેટ અથવા તો ઓરેન્જ ઈકોનોમી તરફ લઈ જવાની કેન્દ્ર સરકારની તૈયારીઓ દેખાઈ રહી છે. ભવિષ્યમાં ઈલેક્ટ્રિક ડિવાઈસિસ અને સાધનો તથા સંશાધનોના વપરાશ ઉપર ભાર મુકવા અને તેના માટે જરૂરી સેમીકન્ડક્ટર અને ચીપ બનાવવા માટે રેર અર્થ મિનરલ્સ જરૂરી છે. તેને પ્રાપ્ત કરવાની ખેવના સાથે જ ભારત દ્વારા આ દિશામાં આયોજન કરવામાં આવ્યું હોવાની ચર્ચા છે.

જાણકારો માને છે કે, આ જાહેરાત માત્ર બજેટ પૂરતી જ કરાઈ છે તેવું નથી. સમગ્ર વિશ્વમાં રેર અર્થ મિનરલ્સ અને મેટલ્સ માટે હાલમાં પડાપડી થઈ રહી છે. તેની ડિમાન્ડ અત્યંત વધારે છે અને તેનો સપ્લાય ઓછો છે. દુનિયાના મોટાભાગના રેર અર્થ મિનરલ્સ ઉપર ચીન દ્વારા કબજો કરી લેવાયો છે. તેનો સપ્લાય તેણે ઘટાડીને વિશ્વમાં કૃત્રિમ અછત ઊભી કરી છે. ભારતમાં ઘણા રાજ્યો છે જ્યાં રેર અર્થ મિનરલ્સ છે. તેમાંથી સમયાંતરે ખાણકામ કરીને આ જથ્થો કાઢીને ભારત ચીન સહિતના વૈશ્વિક દેશો ઉપર પોતાના નિર્ભરતા ઘટાડી શકે છે. આ દિશામાં પણ આત્મનિર્ભરતા તરફ આગળ વધી શકે છે. ૨૧મી સદીના ઈન્ડસ્ટ્રીયલ પાવર ગણાતા તથા ફ્યુચર ટેક્નોલોજીની માટે પાયાની વસ્તુ ગણાતા આ રેર અર્થ મિનરલ્સને મેળવવા અને તેનો સપ્લાય નિરંતર ચાલુ રહે તેવી વ્યવસ્થા કરવી ખૂબ જ જરૂરી છે. ભવિષ્યમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈ ગેજેટ્સ અને ટેક્નોલોજી તરફ આગળ વધવું હશે તો તેની ચીપ્સ અને અન્ય પાર્ટ્સ માટે આ મિનરલ્સની ખાસ જરૂર પડશે અને તેને અત્યારથી જ સંગ્રહિત કરવા આ કોરિડોરની રચના કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, બજેટ દરમિયાન નિર્મલા સીતારામને જણાવ્યું કે, સરકારની યોજનાઓની સાર્થકતા માટે ઓડિશા, કેરળ, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુને જોડવાની એક રેર અર્થ કોરિડોર બનાવવામાં આવશે. આ ચારેય રાજ્યો હાલમાં પણ પોતાના ખાણ-ખનીજના જથ્થા માટે અને ખાસ કરીને કોસ્ટલ માઈન્સ અને મિનરલ્સ બેલ્ટ તરીકે જાણીતા છે. આ ચારેય રાજ્યો સંયુક્ત રીતે એકબીજા સાથે જોડાઈને રેર અર્થ એલિમેન્ટ માટે મોટું માળખું બની શકે છે. સરકાર પણ તેમને જોડીને આ કોરિડોર વિકસાવવાનું આયોજન કરશે. મહત્ત્વની વાત એ છે કે, સરકાર દ્વારા ગત વર્ષે જ રેર અર્થ પરમેનન્ટ મેગ્નેટ માટે યોજના લાગુ કરી દેવાઈ હતી. તે સિવાયના રેર અર્થ મિનરલ્સ માટે આયોજનો કરવામાં આવી રહ્યા હતા. હવે ઓડિશા, કેરળ, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુને જોડીને રેર અર્થ કોરિડોર વિકસાવાશે. તેમાં માઈનિંગ ઉપરાંત પ્રોસેસિંગ, રિસર્ચ અને મેન્યુફેક્ચરિંગને પણ પ્રોત્સાહન આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આ કોરિડોર બનવાનો છે તે ચાર રાજ્યોમાંથી તમિલનાડુ અને કેરળમાં આ વર્ષે વિધાનસભા ચૂંટણીઓ પણ યોજાવાની છે. તેના પગલે રાજકીય પ્લેટફોર્મ પણ તૈયાર કરવામાં આવ્યું હોય તેવી ચર્ચાએ વેગ પકડયો છે. આ કોરિડોરનો મુખ્ય આશય માત્ર ટ્રાન્સપોર્ટેશન નહીં પણ રેર અર્થ મિનરલ્સનું માઈનિંગ કર્યા બાદ તેનું પ્રોસેસિંગ કરવું, રિસર્ચ સંસ્થાઓ સુધી પહોંચાડવું અને મેન્યુફેક્ચરિંગ યુનિટ સાથે પણ તેનું જોડાણ કરવું જેવી બાબતોનું ધ્યાન



રાખવામાં આવશે. જાણકારોના મતે આ કોરિડોર દ્વારા ખનનથી શરૂ કરીને મેન્યુફેક્ચરિંગ સુધી સંશાધનોના લોજિસ્ટિકમાં જે વિલંબ થાય છે તેમાં ઘટાડો થશે અને સ્થાનિક ધોરણે ઉત્પાદન વધશે અને આત્મનિર્ભરતા કેળવાશે. આ ચારેય રાજ્યો એવા છે જ્યાં માત્ર રેર અર્થ મિનલ્સ છે તેવું નથી. આ રાજ્યોમાં સારામાં સારા પોર્ટ્સ છે, ઈન્ડસ્ટ્રીયલ ઝોન છે અને ખાસ કરીને ઉદ્યોગોને સપોર્ટ કરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. સ્થાનિક સરકારો અને કેન્દ્ર સરકાર વચ્ચે તાલમેલ સાધીને રેર અર્થ મિનરલ્સ સેક્ટરમાં ઈકોસિસ્ટમ તૈયાર કરવાની કવાયત છે. જેથી આ એક્ટિવિટી માત્ર માઈનિંગ નહીં પણ એક હાઈવેલ્યુ બિઝનેસ મોડયુલ તરીકે ડેવલપ થાય.

ઉલ્લેખનીય છે કે, રેર અર્થ મિનરલ્સ એટલે કે દુર્લભ ખનિજો હકીકતે ૧૭ પ્રકારની છે. આ એવી ધાતુઓ છે જે દેખાવમાં ખૂબ જ સામાન્ય છે પણ તેની અંદર એવા વિશેષ ગુણ છે જેના કારણે તેની ડિમાન્ડ ખૂબ જ છે. તેના દ્વારા વીજળી ઉત્પન્ન થઈ શકે છે, તેમાંથી વીજળી પસાર થઈ શકે છે અને તે મેગ્નેટની જેમ કેમ કરે છે. કેટલીક ધાતુને પરમેનન્ટ મેગ્નેટ પણ કહેવાય છે. બીજી મહત્ત્વની વાત એ છે કે, તેને અન્ય ધાતુમાં ભેગી કરવામાં આવે ત્યારે અન્ય ધાતુઓ વધારે મજબૂત થઈ જાય છે. દુનિયાના ઘણા દેશોમાં આ મિનરલ્સ મળે છે પણ તેનું પ્રમાણ વત્તુ-ઓછું હોય છે. સૌથી મોટી સમસ્યા એ છે કે, આ મિનરલ્સની સાથે યુરેનિયમ, થોરિયમ જેવા રેડિયોએક્ટિવ પદાર્થો પણ ચોંટેલા હોય છે. તેના કારણે તેને દૂર કરવા અને બંનેને અલગ પાડવા ખૂબ જ જોખમી અને મુશ્કેલ કામ છે. લાંબી ખનન પ્રક્રિયા બાદ ખૂબ જ ઓછી માત્રામાં શુદ્ધ મિનરલ્સ મળતા હોય છે. આ ખનન દરમિયાન રેડિયોએક્ટિવ વોટર, ઝેરી ગેસ, એસિડ અને બીજા ઘણા પદાર્થ નિકળે છે જે પર્યાવરણ અને માણસો માટે અત્યંત જોખમી અને જીવલેણ હોય છે.

આ રેર અર્થ એલિમેન્ટ્સ કે મિનરલ્સ જે પણ કહીએ તેનો ઉપયોગ એકાએક અને ખૂબ જ વધી ગયો છે. આ મિનરલ્સ આજકાલ મોબાઈલ ફોન, એલઈડી લાઈટ, હાઈબ્રિડ ગાડીઓ અને ક્રૂડ પ્રોસેસિંગમાં, ન્યૂક્લિયર પાવર અને પવન ચક્કીઓ તથા ઈલેક્ટ્રિક ગાડીઓ અને સેટેલાઈટ્સ માટે પણ ઉપયોગમાં લેવામાં આવી છે. આ ઉપરાંત ઘણા ઉદ્યોગોમાં મશિનો માટે તથા દવાઓ બનાવવા પણ તેનો ઉપયોગ થાય છે. હાલમાં સ્થિતિ એવી થઈ ગઈ છે કે, માણસોનું જીવન આગળ વધવું આ ધાતુઓ વગર શક્ય જ નથી તેમ બની ગયું છે. આપણને ખબર નથી પણ આપણે આજે જે વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ તેમાં આ રેર અર્થ મિનરલ્સ રહેલા છે. જાણવા જેવું એ છે કે, સમગ્ર વિશ્વમાં રેર અર્થ મિનરલ્સનો ભંડાર અંદાજે ૧૩૦ મિલિયન ટન છે. તેમાં સૌથી વધારે ૪૪ મિલિયન ટન મિનરલ્સ ચીન પાસે છે.

એટલે દુનિયાનું ત્રીજા ભાગનું રેર અર્થ મિનરલ્સ ચીન પાસે છે. ત્યારબાદ વિયેતનામ, બ્રાઝિલ અને રશિયા પાસે ઘણો મોટો ભાગ છે. દરેક પાસે અંદાજે ૧૬ ટકા ભંડાર છે. ભારત પાસે માત્ર ૫ ટકા રેર અર્થ મિનરલ્સ છે. ભારત પાસે ૬.૯ મિલિયન ટન રેર અર્થ મિનરલ્સ છે. આ રેર અર્થ મિનરલ્સ કાઢવાની વાત આવે તો ચીન દુનિયામાં મોખરે છે. તે દર વર્ષે ૩.૪૮ લાખ ટન રેર અર્થ મિનરલ્સ ખનન અને પ્રોસેસિંગ કરીને કાઢે છે. ચીનને બાદ કરતા મ્યાંમાર, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, રશિયા, ભારત, વિયેતનામ અને મલેશિયા જેવા દેશો રેર અર્થ મિનરલ્સ કાઢવામાં વ્યસ્ત છે. ચીન કરતા આ દેશો ક્યાંય પાછળ છે.

૧૯૮૦ના દાયકાથી શરૂ કરીને ૧૯૯૦ અને ૨૦૦૦ અને ૨૦૧૦ના દાયકામાં ચીને રેર અર્થ મિનરલ્સમાં ખૂબ જ કામ કર્યું. ચીને ખૂબ જ ગણતરી પૂર્વક રેર અર્થ માઈનિંગ અને રિફાઈનિંગ કામગીરીને ઉદ્યોગ અને રણનીતિ બનાવવામાં આવી હતી. તેમાં સબસિડી, સસ્તા વ્યાજદરની લોન, પર્યાવરણના નિયમોમાં છૂટછાટ જેવી પોલિસી અપનાવી અને પશ્ચિમી દેશોને પછાડવા સજ્જ થવા લાગ્યો. આવા રેર અર્થ મિનરલ્સ માટેના કડક પર્યાવરણ સુરક્ષા નિયમોને પણ તેણે નેવે મૂકી દીધા. બીજી તરફ સ્થિતિ એવી થઈ કે, ૨૦૦૦ના દાયકા દરમિયાન ઘણા દેશો ચીન સાથેની સ્પર્ધામાંથી બહાર થઈ ગયા.

બીજી તરફ ચીને તેને બમણા વેગે શરૂ કરી દીધું. ચીને પોતાના મોટાભાગના માઈન્સ અને મિનરલ્સના વિસ્તારોને મેગ્નેટ, મિનરલ્સ અને ધાતુઓના ઉત્પાદનનું કેન્દ્ર બનાવી દીધા.

તેણે એ વાતનું ખાસ ધ્યાન રાખ્યું કે રેર અર્થ મિનરલ્સ હોય કે તેની સાથે જોડાયેલી ધાતુ હોય કે તેના દ્વારા બનતી સામગ્રી હોય તે તમામનું ઉત્પાદન ચીનમાં જ થાય અને દુનિયાભરના દેશો તેની પાસેથી જ ખરીદે.

આ સ્થિતિ વધવા લાગી અને કોમ્પિટિશન વધવા લાગી ત્યારે તેણે રેર અર્થ મિનરલ્સ ઉપર પ્રતિબંધ મુકવાનું શરૂ કરી દીધી અને દુનિયા ઘુંટણીયે પડવા લાગી.

રેર અર્થ મિનરલ્સમાં ચીન ભલે પોતાના ઈજારાશાહી બતાવતો હોય કે, દુનિયાને દબાવવાનો પ્રયાસ કરતો હોય પણ બીજા દેશો દ્વારા આ દિશામાં મહત્ત્વનું કામ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને ઓસ્ટ્રેલિયા અને ભારતે તેના માટે સક્રિય પ્રયાસ શરૂ કરી દીધા છે. જાણકારોના મતે ભારત પાસે દુનિયાનું અંદાજે છ ટકા જેટલું એટલે કે અંદાજે ૭ મિલિયન ટન રેર અર્થ મિનરલ્સ છે. ભારતે નેશનલ ક્રિટિકલ મિનરલ્સ મિશન ૨૦૨૫ના નામે એક અભિયાન શરૂ કરી દીધું છે. તેના પગલે ભારત રેર અર્થ મિનરલ્સ મુદ્દે આત્મનિર્ભર થવાની દિશામાં આગળ વધી રહ્યું છે. સૂત્રોના મતે ભારતે આ દિશામાં કામ કરવા માટે અંદાજે ૩૪,૦૦૦ કરોડ રૂપિયાનું જંગી રોકાણ કર્યું છે. તેમાં એક્સપ્લોરેશન, માઈનિંગ, પ્રોસેસિંગ વગેરે કરવામાં આવશે. ભારતમાં ઓડિશા, કેરળ, તમિલાનાડુ, આંધ્ર પ્રદેશ અને ગુજરાતમાં રેર અર્થ મિનરલ્સ શોધવા માટે કામગીરી કરવાના પ્રોજેક્ટ્સ ચાલુ કરવામાં આવ્યા છે. ભારતે અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા, મોંગોલિયા જેવા દેશો સાથે મિનરલ્સ સિક્યોરિટી પાર્ટનરશિપ પણ કરી છે. જાણકારો માને છે કે, ભારત જે રીતે રેરઅર્થ મિનરલ્સ માટે કામ કરી રહ્યું છે તે જોતાં ભારત એક દાયકામાં આ ક્ષેત્રે ગેમ ચેન્જર સાબિત થવાની સાથે સાથે આત્મનિર્ભર પણ બની જશે.

# AI ટેકનોલોજીની આવક 280 અબજ ડોલરને વટાવશે

**એઆઈ ત્યારે જ શક્તિશાળી સાબિત થઈ શકે છે જ્યારે તે વધુને વધુ ડેટા મેળવી શકે છે. જેટલા વધુ ડેટા તેની પાસે હશે તેટલું જ સારુ પરિણામ એઆઈ પૂરું પાડી શકે છે. કોઈપણ પ્રકારના મોડેલ્સ, ટુલ્સ કે પછી એલ્ગોરિધમની કામગીરી જંગી ડેટા પર જ અવલંબે છે**


**એઆઈના વિકાસનો મુખ્ય આધાર ઊંચી ગુણવત્તા, વૈવિધ્યસભર તથા સુસંગત ડેટા પર રહેલો છે, પરંતુ ભારતમાં ભાષાકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિક વૈવિધ્યતાને પરિણામે ડેટા એકઠા કરવાનું તથા તેને પ્રોસેસ કરવાની કામગીરી પડકારરૂપ રહેલી છે**

**એઆઈ ટેકનોલોજી ક્ષેત્રે ભારતને એક ઊભરતી બજાર તરીકે જોવાઈ રહ્યું છે પરંતુ એઆઈ માટે જરૂરી માળખાની દ્રષ્ટિએ અમેરિકા તથા ચીનની તુલનાએ ભારત હજુ પાછળ હોવાનું કહેવાય છે**

વર્તમાન વર્ષમાં દેશમાં આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ટેકનોલોજી ક્ષેત્રની આવક ૨૮૦ અબજ ડોલરને પાર કરી જવાની ધારણાં રાખવામાં આવી રહી છે. આટલા જંગી વેપાર કદ સાથે વિશ્વમાં ભારત એઆઈ મથક બનવા તરફ આગળ વધી રહ્યું છે. દેશમાં ટેકનોલોજી તથા એઆઈ ક્ષેત્ર સાથે ૬૦ લાખ જેટલા લોકો સંકળાયેલા છે એટલુ જ નહીં ભારત ૧૮૦૦ જેટલા ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (જીસીસી) ધરાવે છે. જો કે એઆઈના સ્થિર વિકાસ માટે ચીપ્સ, ડીસ્ક જેવા સ્ટોરેજ માળખા, વીજ તથા પાણીની ઉપલબ્ધતા, ટેકનોલોજીના જાણકાર કર્મચારીબળ વગેરે પ્રાથમિક આવશ્યકતા રહેલી છે. ડેટાના સ્ટોરેજ માટે પરવડી શકે તેવી અને ટકાઉ હાર્ડ ડિસ્ક ડ્રાઈવની ઉપલબ્ધતા જરૂરી છે જે એઆઈના રાષ્ટ્રીય સ્તર સુધી ઉપયોગનો માર્ગ મોકળો કરી શકે છે, એમ એઆઈ ક્ષેત્રના આગેવાને મત વ્યકત કરતા જણાવ્યું હતું. માત્ર ગ્રાફિક પ્રોસેસિંગ યુનિટસ જ નહીં પરંતુ વ્યાપક સ્ટોરેજ ક્ષમતા પણ એઆઈ ટેકનોલોજીના વપરાશ માટે પ્રથમ આવશ્યકતાઓમાંની એક છે.

એઆઈ ત્યારે જ શક્તિશાળી સાબિત થઈ શકે છે જ્યારે તે વધુને વધુ ડેટા મેળવી શકે છે. જેટલા વધુ ડેટા તેની પાસે હશે તેટલું જ સારુ પરિણામ એઆઈ પૂરું પાડી શકે છે. કોઈપણ પ્રકારના મોડેલ્સ, ટુલ્સ કે પછી એલ્ગોરિધમની કામગીરી જંગી ડેટા પર જ અવલંબે છે. ઉપલબ્ધ ડેટાના સલામત વપરાશ માટે સ્ટોરેજ ક્ષમતા એટલે કે હાર્ડ ડિસ્ક ડ્રાઈવની ભૂમિકા મહત્વની બની રહે છે. એક અંદાજ પ્રમાણે ૨૦૨૯માં ડેટા જનરેશનનું વાર્ષિક વોલ્યુમ બમણાથી વધુ થઈને ૫૨૭.૫૦ ઝેટ્ટાબાયટ્સ પહોંચવા ધારણાં છે જે માટે મજબૂત અને વિશ્વસ્નિય સ્ટોરેજ વ્યવસ્થા જરૂરી બની રહેશે. ભારતના ઈલેકટ્રોનિક્સ તથા ઈનફરમેશન ટેકનોલોજી મંત્રાલયના અંદાજ પ્રમાણે દેશમાં એઆઈનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે તેને જોતા ૧૦૦૦૦૦ જીપીયુની આવશ્યકતા ઊભી થશે પરંતુ કોમ્પ્યુટિંગ શક્તિ ત્યારે જ મજબૂત બની રહેશે જ્યારે તેમાં સ્ટોરેજ ક્ષમતા પણ જોરદાર હશે. વિશાળ એઆઈ તાલીમ ડેટા સેટસ, કૃત્રિમ ડેટા તથા અનુમાનિત પરિણામ મેળવવા આવશ્યક સ્તરની ક્ષમતા તથા કામગીરી પ્રદાન કરવા એચડીડી કાર્યક્ષમ હોય છે, માટે જ એઆઈના વર્તમાન યુગમાં તે અનિવાર્ય બની રહી છે. વિશ્વભરમાં ડેટા સેન્ટર્સનો જે ઝડપથી વધારો થઈ રહ્યો છે તેટલી જ તેની લાંબા સમય સુધી ટકી રહેવાની ક્ષમતા સામે પણ આશંકાઓ સેવાઈ રહી છે. કારણ કે જંગી ડેટા સેન્ટરો માટે વ્યાપક માત્રામાં વીજળી અને પાણીની આવશ્યકતા રહે છે. આ સેન્ટરોને કુલિંગ માટે વર્ષેદહાડે અબજો લિટર પાણીની જરૂરત રહે છે. ડેટા સેન્ટરની વીજ માગ આગામી પાંચ વર્ષમાં વીજની એકંદર વૈશ્વિક માગના ૩-૪ ટકા પહોંચી જશે જે ૨૦૨૩માં ૧-૨ ટકા હતી.

જાણકારોની વાત માનીએ તો એઆઈ ટેકનોલોજી જ્યાં વીજની જંગી માગ રહે છે ત્યાં કાર્યક્ષમ એચડીડી વીજના વપરાશમાં બચત કરાવે છે જેથી કંપનીઓ જ્યાં ઊંચો



વીજ વપરાશ એક ચિંતાની બાબત હોય છે ત્યાં તેમના કામકાજ પાછળના ખર્ચમાં બચત થવા પામે છે. એઆઈ માળખામાં જ્યાં ડેટામાં વધારો થતો જાય છે ત્યાં એચડીડી તેને સંગ્રહ કરવાની અને જાળવવાની પોતાની કામગીરી પાર પાડે છે. એઆઈ ટેકનોલોજી ક્ષેત્રે ભારતને એક ઊભરતી બજાર તરીકે જોવાઈ રહ્યું છે પરંતુ એઆઈ માટે જરૂરી માળખાની દ્રષ્ટિએ અમેરિકા તથા ચીનની તુલનાએ ભારત હજુ પાછળ હોવાનું કહેવાય છે. વ્યાપક આઈટી ટેલેન્ટ, ૩૦૦૦ એઆઈ સ્ટાર્ટઅપ્સની હાજરી તથા મજબૂત આઈટી કંપનીઓ એઆઈ ક્ષેત્રે ભારતનું એક પોઝિટિવ પાસુ છે અને આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા સરકાર તરફથી પહેલ પણ કરવામાં આવી રહી છે, ત્યારે એઆઈ માટે ડેટાના પ્રોટેકશનની ખાતરી સાથેના આવશ્યક માળખા ઊભા કરવાની બાબતને ભારતમાં પ્રાધાન્યતા મળી રહે તે જરૂરી હોવાનો ઉદ્યોગમાં મત પ્રવર્તી રહ્યો છે. મર્યાદિત કોમ્પ્યુટિંગ પાવર, ડેટા સ્ટોરેજ તથા હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેકટિવિટીનો અભાવ ભારતમાં એઆઈ ટેકનોલોજીના વિકાસ સામે પડકારરૂપ બની રહ્યા છે. આ હકીકતને ધ્યાનમાં રાખી મોટી ક્ષમતા સાથેના કોમ્પ્યુટિંગ માળખા, ડેટા સેન્ટર્સ , એચડીડીની ઉપલબ્ધતા તથા ઈન્ટરનેટ જોડાણમાં ઝડપથી સુધારા કરવા પર હિસ્સેદારો દ્વારા ભાર અપાઈ રહ્યો છે. એઆઈના વિકાસનો મુખ્ય આધાર ઊંચી ગુણવત્તા, વૈવિધ્યસભર તથા સુસંગત ડેટા પર રહેલો છે, પરંતુ ભારતમાં ભાષાકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિક વૈવિધ્યતાને પરિણામે ડેટા એકઠા કરવાનું તથા તેને પ્રોસેસ કરવાની કામગીરી પડકારરૂપ રહેલી છે. માળખાના અભાવે એઆઈ ટૂલ્સ તથા સોલ્યુશન્સના વિકાસકો સામે નવીનતા પૂરી પાડવાનું જોખમરૂપ બની રહ્યું છે. ડેટાના રક્ષણ તથા જવાબદારી જેવી એઆઈ સંબંધિત ચિંતાઓને દૂર કરવા મજબૂત માળખાની આવશ્યકતા હોવાનો મત પ્રવર્તી રહ્યો છે, જેથી એઆઈ ટેકનોલોજીના ઝડપી વિકાસ તથા વપરાશનો માર્ગ મોકળો બની શકે. વિશ્વની અનેક કંપનીઓ ભારતમાં એઆઈ ક્ષેત્રમાં પોતાની હાજરી વધારવા માગે છે ત્યારે આવનારા મહિનાઓમાં ભારત એઆઈ માળખામાં સજ્જ રહે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. સ્પર્ધાત્મક બનવા માટે ભારતે એઆઈ સંચાલિત આઈટી અને જીપીયુ આધારિત માળખા તથા ઊભા કરવાના રહેશે.

ભારતની એઆઈ મહત્વાકાંક્ષા સિદ્ધ કરવા એચડીડી મહત્વની ભૂમિકા ભજવે છે અને તે પણ માત્ર ડેટા સ્ટોરેજ યંત્ર તરીકે જ નહીં પરંતુ દેશના વધી રહેલા એઆઈ ક્ષેત્રને ટકાવી રાખવાના પાયા તરીકે પણ કામગીરી પૂરી પાડે છે. એઆઈ માટેના અન્ય માળખાઓની જેમ એચડીડી પણ એઆઈનું પાયાનો હિસ્સો છે તેવો પણ નિષ્ણાતો મત ધરાવી રહ્યા છે.

# ટીનએજર્સમાં ડિજિટલ એડિક્શન ભયાનક સ્તરે વધી રહ્યું છે

## ડિજિટલ એડિક્શનને પગલે ટીનએજર્સ અને યુવાનો ભયાનક રીતે ડિપ્રેશન, એન્ગ્ઝાઈટી, વાયોલન્સ અને સાઈબર ક્રાઈમનો ભોગ બની રહ્યા છે

સંસદમાં સરકાર દ્વારા વાર્ષિક આર્થિક સર્વેક્ષણનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. મહત્ત્વની વાત એ છે કે, આ અહેવાલમાં સરકાર દ્વારા દેશની આર્થિક બાબતો ઉપરાંત સામાજિક બાબતોને પણ ઉજાગર કરવામાં આવી હતી. આ સર્વેમાં જણાવવામાં આવ્યું હતું કે, દેશોના યુવાનો, ટીનએજર્સ અને બાળકોમાં ડિજિટલ એડિક્શન સતત વધી રહ્યું છે અને તે ભારત માટે ચિંતાનો વિષય છે. સોશિયલ મીડિયાની લતથી શરૂ કરીને ઓનલાઈન સટ્ટાબાજીની એપ્સના વળગણ સુધી વિવિધ વયના બાળકો, કિશોરો અને યુવાનો પોતાની જિંદગી ખરાબ કરી રહ્યા છે. તેમાં જણાવાયું હતું કે, જે રીતે બાળકો અને કિશોરોમાં સોશિયલ મીડિયાનો અને ઈન્ટરનેટ માધ્યમોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, તેના કારણે તેઓ ડિપ્રેશન, એન્ગ્ઝાઈટી, હિંસા અને સાઈબર ક્રાઈમ વગેરેનો ભોગ બની રહ્યા છે. તેના કારણે તેમના પરિવાર પણ પીડમાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, સર્વેમાં જણાવાયું છે કે, આ ડિજિટલ એડિક્શનને પગલે બાળકોમાં ઉંઘની સમસ્યા સૌથી મોટો પડકાર બની રહી છે. તેના કારણે તેમની રોજિંદી કામગીરી અને અભ્યાસને નકારાત્મક અસર પડી રહી છે. તેઓ ધ્યાન રાખીને અભ્યાસ કરી શકતા નથી અને તેના કારણે તેમના પરિણામે નબળા આવે છે, ઉંઘ પૂરી ન થવાથી શરીરમાં થાક અને સુસ્તી રહ્યા કરે છે. તેના કારણે સામાજિક પ્રવૃત્તિઓમાં પણ ઉશ્કેરાટ વધતો જાય છે. આ અંગે સરકારી અહેવાલમાં અને અન્ય સરકારી તથા બિનસરકારી સંસ્થાઓ દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. તે ઉપરાંત વિવિધ ગાઈડલાઈન્સ પણ જારી કરવામાં આવી છે. ખાસ કરીને નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ચાઈલ્ડ રાઈટ્સ દ્વારા બાળકોના સ્ક્રીન ટાઈમને નક્કી કરવાનું સુચન કરવામાં આવ્યું હતું.

આ અહેવાલમાં જણાવાયું હતું કે, ભારતમાં કરાયેલા અને વૈશ્વિક સ્તરે થયેલા અનેક સર્વે જણાવે છે કે, ૧૨ થી ૨૪ વર્ષના કિશોરો અને યુવાનોમાં ડિજિટલ માધ્યમોનું વળગણ સતત વધી રહ્યું છે. લોકોમાં હવે મોબાઈલ અને સોશિયલ મીડિયાના માધ્યમો હવે લત અને કુટેવ બની રહ્યા છે. તેના પગલે ઉશ્કેરાટ, ગુસ્સો, ડિપ્રેશન, આત્મવિશ્વાસનો અભાવ, સાઈબર બુલિંગ અને સાઈબર ક્રાઈમ જેવી બાબતો વધી રહી છે. તે ઉપરાંત યુવાનોમાં કમ્પલ્સિવ સ્ક્રોલિંગ, સોશિયલ



મીડિયા કમ્પેરિઝન અને ગેમિંગ ડિસઓર્ડર જેવી માનસિક બિમારીઓ પણ વધી રહી છે. તેના પગલે કિશોરો અને યુવાનોમાં ઉંઘ ઓછી થઈ ગઈ છે, ગુસ્સો અને ઉશ્કેરાટ વધી ગયા છે, સામાજિક જોડાણનો અભાવ જણાય છે, ડિપ્રેશન આવતું જાય છે. સરકાર દ્વારા આ સ્થિતિને કાબુ કરવા માટે ઘણા પગલા લેવામાં આવી રહ્યા હોવાનો પણ દાવો કરાયો છે. ટેલિ માનસ નામની એક ટિલફોન હેલ્પલાઈન ચલાવવામાં આવી રહી છે. તે ૨૪ કલાક અને ૭ દિવસ કાયમ ઉપલબ્ધ કરાવાઈ છે. તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી કોઈપણ આ હેલ્પલાઈન દ્વારા સોશિયલ મીડિયાના વગળણથી કે ડિજિટલ ડિટોક્સ માટે કામગીરી કરી શકે છે. આ ઉપરાંત ૨૦૨૪માં ટેલિ માનસ એપ પણ લોન્ચ કરવામાં આવી હતી. આ એપ લોન્ચ થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૩૨ લાખ લોકોએ તેનો લાભ લીધો છે.

જાણકારો માને છે કે, સરકાર દ્વારા ૧૬ વર્ષથી નીચેની ઉંમરના યુઝર્સ ઉપર સોશિયલ મીડિયાના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવા અંગે વિચાર થવો જોઈએ. આ અંગે અન્ય દેશોની જેમ ભારતમાં પણ આકરા નિયમો બનવા જોઈએ. બીજી તરફ ઓફલાઈન યુથ હબ્સ બનાવવા જોઈએ. ખાસ કરીને અર્બન વિસ્તારોમાં, સ્લમ્સમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ શારીરિક રીતે કરી શકાય તેવી કામગીરી અને અન્ય એક્ટિવિટીના સેન્ટરો શરૂ કરવા જોઈએ જેથી યુવાનો મોબાઈલ છોડીને તેમાં વ્યસ્ત રહી શકે અને આનંદ મેળવી શકે. સ્કૂલ, કોલેજોમાં પણ વિવિધ સ્તરે સેમિનાર થવા જોઈએ જે ડિજિટલ એડિક્શનથી બાળકોને દૂર લઈ જાય અને તેમના આત્મવિશ્વાસમાં વધારો કરીને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં તેમને જોડી શકે. ડિજિટલ વેલનેસ કરિક્યુલમ પણ ઉમેરવો જોઈએ જેથી તેમનામાં સાઈબર લિટરસી, સાઈબર સેફ્ટી અને મેન્ટલ હેલ્થ અંગે જાગ્રતી આવે.

ઉલ્લેખનીય છે કે, વિશ્વના વિવિધ દેશોમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવા માટે વય મર્યાદાના કાયદા બનાવવામાં આવેલા છે અને કડકાઈથી લાગુ પણ કરવામાં આવેલા છે. વિશ્વના દેશો ઉપર નજર કરીએ તો, સૌથી કડક કાયદો ઓસ્ટ્રેલિયાએ ડિસેમ્બર ૨૦૨૫માં લાગુ કર્યો હતો. જાણકારોના મતે તેણે વિશ્વનો સૌથી કડક કાયદો અમલી બનાવ્યો છે. અહીં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આ કાયદો લાગુ થઈ ગયો છે. સોશિયલ મીડિયા કંપનીઓને બાળકોને રોકવા માટે 'યોગ્ય પગલાં' લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. જો ૧૬ વર્ષથી નીચેના બાળકો સોશિયલ મીડિયા માધ્યમોનો ઉપયોગ કરતા જણાશે તો કંપનીઓને ૪૯.૫ મિલિયન છેંઘ (આશરે રૂ. ૨૭૦ કરોડ) સુધીનો દંડ કરવાની જોગવાઈ કરાઈ છે. હવે માતા-પિતાની સંમતી પણ માન્ય રાખવામાં આવી નથી. ૧૬ વર્ષથી નીચે કોઈને સોશિયલ મીડિયાનો ઉપયોગ નહીં કરવા દેવાય. તેવી જ રીતે ફ્રાન્સ પણ આ દિશામાં ખૂબ જ સક્રિય છે. ત્યાંના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન આ મુદ્દે સતત અવાજ ઉઠાવી રહ્યા છે. ત્યાં ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા એકાઉન્ટ બનાવવા પર પ્રતિબંધની તૈયારી ચાલી રહી છે. તાજેતરમાં (જાન્યુઆરી ૨૦૨૬) નેશનલ એસેમ્બલીએ આ અંગેના એક બિલને મંજૂરી આપી છે, જેને સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં સંપૂર્ણપણે અમલી બનાવવાનું લક્ષ્ય છે. હાલમાં, ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને એકાઉન્ટ બનાવવા માટે માતા-પિતાની પરવાનગીની જરૂર પડે છે. આ સિવાય અમેરિકામાં પણ કેટલાક કાયદા છે. અમેરિકામાં હાલમાં કોઈ સમાન રાષ્ટ્રીય કાયદો નથી, પરંતુ રાજ્ય સ્તરે ઘણા કડક નિયમો છે. ભેંછ કાયદા હેઠળ ફેડરલ સ્તરે ૧૩ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો ડેટા માતા-પિતાની પરવાનગી વિના લઈ શકાતો નથી. ફ્લોરિડા, ઉટાહ અને વર્જિનિયા જેવા રાજ્યોએ ૧૪થી ૧૬ વર્ષના બાળકો માટે સોશિયલ મીડિયા પર કડક પ્રતિબંધો લાદ્યા છે.

ભારતમાં હાલમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ડેટા પ્રોટેક્શન કાયદા હેઠળ 'કિશોર' માનવામાં આવે છે અને તેમના માટે માતાપિતાની સંમતિ જરૂરી છે. ચિંતાજનક બાબત એ છે કે, સોશિયલ મીડિયા એક્સેસ માટે કોઈ કડક વય પ્રતિબંધ નથી. તાજેતરના અહેવાલો અનુસાર, ગોવા અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યો ઓસ્ટ્રેલિયાના મોડલ પર વિચાર કરી રહ્યા છે.

# ડાક વિભાગે 'પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ'ની 142મી વર્ષગાંઠ ઉજવી, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે પોલિસી બોન્ડનું વિતરણ કર્યું

## ભારતની સૌથી જૂની જીવન વીમા સેવા 'પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ' એ 142 વર્ષ પૂર્ણ કર્યા, 1 ફેબ્રુઆરી 1884ના રોજ થઈ હતી શરૂઆત – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

ગાંધીનગર, તા.02

ડાક વિભાગે પત્ર અને પાર્સલ સેવાઓ સાથે-સાથે જીવન વીમાના ક્ષેત્રમાં પણ એક સશક્ત, વિશ્વસનીય અને જનકલ્યાણકારી સંસ્થાના રૂપમાં પોતાની વિશિષ્ટ ઓળખ સ્થાપિત કરી છે. પરંપરાગત સેવાઓથી આગળ વધીને, ડાક વિભાગે દાયકાઓથી જીવન વીમાના ક્ષેત્રમાં સતત સેવાઓ પૂરી પાડી નાગરિકોના જીવનમાં આર્થિક સ્થિરતા, સામાજિક સુરક્ષા અને નાણાકીય સંરક્ષણનો મજબૂત આધાર ઊભો કર્યો છે. ઉપરોક્ત વિચાર ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સના ગૌરવશાળી 142મા વર્ષમાં પ્રવેશના અવસરે, તારીખ 2 ફેબ્રુઆરી, 2026ના રોજ ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ ખાતે આયોજિત કાર્યક્રમમાં વ્યક્ત કર્યા. આ અવસરે તેમણે વીમાધારકોને પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ પોલિસી બોન્ડ, પરિપક્વતા દાવા તથા દાવા ચુકવણી સોંપી તેમના સુખી ભવિષ્યની શુભેચ્છા પાઠવી.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે જીવન વીમો આધુનિક યુગમાં આવશ્યક હોવા સાથે નાણાકીય સુરક્ષા અને રોકાણનું એક વિશ્વસનીય માધ્યમ પણ છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં



હાલમાં પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ અને ગ્રામિણ પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સની કુલ 2.08 લાખથી વધુ પોલિસીઓ અમલમાં છે. એક નવીન પહેલ અંતર્ગત ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના 708 ગામોમાં તમામ પાત્ર વ્યક્તિઓને વીમા આવરી લઈને તેમને 'સંપૂર્ણ વીમા ગ્રામ' તરીકે વિકસાવવામાં આવ્યા છે. ડાકઘરોમાં લોકોની ઉંમર અને જરૂરિયાત અનુસાર જીવન વીમાની વિવિધ યોજનાઓ ઉપલબ્ધ છે, જેમાં સુરક્ષા (આજીવન વીમો), સંતોષ, સુવિધા, સુમંગલ, યુગલ સુરક્ષા તથા ચિલ્ડ્રન પોલિસીનો સમાવેશ થાય છે. ઓછા પ્રીમિયમ અને ઊંચા બોનસ આ પોલિસીઓની વિશિષ્ટતા છે, જે તેને ભારતમાં અન્ય જીવન વીમા સંસ્થાઓથી અલગ ઓળખ આપે છે. બચત લાભ અને જીવન વીમા કવર ઉપરાંત આ પોલિસીઓ ગ્રાહકોને લોન સુવિધા પણ પ્રદાન કરે છે. પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ સેવાને નવીન ટેક્નોલોજી અપનાવીને ઑનલાઈન બનાવવામાં આવી છે. પોલિસીધારકો માટે ઈ-પીએલઆઈ બોન્ડની સુવિધા પણ ઉપલબ્ધ છે, જે ડિજિલોકર પર ઉપલબ્ધ છે. હવે ડાક વિભાગ દ્વારા પોલિસી બોન્ડ જારી થયા બાદ તરત જ પોલિસી બોન્ડ ડાઉનલોડ કરી શકાય છે. નવીન રીતે, પ્રીમિયમ હવે ઓનલાઈન અને આઈપીપીબી મોબાઈલ એપ્લિકેશન દ્વારા જમા કરી શકાય છે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે માહિતી આપતાં જણાવ્યું કે પોસ્ટલ લાઈફ ઈન્સ્યુરન્સની શરૂઆત વર્ષ 1884માં ડાક વિભાગના કર્મચારીઓ માટે એક કલ્યાણકારી યોજના તરીકે કરવામાં આવી હતી અને વર્ષ 1888માં તેને ટેલિગ્રાફ વિભાગના કર્મચારીઓ માટે વિસ્તૃત કરવામાં આવી હતી. વર્ષ 1894માં, પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સએ પી એન્ડ ટી વિભાગની મહિલા કર્મચારીઓને એવા સમયમાં જીવન વીમા કવર પૂરું પાડ્યું હતું, જ્યારે કોઈ અન્ય વીમા કંપની મહિલાઓને જીવન વીમો આપતી નહોતી. પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સના લાભ કેન્દ્ર તથા રાજ્ય સરકારોના કર્મચારીઓ, જાહેર ઉપક્રમો, સરકારી સહાય પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થાઓ, રાષ્ટ્રીયકૃત બેંકો, સંરક્ષણ સેવાઓ તેમજ અર્ધલશ્કરી દળોના કર્મચારીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. સપ્ટેમ્બર 2017માં પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સનો લાભ વધારીને વ્યાવસાયિકો (જેમ કે ઈજનેર, ડોક્ટર, બેંકર, વકીલ, આર્કિટેક્ટ, પત્રકાર વગેરે) તેમજ નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ)માં સૂચિબદ્ધ કંપનીઓના કર્મચારીઓને પણ આપવામાં આવ્યો. તારીખ 1 ડિસેમ્બર, 2022થી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત કોઈપણ યુનિવર્સિટી/સંસ્થાના તમામ સ્નાતક/ડિપ્લોમાધારકો પણ પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સનો લાભ લઈ શકે છે.

પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ અંતર્ગત મળતા લાભોની ચર્ચા કરતાં પ્રવર અધિક્ષક ચિરાગ મહેતાએ જણાવ્યું કે રોકાણની સુરક્ષા પર સરકારની ગેરંટી, આવકવેરા ધારા 80 હેઠળ કરમાં છૂટ, દેશના કોઈપણ ડાકઘરમાં પ્રીમિયમ જમા કરવાની સુવિધા તેમજ આગોતરા પ્રીમિયમ પર છૂટ આપવામાં આવે છે. પોલિસી પર બોનસનો દર રૂપિયા 48 પ્રતિ હજારથી લઈને રૂપિયા 76 પ્રતિ હજાર સુધી છે. પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સના અંતર્ગત રૂપિયા 20 હજારથી લઈને રૂપિયા 50 લાખ સુધીનો વીમો કરાવવાની સુવિધા દેશભરના ડાકઘરોમાં ઉપલબ્ધ છે.

સહાયક નિદેશક વી.એમ. વહોરાએ જણાવ્યું કે ભારતીય ડાક વિભાગ દ્વારા લેપ્સ પોલિસીઓ માટે એક વિશેષ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. આ ડ્રાઈવ 14 જાન્યુઆરી, 2026થી 14 એપ્રિલ, 2026 સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન, જેમની જીવન વીમા પોલિસીઓ લેપ્સ થઈ ગઈ છે તેવા વીમાધારકોને પોલિસી રિવાઈવ કરાવતા ડિફૉલ્ટ ચાર્જમાં વિશેષ છૂટ આપવામાં આવી રહી છે. આ પહેલનો હેતુ નાગરિકોને તેમની જીવન વીમા પોલિસીઓના લાભો સતત પ્રાપ્ત રહે તે માટે અવસર આપવાનો તેમજ તેમની નાણાકીય સુરક્ષાને વધુ મજબૂત બનાવવાનો છે.

આ અવસરે પ્રવર અધિક્ષક ચિરાગ મહેતા, ડેપ્યુટી સુપ્રિટેન્ડેન્ટ એસ.કે. વર્મા, સહાયક નિદેશક વી.એમ. વહોરા, અલ્પેશ શાહ, રિતુલ ગાંધી, સિનિયર પોસ્ટમાસ્ટર પી.જે. સોલંકી, સહાયક લેખા અધિકારી ચેતન સૈન, રામસ્વરૂપ મંગાવા, સહાયક અધિક્ષક જીનેશ પટેલ, આર.ટી. પટેલ, રોનક શાહ, ભાવિન પ્રજાપતિ, નિરીક્ષિક સુપાયલ પટેલ, યોગેન્દ્ર રાઠોડ, ભાવેશ રાવલ, દર્શન શ્રીમાલી, દીપક પરમાર, ચિરાયુ વ્યાસ સહિત અનેક અધિકારી-કર્મચારીઓ તથા વીમાધારકો હાજર રહ્યા. કાર્યક્રમનું સંચાલન અભિષેક પીઠડિયા દ્વારા કરવામાં આવ્યું.

# દેવગઢ બારીઆ તાલુકાના ભુવાલ ગામ ની પાનમ નદી મા થી કાઢવા મા આવતી ગેરકાયદેસર રેતી.



દેવગઢ બારીઆ, તા,02

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ તાલુકાના ભુવાલ ગામ ની પાનમ નદી મા થી રોયલ્ટી પાસ પરવાનગી વગર બારોબાર હિટાચી મશીનો દ્વારા રેતી કાઢી સરકાર અને ગ્રામ પંચાયત નુકશાન પહોંચાડે છે આ બાબત ની જાણ સરકારી તંત્ર ને હોવા છતાં કોઈ પણ પ્રકાર ના પગલા ભરવા આવતા નથી તસવીર માં જોઈ શકાય છે કે વ્હેતા પાણી ને ગેરકાયદેસર રોકી પાણી ની પાળ બનાવી પાણી ને વહેતું પણ અટકાવી દેવા માં આવેલ આ બાબત ની ખાણખનિજ વિભાગ ને હોવા છતાં કોઈ પણ પ્રકાર ના પગલા ના ભરતા હોય તેનું કારણ શું જો સરકારી તંત્ર આ બાબત મા કોઈ પણ પ્રકાર ના પગલા નહી ભરે તો આવનારા ગરમી ના દિવસો માં આસપાસ ના વિસ્તાર ના લોકો ને પાણી ખૂબ મોટી સમસ્યા ઉભી થાય તેમ છે તે આ તસવીર માં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે હવે જોવા નું રહ્યું કે શું આ આ અહેવાલ બાદ સરકારી તંત્ર અને ખાણખનિજ વિભાગ કોઈ પગલા લેશે કે પછી કુંભકર્ણ ની જેમ ઊંઘ માં જ રહેશે.

# ગાંધીધામ-આદીપુર રેલવે સેક્શનમાં ચૌહરિકરણ કરવાના કામને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

અમદાવાદ, તા.02

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના ગાંધીધામ-ભુજ સેક્શનમાં ગાંધીધામ-આદીપુર ચૌહરિકરણ (Quadrupling) પરિયોજના હેઠળ ગાંધીધામ કેબિન-આદીપુર સ્ટેશનો વચ્ચે કમીશનીંગથી સંબંધિત સૂચિત (TWO) કામને લીધે 04 ફેબ્રુઆરીથી 13 ફેબ્રુઆરી 2026 સુધી કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે.

અમદાવાદ મંડળના ગાંધીધામ-ભુજ સેક્શનમાં ગાંધીધામ કેબિન અને આદીપુર સ્ટેશનો વચ્ચે ચારગણા (Quadrupling) કમીશનીંગનું કામ પ્રગતિ પર છે. આ પરિયોજના ક્ષેત્રમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુદ્રઢ કરવાની દિશામાં એક મહત્વનું પગલું છે. ચારગણું થવાથી આ સેક્શનની લાઈન ક્ષમતામાં વૃદ્ધિ થશે, જેનાથી ટ્રેનોનું સંચાલન વધુ સુગમ, સમયબદ્ધ અને સુરક્ષિત થશે. સાથે જ માલ અને યાત્રી ટ્રાફિકનું ઉત્તમ વ્યવસ્થાપન થશે, જેનાથી ક્ષેત્રીય વેપાર, ઉદ્યોગ અને યાત્રીઓને લાભ મળશે.

અમદાવાદ મંડળ દ્વારા પરિયોજનાને સમય-સીમામાં પૂર્ણ કરવાના સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ પહેલ ભારતીય રેલવેની આધુનિક, ઝડપી અને વિશ્વાસપાત્ર રેલવે સેવાઓ પૂરી પાડવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

# 'દીકરીઓની છેડતીમાં કાયદો પણ કુદાવી દઈશું, વગર FIRએ શિક્ષા': ખાલી મારી સુધી વાત પહોંચાડી દેજો

સુરત, તા.02

સુરતમાં 1 ફેબ્રુઆરીએ વાટલીયા પ્રજાપતિ સમાજનો 68મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ સમૂહલગ્નમાં હાજર રહેલા કતારગામના ધારાસભ્ય વિનુ મોરડીયાએ મંચ પરથી દીકરીઓની સુરક્ષા અંગે અત્યંત કડક શબ્દોમાં બાંહેધરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, કોઈપણ સમાજની દીકરી હોય, તેની સુરક્ષાની જવાબદારી મારી એકલાની છે. સામે ગમે તેટલી વગ ધરાવતો માણસ કેમ ન હોય, તેને 24 કલાકમાં ઝેર કરવાની જવાબદારી હું લઉં છું. અસામાજિક તત્વોને 'વગર FIRએ શિક્ષા' કરવામાં આવશે. જો મારો અંગત માણસ પણ ગુનો કરશે, તો હું તેને પણ નહીં છોડું. દીકરી એટલે વાત્સલ્યનું ઝરણું. આ સૂત્રને સાર્થક કરતા સુરતમાં સમસ્ત વાટલીયા પ્રજાપતિ સમાજ દ્વારા 68માં સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ માત્ર નવદંપતીઓના મંગલ પ્રવેશ માટે જ નહીં, પરંતુ સમાજમાં વ્યાપેલા આર્થિક બોજ સમાન કુરિવાજોને દૂર કરવા માટે લેવાયેલા ક્રાંતિકારી નિર્ણયોને કારણે ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. સમાજને આર્થિક રીતે સદ્ધર કરવા કુરિવાજોનો બહિષ્કાર, વધતી જતી મોંઘવારી અને લગ્નના નામે થતા બિનજરૂરી ખર્ચ સામે લાલ આંખ કરતા વાટલીયા પ્રજાપતિ સમાજે એક અનોખી પહેલ કરી છે.

કલ્પેશ વરિયા (પ્રમુખ સમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિ)એ જણાવ્યું હતું કે, લગ્નોમાં થતા ભપકા અને દેખાડાને કારણે દીકરી કે દીકરાના પિતાને વ્યાજે પૈસા લેવા પડે છે, જે સ્થિતિ રોકવી અનિવાર્ય છે. આ માટે પ્રી-વેડિંગ ફોટોશૂટ, વાના રસમ, મહેંદી રસમ અને ફૂલો કી હોલી જેવી ખર્ચાળ વિધિઓનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવ્યો છે. સમાજના બંધારણમાં ફેરફાર કરી આ 'કામ વગરની' રસમો દૂર કરવાનો નિર્ણય લેવાયો છે, જેથી મધ્યમ વર્ગના પરિવારો આર્થિક રીતે તૂટતા બચે. આ સમૂહલગ્નમાં હાજર રહેલા કતારગામના ધારાસભ્ય વિનુ મોરડીયાએ મંચ પરથી દીકરીઓની સુરક્ષા અંગે અત્યંત કડક શબ્દોમાં બાંહેધરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, બે વાત કહીને મારી વાતને હું પૂરી કરીશ. બે વાત કરવાની છે.

# રમરમાટ મહિન્દ્રા BE-6 કારે 5 વાહનને અડફેટે લીધાં: સુરતમાં નબીરાએ રસ્તાને બનાવ્યો રેસિંગ ટ્રેક, મામલો દબાવવા 'ખેંચ'નું બહાનું?

સુરત, તા.02

ડાયમંડ સિટી સુરતમાં નબીરાઓની બેદરકારી અને તેજ રફ્તારનો કહેર યથાવત્ છે. શહેરના પોશ ગણાતા મગદલ્લા-ડુમસ વિસ્તારમાં આવેલા એરપોર્ટ રોડ પર અવધ ઉથોપિયા નજીક ગત(1 ફેબ્રુઆરી) મોડીરાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. માલેતુજાર પરિવારના યુવક એવા વિરલ દેસાઈએ પોતાની પૂરપાટ ઝડપે જતી લક્ઝરી કાર પરથી કાબૂ ગુમાવતાં રસ્તા પર ઊભેલાં વાહનોના ફુરચા બોલાવી દીધા હતા. આ સાથે ત્રણ કાર અને બે મોપેડને ટક્કર મારતાં ત્રણ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે.



વેસુ વિસ્તારમાં રહેતા અને પારુલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા જય મિલાશભાઈ શાહ (ઉં.વ. 21) તેમના મિત્ર વિક્કી આશિષભાઈ પટેલ સાથે રવિવારે રાત્રે ડુમસ ફરવા ગયા હતા. રાત્રે અંદાજે 11 વાગ્યાની આસપાસ જ્યારે તેઓ તેમની ઓલા મોપેડ (GJ-05-TS-8667) પર પરત ફરી રહ્યા હતા, ત્યારે ડી.પી.એસ. સ્કૂલના ચાર રસ્તા પાસે પાછળથી આવતી એક કાળા રંગની મહિન્દ્રા BE6 કારના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે મોપેડને ટક્કર માર્યા બાદ કાર ચાલકે સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને રોડની સાઈડમાં પાર્ક કરેલી અન્ય ત્રણ ગાડીઓને અડફેટે લીધી હતી. મારુતિ સ્વિફ્ટ ડિઝાયર (GJ-05-CW-2006), મારુતિ સ્વિફ્ટ ડિઝાયર (GJ-05-CW-6787), મારુતિ અર્ટિગા (GJ-05-CY-1615)ને ભારે નુકસાન થયું હતું. આ અકસ્માતમાં મોપેડ સવાર જય શાહને માથા અને હાથ-પગના ભાગે ઈજાઓ થઈ છે, જ્યારે પાછળ બેઠેલા મિત્ર વિક્કી પટેલને કમરના મણકામાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી છે. બંનેને તાત્કાલિક 108 મારફતે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જનાર મહિન્દ્રા કારનો ચાલક 44 વર્ષીય વિરલ દેસાઈ પણ ઘટના બાદ અર્ધબેભાન હાલતમાં મળી આવ્યો હતો, જેને સ્થાનિક લોકોએ બહાર કાઢી સારવાર માટે ખસેડ્યો હતો. પોલીસે અકસ્માત સર્જનાર કાર ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડુમસ પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, અકસ્માત કરનાર વિરલ દેસાઈને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યાં તેને ગંભીર ઈજાઓના પગલે આઈસીયુમાં એડમિટ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. તેને ખેંચ આવવાના કારણે આ અકસ્માત થયો હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળી રહ્યું છે. વિરલ દેસાઈ ઘરેથી નીકળીને દીકરાને લેવા માટે એસવીએનએટી ખાતે જઈ રહ્યા હતા તે દરમિયાન અકસ્માત સર્જાયો હતો.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, કારની ઝડપ એટલી પ્રચંડ હતી કે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. આ બેકાબૂ કારે રોડ પર પાર્ક કરેલી 3 કારને જોરદાર ટક્કર મારી હતી, સાથે 2 મોપેડને પણ ઉડાવ્યા હતા. સદનસીબે આ અકસ્માત મોડીરાત્રે સર્જાયો હોવાથી અને વાહનો પાર્ક કરેલા હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વાહનોને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું છે.

બનાવની જાણ થતાં જ ડુમસ પોલીસકાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોનો કબજો લઈ આગળની તપાસ હાથ ધરી હતી. શું ચાલક નશાની હાલતમાં હતો? શું ખરેખર તબીબી કારણોસર અકસ્માત થયો કે પછી ઓવરસ્પીડિંગ જવાબદાર છે? આ તમામ પાસાં પર તપાસ ચાલી રહી છે. 1 જાન્યુઆરી, 2026ની રાત્રે દારૂ પીને 150 કિમીથી વધુની ઝડપે મહિન્દ્રાની ઈલેક્ટ્રિક BE-6 કાર હંકારી રહેલા કાપડ વેપારી મંથન પટેલ અને BMW ચલાવી રહેલા ઝલક નામના યુવાને નિર્દોષ પરિવારની સ્વિફ્ટ કારનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો હતો.

# ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ નોંધાવ્યો....

## ઐતિહાસિક બજેટ ફાળવણી, આધુનિક સ્ટેશનો અને વિશ્વસ્તરીય ટ્રેન સેવાઓથી રેલવેના પરિદ્રશ્યમાં રૂપાંતર

ગાંધીનગર, તા.02

ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ અંદાજપત્ર સહાય અને ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ સાથે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે, જેનાથી રાજ્યમાં સુરક્ષિત, આધુનિક અને યાત્રી-કેન્દ્રીત રેલવે પરિવહનના નવા યુગની શરૂઆત થઈ રહી છે. ગુજરાત માટે સરેરાશ વાર્ષિક રેલવે બજેટની ફાળવણી વર્ષ 2009-14 દરમિયાન 589 કરોડ હતી, જે વધીને 2026-27ના સમયગાળામાં 17,366 કરોડ થઈ છે. આ લગભગ 29 ગણો વધારો છે, જે રાજ્યમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી મજબૂત કરવા માટે સરકારની દ્રઢ પ્રતિબદ્ધતા દર્શાવે છે. ગુજરાતમાં હાલમાં 1,28,748 કરોડની કિંમતના રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પ્રગતિમાં છે. આ કાર્યોમાં ટ્રેક નિર્માણ, સ્ટેશન પુનઃવિકાસ અને સુરક્ષામાં મોટા સુધારાઓનો સમાવેશ થાય છે, જે સમગ્ર નેટવર્કમાં લાંબા ગાળાની ક્ષમતા વૃદ્ધિ અને ઓપરેશનલ કાર્યક્ષમતા સુનિશ્ચિત કરે છે. અમૃત સ્ટેશન યોજના હેઠળ, ગુજરાતના 87 રેલવે સ્ટેશનોને 6,058 કરોડના કુલ રોકાણ સાથે વ્યાપક પુનઃવિકાસ માટે પસંદ કરવામાં આવ્યા છે. ડાકોર, હાપા, જામ જોધપુર, મોરબી, ઓખા, પાલીતાણા અને પોરબંદર સહિત 19 સ્ટેશનો પર પુનઃવિકાસનું કામ પહેલેથી જ પૂર્ણ થઈ ગયું છે, જેનાથી યાત્રીઓની સુવિધાઓ અને સ્ટેશનની સુંદરતામાં નોંધપાત્ર સુધારો થયો છે

આ સેવાઓ યાત્રીઓને ઝડપી, સુરક્ષિત અને વધુ આરામદાયક યાત્રાનાના વિકલ્પો ઉપલબ્ધ કરાવે છે. વર્ષ 2014 થી, ગુજરાતના રેલવે નેટવર્કનો આશરે 2,900 કિમીના નવા રેલવે ટ્રેકના નિર્માણ સાથે ઝડપથી વિસ્તાર થયો છે, જે ઘણા યુરોપિયન દેશોના કુલ રેલવે નેટવર્ક કરતા પણ વધુ છે. રાજ્યએ 100% વિદ્યુતીકરણ પણ હાંસલ કર્યું છે, જેમાં 4,005 કિમી રેલ લાઈનનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે, જે પર્યાવરણને અનુકૂળ અને ઉર્જા-કાર્યક્ષમ કામગીરીમાં મદદરૂપ થાય છે. ઉપરાંતમાં, લેવલ ક્રોસિંગ દૂર કરવા અને માર્ગ-રેલવે અવરજવરને સરળ બનાવવા માટે રાજ્યભરમાં 1,177 ફ્લાયઓવર અને અંડરપાસ બનાવવામાં આવ્યા છે. પોતાની 'સુરક્ષા-પ્રથમ' નીતિના ભાગરૂપે, ભારતીય રેલવેએ ગુજરાતમાં સ્વદેશી 'કવચ' ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ લાગુ કરી છે. કુલ મંજૂર 1,842 રૂટ કિલોમીટર લંબાઈમાંથી, 96 રૂટ કિલોમીટર પર કવચ તૈનાત કરવામાં આવ્યું છે, જ્યારે 1,674 રૂટ કિલોમીટર માટે કામ અથવા ટેન્ડર પ્રક્રિયા દ્વારા રેલવે સુરક્ષા ધોરણોમાં નોંધપાત્ર હરણફાળ ભરી છે. વિક્રમજનક રોકાણ, આધુનિક સ્ટેશનો, પ્રીમિયમ ટ્રેનો, સંપૂર્ણ વિદ્યુતીકરણ અને અદ્યતન સુરક્ષા પ્રણાલીઓ સાથે, ભારતીય રેલવે ગુજરાતના માળખાગત અને સામાજિક-આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

# અઠવામાં ઓવરટેક કરવા મામલે લબરમુછીયાઓ વચ્ચે જંગ: હીજડા વાડ પાસે લાકડા, બેલ્ટ અને પથ્થરો વડે હુમલો

સુરત, તા.02

સુરત શહેરના અઠવા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં માત્ર વાહન ઓવરટેક કરવા જેવી નજીવી બાબતે કેટલાક લબરમુછીયા યુવાનો વચ્ચે ઉગ્ર મારામારી થઈ હતી. રસ્તા વચ્ચે થયેલી આ બબાલનો વીડિયો સ્થાનિકોએ બનાવી લીધો હતો, જેમાં કિશોરો એકબીજા પર પટ્ટા અને લાકડા વડે હુમલો કરતા જોવા મળ્યા હતા.

અઠવા વિસ્તારના હીજડા વાડ પાસે આ ઘટના બની હતી. શરૂઆતમાં માત્ર વાહન હટાવવા કે ઓવરટેક કરવા બાબતે બે પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. જોકે, આ બોલાચાલી જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ગઈ હતી. લગભગ 6થી વધુ કિશોરો અને યુવાનો એકબીજા પર તૂટી પડ્યા હતા. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે આ યુવાનોમાં કાયદાનો કોઈ જ ભય રહ્યો નથી. તેઓ જાહેર રસ્તા પર જ એકબીજાના વાળ ખેંચીને, ધક્કામુક્કી કરીને અને લાતો મારીને હિંસા પર ઉતરી આવ્યા હતા.

આ મારામારી એટલી હદે વકરી હતી કે યુવાનોએ રસ્તા પર



પડેલા લાકડાની ફ્રેમ, કમરના પટ્ટા (બેલ્ટ) અને પથ્થરોનો હથિયાર તરીકે ઉપયોગ કરવાનું શરૂ કર્યું હતું. આ હિંસક અથડામણમાં કેટલાક યુવાનોને ગંભીર ઈજાઓ પણ પહોંચી હોવાનું સામે આવ્યું છે. ધોળે દિવસે જાહેર માર્ગ પર પટ્ટા અને લાકડા ઉછળતા જોઈ રસ્તે ચાલતા રાહદારીઓ અને સ્થાનિક રહીશો પણ હેબતાઈ ગયા હતા. સ્થાનિક લોકો આ લબરમુછીયાઓના ત્રાસથી કંટાળી ગયા હતા અને અંતે કોઈએ આ સમગ્ર ઘટનાનો વીડિયો મોબાઈલમાં કેદ કરી લીધો હતો.

સોશિયલ મીડિયા પર જ્યારે આ મારામારીનો વીડિયો વાયુવેગે પ્રસર્યો, ત્યારે સુરતની અઠવા પોલીસ હરકતમાં આવી હતી. પોલીસે વીડિયોના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સીસીટીવી ફૂટેજ અને વાયરલ વીડિયોના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ત્રણ કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરોની ઓળખ કરી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં એ વાતની પુષ્ટિ થઈ છે કે ઝઘડાનું મુખ્ય કારણ માત્ર રસ્તા પર વાહન હટાવવા જેવી બાબત હતી. હાલ પોલીસ અન્ય યુવાનોની શોધખોળ કરી રહી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કેન્દ્રિય બજેટ 2026: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ દ્વારા કૃષિ, ગ્રામિણ અર્થતંત્ર અને સહકારી ક્ષેત્રને નવી ઉડાન: દિલીપ સંઘાણી

## કેન્દ્રિય બજેટ 2026: ખેડૂતો, ગ્રામિણ અર્થતંત્ર અને સહકારી આંદોલનને સશક્ત બનાવવા માટેનું ઐતિહાસિક પગલું છે: દિલીપ સંઘાણી

ગાંધીનગર, તા.02

કેન્દ્રિય બજેટ 2026 નું સ્વાગત કરતાં દેશના વરિષ્ઠ સહકારી નેતા અને ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ કહ્યું કે, આ બજેટ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ હેઠળ "સર્વજન હિતાય, સર્વજન સુખાય" ના આદર્શને સાકાર કરતાં ભારતને "વિકસિત ભારત @2047" ના લક્ષ્યની દિશામાં મજબૂતીથી આગળ લઈ જનાર બજેટ છે. આ બજેટ ખેડૂતો, ગ્રામિણ અર્થતંત્ર અને સહકારી આંદોલનને સશક્ત બનાવનાર ઐતિહાસિક પગલું છે.

કૃષિ ક્ષેત્રમાં AI આધારિત જમીન પરીક્ષણ (Soil Testing), ડિજિટલ માર્કેટપ્લેસ, આધુનિક ટેકનિકનો સમાવેશ અને કૃષિ લોનના લક્ષ્યોને રેકોર્ડ સ્તર સુધી વધારવું તથા ખેડૂતોની આવક વધારવા માટે નિર્ણયાત્મક પગલું છે. પશુપાલન ક્ષેત્રના આધુનિકીકરણથી ગ્રામિણ આજીવિકા ને નવી મજબૂતી મળશે અને દેશના કૃષિ આધારિત ઉદ્યોગોને આત્મનિર્ભરતા મળશે.

સહકારી ક્ષેત્રને નવી દિશા આપવા માટે અધિસૂચિત રાષ્ટ્રીય સહકારી સંગઠનોને 3 વર્ષ સુધી લાભાંશ પર કર છૂટ, તેમજ New Tax Regime માં ઈન્ટર-કોપરેટિવ ડિવિડેન્ડ પર છૂટ આપવામાં આવવી, સહકારી આંદોલનોની ક્ષમતા અને વિસ્તારને મજબૂત બનાવશે. જે વડાપ્રધાન મોદીજીના "સહકાર થી સમૃદ્ધિ" વિઝનને વધુ પ્રબળ બનાવે છે.

IFFCO એ વિશ્વની પ્રતિષ્ઠિત સહકારી સંગઠનોમાંની એક, ભારતીય કૃષિ અને સહકારી આંદોલનનો પ્રતિનિધિ સ્તંભ છે. ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ હંમેશાં ખેડૂતો અને સહકારી સમુદાયના વિકાસ માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

અંતે, દિલીપ સંઘાણીએ કહ્યું કે, કુલ મળીને કેન્દ્રિય બજેટ 2026 વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીની નેતૃત્વ ક્ષમતા, નાણા મંત્રી નિર્મલા સીતારમણજીની આર્થિક વિચારધારા, સહકારી મંત્રી અમિતભાઈ શાહજીની સહકારી દૃષ્ટિ અને કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણજીના ખેડૂત-કેન્દ્રિત નિર્ણયોનું સંયુક્ત પરિણામ છે. આ બજેટ ન માત્ર કૃષિ અને ગ્રામિણ ભારત માટે, પરંતુ સમગ્ર દેશની આત્મનિર્ભરતા, વિકાસ અને સશક્ત સહકારી આંદોલન માટે નિર્ણાયક સાબિત થશે તેમ જણાવ્યું.

# 'જ્યાં સુધી અમે...', ભારત સાથે મેચ ન રમવાના પાકિસ્તાનના નિર્ણય પર BCCIની પહેલી પ્રતિક્રિયા

**નવી દિલ્હી, તા.02**

ભારતમાં યોજાનારા ICC T20 વર્લ્ડકપ 2026ને લઈને પાકિસ્તાને નવું નાટક શરુ કરી દીધું છે. રવિવારે પાકિસ્તાન સરકારે સત્તાવાર એક્સ હેન્ડલ પરથી જાહેરાત કરી હતી કે, પાકિસ્તાની ટીમ ટુર્નામેન્ટમાં રમશે પરંતુ 15 ફેબ્રુઆરી 2026ના રોજ ભારત સામે યોજાનારી હાઈ-વોલ્ટેજ મેચમાં ભાગ લેશે નહીં. એટલે કે પાકિસ્તાન ટુર્નામેન્ટમાં ભાગ લેશે, પરંતુ ભારત-પાકિસ્તાન વચ્ચે યોજાનારી મેચો નહીં રમાય. પાકિસ્તાને ટુર્નામેન્ટમાં ભાગ લેવાની તૈયારી બતાવી છે પણ ભારત સામે રમવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે. ત્યારે હવે પાકિસ્તાનના આ નિર્ણય પર BCCIની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે.



BCCIના વાઈસ પ્રેસિડેન્ટ રાજીવ શુક્લાએ પાકિસ્તાનના સ્ટેન્ડ પર પ્રતિક્રિયા આપી છે અને કહ્યું કે, 'જ્યાં સુધી ICC સાથે કોઈ વાતચીત નહીં થાય ત્યાં સુધી BCCI આગળ કોઈ નિર્ણય નહીં લેશે. ICC એક મોટું નિવેદન જારી કર્યું છે, જેમાં સ્પોર્ટસમેનશિપ અંગે વાત કરી છે. અમે ICC સાથે સંપૂર્ણપણે સંમત છીએ. જ્યાં સુધી અમે ICC સાથે વાત નહીં કરીએ ત્યાં સુધી BCCI આ મામલે કોઈ કોમેન્ટ નહીં કરશે.'

તમને જણાવી દઈએ કે, પાકિસ્તાની ક્રિકેટ ટીમ ભારત સામે આગામી પુરુષ T20 વર્લ્ડ કપ મેચ નહીં રમશે. બંને દેશો વચ્ચેની હાઈ-વોલ્ટેજ મેચ 15 ફેબ્રુઆરીએ કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે યોજાવાની હતી, પરંતુ પાકિસ્તાન સરકારે ટીમને કેટલીક શરતો સાથે ટુર્નામેન્ટમાં ભાગ લેવાની પરવાનગી આપી છે. જેમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની હાઈ-વોલ્ટેજ મેચ નહીં રમાશે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા જ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે સુરક્ષાના કારણો આગળ ધરીને ભારતમાં રમવાનો ઈન્કાર કર્યો હતો, જેના કારણે તે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું છે અને તેના બદલે સ્કોટલૅન્ડને તક આપવામાં આવી છે. ત્યારબાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના અધ્યક્ષ મોહસિન નક્વીએ વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે મુલાકાત કરી હતી. પાકિસ્તાન સતત બાંગ્લાદેશના સમર્થનમાં ટુર્નામેન્ટના બહિષ્કારનો ડ્રામા કરી રહ્યું હતું, પરંતુ હવે ટુર્નામેન્ટ શરુ થવાને ગણતરીના દિવસો બાકી છે ત્યારે આ નવું નાટક શરુ કરી દીધું છે.

# T20 વર્લ્ડ કપ પહેલા ઈન્ડિયાની A ટીમ જાહેર, આયુષ બદોની કેપ્ટન, તિલક વર્મા અને મયંક યાદવની એન્ટ્રી

**નવી દિલ્હી, તા.02**

ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2026ની તૈયારીઓના ભાગરૂપે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ ઈન્ડિયા A ટીમની જાહેરાત કરી છે. આગામી વોર્મ-અપ મેચો માટે પસંદ કરાયેલી આ 15 સભ્ય ટીમનું નેતૃત્વ આક્રમક ઓલરાઉન્ડર આયુષ બદોનીને સોંપવામાં આવ્યું છે. આ ટીમમાં એવા સ્ટાર ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જેઓ ઈજા બાદ મેદાનમાં પરત ફરી રહ્યા છે અને વર્લ્ડ કપની મુખ્ય ટીમમાં સ્થાન મેળવવા માટે ફિટનેસ સાબિત કરશે. આ સ્ક્વોડમાં સૌથી મોટું નામ તિલક વર્માનું છે, જે ટેસ્ટિક્યુલર ટોર્શન સર્જરી બાદ લાંબા સમયે મેદાનમાં પરત ફરી રહ્યા છે. જો તેઓ અમેરિકા સામેની મેચમાં પોતાની ફિટનેસ સાબિત કરી દેશે, તો તેઓ ટૂંક



સમયમાં સીનિયર ટીમ સાથે જોડાશે. આ ઉપરાંત, ખભાની ઈજામાંથી મુક્ત થયેલા રિયાન પરાગ અને લગભગ 9 મહિના બાદ વાપસી કરી રહેલા મયંક યાદવ પર પણ સૌની નજર રહેશે. ટીમમાં બેટિંગની જવાબદારી પ્રિયાંશ આર્ય, નમન ધીર અને આશુતોષ શર્મા જેવા યુવા ખેલાડીઓના ખભા પર રહેશે. વિકેટકીપર તરીકે નારાયણ જગદીશન અને ઉર્વિલ પટેલની પસંદગી કરવામાં આવી છે. બોલિંગ વિભાગમાં અનુભવી સ્પિનર રવિ બિશ્નોઈ અને ડાબોડી પેસર ખલીલ અહેમદ આક્રમણનું નેતૃત્વ કરશે. ઈન્ડિયા A સ્ક્વોડ: આયુષ બદોની (કૅપ્ટન), નમન ધીર, આશુતોષ શર્મા, પ્રિયાંશ આર્ય, તિલક વર્મા, રિયાન પરાગ, અશોક શર્મા, નારાયણ જગદીશન, ઉર્વિલ પટેલ, મનવ સુથાર, ખલીલ અહેમદ, ગુરજપનીત સિંહ, મયંક યાદવ, રવિ બિશ્નોઈ અને વિપ્રજ નિગમ.

# ICC સાથે પંગો પાકિસ્તાનને ભારે પડશે! 5 મોટી કાર્યવાહીનો ડર જે તેના ક્રિકેટને બરબાદ કરી શકે!

**નવી દિલ્હી, તા.02**



પાકિસ્તાન સરકારના એક વિવાદાસ્પદ નિર્ણયને કારણે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) સામસામે આવી ગયા છે. પાકિસ્તાન સરકારે રવિવારે રાત્રે જાહેરાત કરી કે તેમની ટીમ T20 વર્લ્ડ કપ 2026માં રમશે, પરંતુ 15 ફેબ્રુઆરીએ ભારત સામે યોજાનાર હાઈ-પ્રોફાઈલ મેચનો બહિષ્કાર કરશે. ICC એ આ 'પસંદગીના સહભાગી' (Selective Participation) થવાના નિર્ણય સામે સખત વાંધો ઉઠાવ્યો છે અને પાકિસ્તાન પર અનેક પ્રતિબંધો લાદવાની તૈયારી કરી લીધી છે.

પાકિસ્તાન સરકારે આ નિર્ણય બાંગ્લાદેશના સમર્થનમાં લીધો હોવાનું મનાય છે. વાસ્તવમાં, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે સુરક્ષા કારણોસર ભારતમાં રમવાનો ઈનકાર કર્યો હતો, જેના પગલે ICC એ બાંગ્લાદેશને સ્કોટલેન્ડ દ્વારા બદલી નાખ્યું હતું. આ ઘટના બાદ પાકિસ્તાન સરકારે ભારત સામેના મેચનો બહિષ્કાર કરવાનો આદેશ આપ્યો છે. જોકે, PCB પાસે ICC અને BCCI સાથે તટસ્થ સ્થળે મેચ રમવાનો બંધનકર્તા કરાર છે, જેનું ઉલ્લંઘન હવે તેમને ભારે પડી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ICC સોમવારે વર્ચ્યુઅલ બેઠક કરીને નીચે મુજબના પગલાં લઈ શકે છે: ટુર્નામેન્ટમાંથી પ્રતિબંધ: પાકિસ્તાનને T20 વર્લ્ડ કપમાંથી સંપૂર્ણપણે બહાર કાઢી શકાય છે અને તેમની જગ્યાએ યુગાન્ડાને તક મળી શકે છે.

આર્થિક દંડ અને આવક પર રોક: ICC તરફથી મળતી વાર્ષિક આવક અટકાવી શકાય છે અને બ્રોડકાસ્ટરને થતા અંદાજે 200 કરોડના નુકસાનની ભરપાત્ર PCB એ કરવી પડી શકે છે. દ્વિપક્ષીય શ્રેણી પર પ્રતિબંધ: અન્ય દેશો પાકિસ્તાન સાથે દ્વિપક્ષીય શ્રેણી રમવાનો ઈનકાર કરી શકે છે, અથવા તે મેચોને ICC રેન્કિંગ અને WTC માં ગણવામાં નહીં આવે. PSL પર રોક: પાકિસ્તાન સુપર લીગ (PSL) માં રમી રહેલા વિદેશી ખેલાડીઓને રમવા પર પ્રતિબંધ લાદવામાં આવી શકે છે. NOC રદ કરવી: પાકિસ્તાની ખેલાડીઓને અન્ય દેશોની લીગમાં રમવા માટે અપાતી NOC (નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ) પર પણ રોક લાગી શકે છે. જો પાકિસ્તાન 15 ફેબ્રુઆરીએ કોલંબોના મેદાન પર નહીં ઉતરે, તો ICC ના નિયમ મુજબ ભારતને 'વૉકઓવર' આપવામાં આવશે. એટલે કે ભારતીય ટીમને રમ્યા વગર જ 2 પોઈન્ટ્સ મળશે, જે સેમીફાઈનલની રેસમાં ભારત માટે ફાયદાકારક રહેશે. ICC એ સ્પષ્ટ કર્યું છે કે વર્લ્ડ કપ જેવી વૈશ્વિક ઈવેન્ટમાં દરેક પાત્રતા ધરાવતી ટીમે નિર્ધારિત કાર્યક્રમ મુજબ રમવું જ પડે છે અને સરકારની નીતિઓને રમતમાં લાવવી તે ખેલ ભાવના વિરુદ્ધ છે.

# પાકિસ્તાને ઓસ્ટ્રેલિયાને 111 રનથી હરાવ્યું: ત્રીજા T-20માં બાબર અને અયુબની ફિફ્ટી, નવાઝને 5 વિકેટ, સિરીઝ 3-0થી જીતી.....

**લાહોર, તા.02**

પાકિસ્તાને ઓસ્ટ્રેલિયાને ત્રીજી T-20માં 111 રનથી હરાવીને સિરીઝ 3-0થી પોતાના નામે કરી લીધી. લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં પાકિસ્તાને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો.

પાકિસ્તાને 20 ઓવરમાં 6 વિકેટે 207 રનનો મજબૂત સ્કોર બનાવ્યો. લાંબા સમયથી ફોર્મ માટે સંઘર્ષ કરી રહેલા બાબર આઝમે શાનદાર વાપસી કરતા અણનમ 50 રન બનાવ્યા. તેમના સિવાય સઈમ અયુબે 56 રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી, જ્યારે શાદાબ ખાને માત્ર 19 બોલમાં 46 રન બનાવ્યા.

જવાબમાં લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમ 96 રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ. લેફ્ટ આર્મ સ્પિનર મોહમ્મદ નવાઝે શાનદાર બોલિંગ કરતા 5 વિકેટ ઝડપી, જ્યારે શાહીન આફ્રિદીને 2 સફળતા મળી. આ





હાર ઓસ્ટ્રેલિયાના T-20 ઈતિહાસમાં રનના અંતરથી સૌથી મોટી હાર સાબિત થઈ.

આ પહેલા પાકિસ્તાને પ્રથમ વનડેમાં 22 રન અને બીજી વનડેમાં 90 રનથી જીત નોંધાવીને પહેલાથી જ પોતાની લય બતાવી દીધી હતી.

પાકિસ્તાનની શરૂઆત ખરાબ રહી. ટીમે બીજી ઓવરના છેલ્લા બોલ પર ફખર ઝમાનની વિકેટ ગુમાવી દીધી. ઝમાનને 10 રન પર મેથ્યુ શોર્ટે પેવેલિયન ભેગા કર્યા. આ પછી નંબર-3 પર બેટિંગ કરવા આવેલા કેપ્ટન સલમાન અલી આગા પણ 5 રન જ બનાવી શક્યો. તેને બેન ડ્વાર્શિયસે આઉટ કર્યો. બંને કેચ કેમરન ગ્રીને પકડ્યા.

34 રન પર 2 વિકેટ પડ્યા પછી બાબર આઝમ અને ઓપનર સઈમ અયુબે પાકિસ્તાની ઈનિંગ્સને સંભાળી. બંનેએ મળીને 45 બોલ પર 69 રનની ભાગીદારી કરી. આ દરમિયાન અયુબે પોતાની ફિફ્ટી પણ પૂરી કરી. તેણે 56 રન બનાવ્યા.

બાબર આઝમે દબાણ વચ્ચે અણનમ 50 રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી. મિડલ ઓવર્સ પછી મેચ સંપૂર્ણપણે પાકિસ્તાનના હાથમાં હતી, અને અંતે શાદાબ ખાને 19 બોલમાં 46 રન બનાવ્યા. તેમાં 5 છગ્ગા શામેલ હતા. વિકેટકીપર ખ્વાજા નફેએ 12 બોલમાં 21 રન બનાવીને પાકિસ્તાનનો સ્કોર 200ને પાર પહોંચાડી દીધો.

207 રનના મોટા લક્ષ્યનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાની શરૂઆત ખૂબ જ ખરાબ રહી. ત્રીજી ઓવર સુધીમાં સ્કોર 16/3 થઈ ગયો હતો. નવા બોલથી વાપસી કરી રહેલા શાહીન શાહ આફ્રિદીએ શરૂઆતની ઓવરોમાં જ મેચનો રુખ નક્કી કરી દીધો. આ પછી સ્પિનર મોહમ્મદ નવાઝે શાનદાર બોલિંગ કરી.

મોહમ્મદ નવાઝે ચાર ઓવરમાં 5 વિકેટ આપીને માત્ર 18 રન ખર્ચ કર્યા. આ તેના T-20 કરિયરનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું. ઓસ્ટ્રેલિયન બેટર્સ સ્પિન સામે સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા અને આખી ટીમ 16.5 ઓવરમાં 96 રન પર ઓલઆઉટ થઈ ગઈ. ઓસ્ટ્રેલિયા તરફથી માર્કસ સ્ટોઈનિસે 23 અને કેમરન ગ્રીને 22 રન બનાવ્યા. આ સિવાય કોઈ પણ બેટર ટકી શક્યો નહીં.

# દલાઈ લામાને 90 વર્ષની વયે 'ગ્રેમી એવૉર્ડ', બેસ્ટ ઓડિયો બુક, નેરેશન અને સ્ટોરી ટેલિંગ શ્રેણીમાં વિજેતા

**મુંબઈ, તા.02**

તિબેટના આધ્યાત્મિક ગુરુ દલાઈ લામાએ 90 વર્ષની વયે એક નવી ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. સંગીત જગતના સૌથી પ્રતિષ્ઠિત ગણાતા 68મા 'ગ્રેમી એવોર્ડ્સ'માં દલાઈ લામાને તેમના સ્પૉકન વર્ડ આલ્બમ 'Meditations: The Reflections of His Holiness the Dalai Lama' માટે 'બેસ્ટ ઓડિયો બુક, નેરેશન અને સ્ટોરીટેલિંગ રેકોર્ડિંગ' શ્રેણીમાં વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.





આ અંગે દલાઈ લામાએ જણાવ્યું હતું કે, 'હું આ સન્માનને કૃતજ્ઞતા અને નમ્રતા સાથે સ્વીકારું છું. હું આને વ્યક્તિગત સિદ્ધિ તરીકે નથી જોતો, પરંતુ આ આપણી સહિયારી વૈશ્વિક જવાબદારીની સ્વીકૃતિ છે. મારું માનવું છે કે 8 અબજ માનવીઓના સામૂહિક કલ્યાણ માટે શાંતિ, કરુણા, પર્યાવરણની સંભાળ અને માનવતાની એકતાની ભાવના અનિવાર્ય છે. આ ઍવૉર્ડ દ્વારા તેમના શાંતિના સંદેશા વધુ લોકો સુધી પહોંચશે તેવી તેમને આશા છે.'

ગ્રેમી ઍવૉર્ડની આ શ્રેણીમાં દલાઈ લામાનો મુકાબલો અમેરિકાના સુપ્રીમ કોર્ટના જસ્ટિસ કેતંજી બ્રાઉન જેક્સન, પ્રખ્યાત કોમેડિયન ટ્રેવર નોહ અને અભિનેત્રી કેથી ગાર્વર જેવા દિગ્ગજો સાથે હતો. દલાઈ લામા વતી સંગીતકાર રુફસ વેઈનરાઈટએ આ સન્માનનો સ્વીકાર કર્યો હતો.

આ આલ્બમની વિશેષતા દલાઈ લામાનું આ વિજેતા આલ્બમ હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત અને આધુનિક ધૂનોનું અદ્ભુત મિશ્રણ છે. જેમાં દલાઈ લામાના માનસિક શાંતિ, કરુણા અને પર્યાવરણ પ્રત્યેના વિચારોને રૅકોર્ડ કરાયા છે. આ પ્રોજેક્ટમાં ભારતની જાણીતી સરોદ વાદક જોડી અમાન અને અયાન અલી બંગાશ તેમજ સરોદ માસ્ટ્રો અમજદ અલી ખાનનું પણ મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા દલાઈ લામા છેલ્લા સાડા છ દાયકાથી ભારતમાં રહીને વિશ્વભરમાં માનવીય મૂલ્યો અને શાંતિનો પ્રચાર કરી રહ્યા છે, ત્યારે આ ગ્રેમી ઍવૉર્ડ તેમના જીવનના સંઘર્ષ અને સંદેશમાં એક નવું સાંસ્કૃતિક છોગું ઉમેરે છે.

# ઉદયપુરમાં રશ્મિકા-વિજયનાં લગ્નની તૈયારીઓ શરૂ થઈ ગયાનો દાવો

**લગ્ન સમારોહ હોવાનો પણ દાવો જોકે, રશ્મિકા તરફથી કોઈ પુષ્ટિ નહીં**




મુંબઈ: રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા આ મહિને ઉદયપુરમાં લગ્ન કરી રહ્યાં હોવાનો દાવો લાંબો સમયથી થઈ રહ્યો છે. જોકે, હવે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વિડીયોમાં દાવો કરાયો હતો કે ઉદયપુરમાં લગ્નની સઘળી તૈયારીઓ પણ શરુ થઈ ગઈ છે. એટલી હદ સુધી દાવો કરાયો હતો કે કદાચ તા. બીજીએ જ લગ્ન સમારોહ યોજાવાનો છે. જોકે, આ તમામ દાવાઓ વચ્ચે રશ્મિકા કે વિજય તરફથી કોઈ પુષ્ટિ કરાઈ ન હતી. વાયરલ થયેલા વિડીયોમાં જણાવાયું હતું કે ઉદયપુરમાં એક હેરિટેજ પેલેસમાં લગ્ન થવાનાં છે. આ પેલેસના સ્ટાફ તથા ઈવેન્ટ પ્લાનર્સ દ્વારા પણ લગ્નની પુષ્ટિ કરી દેવાઈ છે. અગાઉ એવી વાત બહાર આવી હતી કે ઉદયપુરમાં તા. ૨૬મી ફેબ્રુઆરીએ તેમનાં લગ્ન થવાનાં છે. ગત ઓક્ટોબરમાં રશ્મિકા અને વિજયની સગાઈ થઈ હોવાનું કહેવાય છે. રશ્મિકાએ તેની સત્તાવાર જાહેરાત કરી નથી પરંતુ એક મુલાકાતમાં આ વિશે પૂછાતાં તેણે પરોક્ષ કબૂલાત કરતાં કહ્યું હતું કે બધાને બધી ખબર જ છે એટલે મારે કશું કહેવાનું રહેતું નથી.

# આલિયાએ રણબીર સાથે વિખવાદની અફવાને હસી કાઢી

**સાત સેકન્ડના વિડીયોના આધારે સાત વર્ષના સંબંધનું માપ ન કાઢો: આલિયા**

**મુંબઈ, તા.02**

આલિયા ભટ્ટ અને રણબીર કપૂર વચ્ચે વિખવાદ થયો હોવાનો દાવો કેટલાક વાયરલ વિડીયોના આધારે કરાયો હતો. જોકે, આલિયાએ આ તમામ અફવાઓને હસી કાઢી છે.



આલિયાએ એક મુલાકાતમાં કહ્યું હતું કે માત્ર સાત સેકન્ડના વિડીયોના આધારે સાત વર્ષનાં સંબંધનું માપ ન કાઢવું જોઈએ. ઉલ્લેખનીય છે કે આલિયા અને રણબીરનાં લગ્ન એપ્રિલ ૨૦૨૨માં થયાં હતાં. તે પહેલાં ત્રણ વર્ષથી તેઓ રિલેશનશિપમાં હતાં. કેટલાક વિડીયોમાં આલિયા અને રણબીરના હાવભાવના આધારે બંને વચ્ચે અણબનાવ હોવાની અટકળો લોકોએ લગાવી હતી. જોકે, આલિયાએ કહ્યું હતું કે ત્રણ સેકન્ડ કે સાત સેકન્ડના વિડીયોના આધારે લોકો કોમેન્ટ કરી રહ્યાં છે પરંતુ અમે તેનાં કરતાં અનેક ગણી ક્ષણોથી સાથે છીએ. આ બધા બકવાસથી અમને કોઈ ફરક પડતો નથી કારણ કે તેમાં કોઈ તથ્ય નથી. રણબીર અને આલિયા તેમના નવા બંગલોમાં થોડા સમય પહેલાં જ શિફ્ટ થઈ ચૂક્યાં છે.

# રામચરણને ત્યાં ટ્વિન્સનો જન્મ, હોસ્પિટલમાં ટોળાં વચ્ચે ફસાયો

**બે વર્ષની દીકરી સાથે હોસ્પિટલમાં પત્નીને મળવા ગયો તો ટોળાંએ ધક્કામુક્કી મચાવી**

**મુંબઈ, તા.02**

રામચરણની પત્ની ઉપાસનાએ એક પુત્ર તથા એક પુત્રી એમ ટ્વિન્સને જન્મ આપ્યો છે. રામચરણના પિતા તથા પીઢ અભિનેતા ચિરંજીવીએ આ ખુશખબર ચાહકો સાથે શેર કર્યા હતા. જોકે, રામચરણ હોસ્પિટલમાં પત્નીને મળવા પહોંચ્યો ત્યારે ટોળાંએ ભારે ધક્કામુક્કી કરી મૂકી હોવાનો વિડીયો વાયરલ થયો છે.

ચિરંજીવીએ શનિવારે શેર કર્યું હતું કે ઉપાસના એક દીકરો અને એક દીકરી એમ ટ્વિન્સની માતા બની છે. તે સાથે જ ચાહકો તથા ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કલાકારો દ્વારા અભિનંદનનો વરસાદ થયો હતો.



રામચરણ રવિવારે સવારે તેની બે વર્ષની દીકરી ક્લિન કારા સાથે હોસ્પિટલમાં પત્ની ઉપાસનાને મળવા પહોંચ્યો હતો. જોકે, હોસ્પિટલની બહાર તેની ઝલક નિહાળવા માટે હજારોનું ટોળું એકઠું થઈ ગયું હતું. તમામ સલામતી વ્યવસ્થાઓ પડી ભાંગી હતી. રામચરણે પોતાના હાથોમાં નાની દીકરીને માંડ માંડ સાચવી હતી.

પોલીસ તથા સિક્યુરિટીએ ટોળાંને વિખેરવા જહેમત કરવી પડી હતી. આ સમગ્ર ઘટનાક્રમનો વિડીયો પણ વાયરલ થયો છે અને ઓનલાઈન યૂઝર્સએ ટોળાંની ચેષ્ટાને વખોડી કાઢી છે. લોકોએ જણાવ્યું હતું કે તાજેતરમાં એકથી વધુ સેલિબ્રિટીઓ ટોળાંની આવી હરકતોનો ભોગ બની ચૂક્યા છે. પછી કોઈ દુર્ઘટના સર્જાય છે ત્યારે દોષનો ટોપલો સેલિબ્રિટીને માથે ઓઢાડવામાં આવે છે.

# કરણ જોહર આદિત્ય રોય કપૂર સાથે હોરર થ્રીલર બનાવશે

**મુંબઈ, તા.02**

આદિત્ય રોય કપૂરને એક નવી હોરર થ્રીલર ફિલ્મ મળી છે. કરણ જોહર આ ફિલ્મ બનાવી રહ્યો છે. જોકે, ફિલ્મનું દિગ્દર્શન સંદીપ મોદી કરવાના છે.



બોલિવુડમાં છેલ્લા કેટલાંક વર્ષોથી હોરર થ્રીલર ફિલ્મો લોકપ્રિય થઈ રહી છે. આથી કરણ જોહરે પણ આ ટ્રેન્ડમાં ઝંપલાવ્યું છે. તેણે ફિલ્મની સ્ક્રિપ્ટ તૈયાર કરાવી લીધી છે. આદિત્ય રોય કપૂરને સ્ક્રિપ્ટ પસંદ પણ આવી છે. ફિલ્મ માટે પ્રિ પ્રોડક્શન વર્ક શરુ થઈ ગયું છે. મોટાભાગે આગામી મે માસથી ફિલ્મનું શૂટિંગ ચાલુ થઈ જશે.

આદિત્ય રોય કપૂર સામે હિરોઈનની શોધ ચાલુ છે. આ ઉપરાંત અન્ય કાસ્ટ ફાઈનલ થઈ રહી છે. આદિત્ય રોય કપૂરની છેલ્લી ફિલ્મ 'મેટ્રો ઈન દિનો'એ ટિકિટબારી પર સાધારણ દેખાવ કર્યો હતો. હવે તેની સીરિઝ 'રક્તબ્રહ્માંડ' રીલિઝ થવાની છે.

# સોનું-ચાંદી ફરી ક્રેશ: ચાંદી ત્રણ દિવસમાં ₹1.60 લાખ ઘટી, સોનું ગબડીને ₹1.40 લાખ પર આવ્યું

**મુંબઈ, તા.02**

ગોલ્ડ અને સિલ્વર માર્કેટમાં સતત ત્રીજા દિવસે ઘટાડો જોવા મળ્યો છે. આજે એટલે કે 1 ફેબ્રુઆરીએ વાયદાબજારમાં ચાંદી લગભગ 23 હજાર રૂપિયા (9%) ઘટી ગઈ.

1 કિલો ચાંદીનો ભાવ 2.41 લાખ રૂપિયા પર આવી ગયો. સોનામાં પણ લગભગ 7 હજાર રૂપિયા (6%)નો ઘટાડો જોવા મળ્યો છે. 10 ગ્રામ સોનું 1.40 લાખ રૂપિયા પર આવી ગયું છે.



આ પહેલાં 30 જાન્યુઆરીએ ઝવેરીબજારમાં ચાંદી 40,638 રૂપિયા અને સોનું 9,545 રૂપિયા સસ્તું થયું હતું. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદી 3,39,350 રૂપિયા પ્રતિ કિલો પર આવી ગઈ હતી, જ્યારે 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,65,795 રૂપિયા પર આવી ગયો હતો. વાયદાબજાર એટલે કે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર સોનાના ભાવમાં બે દિવસમાં 30 હજાર રૂપિયાનો ઘટાડો થયો છે.

29 જાન્યુઆરીના રોજ એ 1.69 લાખ રૂપિયા પર પહોંચી ગયું હતું, જે આજે 1.40 લાખ રૂપિયા પર ટ્રેડ કરી રહ્યું છે.

ચાંદીની કિંમતમાં 1.60 લાખ રૂપિયાનો ઘટાડો થયો છે. 29 જાન્યુઆરીના રોજ એ 4.01 લાખ રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગઈ હતી, જે આજે 2.40 લાખ રૂપિયા પર ટ્રેડ કરી રહી છે.

**પ્રોફિટ બુકિંગ:** સોના-ચાંદીની કિંમત તાજેતરના દિવસોમાં રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ હતી, જેના પછી રોકાણકારોએ મોટા પાયે પ્રોફિટ બુક કર્યો.

**ફિઝિકલ ડિમાન્ડમાં ઘટાડો:** ઓલટાઈમ હાઈ પછી ફિઝિકલ ડિમાન્ડ નબળી પડી, સાથે જ ઔદ્યોગિક ઉપયોગને લઈને ચિંતાઓ પણ વધી.

જો તમારો હેતુ માત્ર નફો કમાવવાનો હોય તો દાગીના ખરીદવાનું ટાળો. દાગીનામાં 10થી 20 મેકિંગ ચાર્જ લાગે છે, જે વેચતી વખતે પાછું મળતું નથી. રોકાણ માટે સોનાના સિક્કા, વેઢ અથવા ડિજિટલ ગોલ્ડ શ્રેષ્ઠ છે.

સોના-ચાંદીના ભાવ અત્યારે ઓલટાઈમ હાઈની નજીક હોય ત્યારે એકસાથે મોટી રકમ ન રોકવી. બજારમાં જ્યારે પણ 2-3 ઘટાડો આવે ત્યારે ટુકડે-ટુકડે રોકાણ કરવાની વ્યૂહરચના (SIP મોડલ) અપનાવો.

હંમેશાં HUID હોલમાર્કવાળું જ સોનું ખરીદવું. સોનાની શુદ્ધતા કેરેટમાં મપાય છે 24K: સૌથી શુદ્ધ (રોકાણ માટે શ્રેષ્ઠ) 22K: ઘરેણાં માટે વપરાય છે

**Sovereign Gold Bond (SGB):** જો તમારે સોનું સાચવવાની માથાકૂટ ન જોઈતી હોય તો સરકારી ગોલ્ડ બોન્ડ શ્રેષ્ઠ છે. એમાં ભાવવધારાની સાથે 2.5 વાર્ષિક વ્યાજ પણ મળે છે.

**Silver ETF:** ચાંદીને ફિઝિકલ સાચવવાને બદલે સ્ટોક માર્કેટ દ્વારા સિલ્વર ETFમાં રોકાણ કરવું વધુ સુરક્ષિત અને લિક્વિડ (ગમે ત્યારે વેચી શકાય એવું) છે.

સોનાના ભાવનો સીધો સંબંધ અમેરિકી ડોલર અને વ્યાજદર સાથે છે. જો અમેરિકામાં વ્યાજદર ઘટે તો સોનાના ભાવ વધવાની શક્યતા રહે છે. આ ઉપરાંત ભૌગોલિક તણાવ (યુદ્ધ જેવી સ્થિતિ)માં સોનું હંમેશાં વધે છે.

સેબી રજિસ્ટર્ડ કોમોડિટી એક્સપર્ટ અનુજ ગુપ્તાએ જણાવ્યું હતું કે શિકાગો મર્કેન્ટાઈલ એક્સચેન્જ (CME)એ કોપર પછી હવે સોના અને ચાંદી પર પણ માર્જિન મની વધારી દીધી છે.

સોના પર માર્જિન 6%થી વધારીને 8% કરી દીધું છે, જ્યારે ચાંદી પર એને 11%થી વધારીને 15% કરી દેવામાં આવ્યું છે. માર્જિન વધવાથી કિંમતો પર દબાણ યથાવત્ રહેવાની અપેક્ષા છે.

કોમોડિટી માર્કેટમાં જ્યારે કોઈ મોટો સોદો કરે છે ત્યારે એને પૂરા પૈસા તરત આપવાના હોતા નથી. તેને કુલ કિંમતનો એક નાનો હિસ્સો સિક્યોરિટી તરીકે જમા કરાવવો પડે છે, જેને 'માર્જિન' કહે છે. માર્જિન વધવાનો અર્થ એ છે કે હવે ટ્રેડર્સને વધુ પૈસા લગાવવા પડશે.

ઘણા વેપારીઓ એવા હોય છે, જેમણે પહેલાંથી જ ખરીદી કરી હોય છે. માર્જિન વધતાં જ એક્સચેન્જ તેમની પાસેથી વધારાના પૈસા માગે છે. જો તેમની પાસે તરત પૈસા ન હોય તો તેમને પોતાનું સોનું કે ચાંદી વેચવું પડે છે. જ્યારે ઘણા લોકો એકસાથે વેચે છે ત્યારે ભાવ ઘટવા લાગે છે.

**સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો:** હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લાગેલો સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

**કિંમત ક્રોસ ચેક કરો:** સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે એની કિંમત ઘણા સોર્સિસ (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ)થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

**મેગ્નેટ ટેસ્ટ:** અસલી સિલ્વર (ચાંદી) ચુંબક સાથે ચોંટતી નથી. જો તે ચોંટી જાય તો તે નકલી છે. **આઈસ ટેસ્ટ:** ચાંદી પર બરફનો ટુકડો રાખો. અસલી ચાંદી પર બરફ ખૂબ જ ઝડપથી ઓગળવા લાગશે. **સ્મેલ ટેસ્ટ:** અસલી ચાંદીમાં કોઈ ગંધ હોતી નથી. નકલી ચાંદીમાં કોપર (તાંબા) જેવી ગંધ આવી શકે છે. **ક્લોથ ટેસ્ટ:** ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કપડા પર કાળો ડાઘ પડે તો તે અસલી છે.

# મારુતિ સુઝુકીની કારો મોંઘી થશે: એનું કારણ ખર્ચમાં વધારો, કેટલી કિંમત વધશે તે હજુ નક્કી નથી....

**નવી દિલ્હી, તા.02**

મારુતિ સુઝુકી ઈન્ડિયા તેની કારની કિંમતો વધારવાની તૈયારી કરી રહી છે. કંપનીના સિનિયર એક્ઝિક્યુટિવ ઓફિસર (માર્કેટિંગ એન્ડ સેલ્સ) પાર્થો બેનર્જીએ 2 ફેબ્રુઆરીએ જણાવ્યું હતું કે કોમોડિટીની કિંમતોમાં સતત વધારાને કારણે ઈનપુટ કોસ્ટ વધી ગઈ છે, જેના કારણે હવે વાહનોના ભાવ વધારવા જરૂરી બન્યા છે.



પાર્થો બેનર્જીના મતે, કોમોડિટી ફ્રન્ટ પર કાચા માલની કિંમતો ઝડપથી વધી રહી છે. ખાસ કરીને કિંમતી ધાતુઓના ભાવમાં ઝડપથી વધારો થયો છે. તેમણે કહ્યું કે ભૌગોલિક રાજકીય તણાવને કારણે પણ સપ્લાય ચેઈન અને ખર્ચ પર અસર પડી છે.

કંપની અત્યાર સુધી ખર્ચનો બોજ પોતે ઉઠાવવાનો પ્રયાસ કરી રહી હતી, પરંતુ હવે તેને ગ્રાહકો પર નાખવું ફરજિયાત બન્યું છે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું નથી કે કિંમતો ક્યારથી અને કેટલી વધારવામાં આવશે. કંપનીએ અગાઉ એપ્રિલ 2025 થી તેની કારની કિંમતમાં 4% સુધીનો વધારો કર્યો હતો.

જાન્યુઆરીમાં કંપનીને કુલ 2.78 લાખ યુનિટ્સનું બુકિંગ મળ્યું, જે ગયા વર્ષની સરખામણીમાં 25% વધુ છે. કંપનીને દરરોજ લગભગ 9,000 થી 10,000 બુકિંગ મળી રહ્યું છે.

હાલમાં પ્રોડક્શન સંબંધિત મુશ્કેલીઓના કારણે 1.75 લાખ ઓર્ડર પેન્ડિંગ છે, એટલે કે ગ્રાહકોને ડિલિવરી માટે રાહ જોવી પડી રહી છે.

કંપનીએ પહેલીવાર કાર ખરીદનારા ગ્રાહકોનું ધ્યાન રાખીને જાન્યુઆરીમાં 'પ્રાઈસ પ્રોટેક્શન સ્કીમ' શરૂ કરી છે. બેનર્જીએ જણાવ્યું કે જે લોકોએ ગાડીઓ બુક કરાવી લીધી છે પરંતુ પ્રોડક્શનની અછતને કારણે તેમને ડિલિવરી મળી શકી નથી, તેમની પાસેથી વધેલી કિંમતો લેવામાં આવશે નહીં. તેમને તે જ ભાવે કાર મળશે જેના પર તેમણે બુકિંગ કરી હતી.

મારુતિ સુઝુકીએ જાન્યુઆરીમાં 2,36,963 યુનિટ્સનું કુલ વેચાણ કર્યું, જે અત્યાર સુધીનો માસિક રેકોર્ડ છે. માત્ર સ્થાનિક બજારમાં જ નહીં, પરંતુ નિકાસમાં પણ કંપનીએ તેની ઓલ ટાઈમ હાઈને સ્પર્શી છે. જાન્યુઆરીમાં ભારતમાંથી 51,020 ગાડીઓ અન્ય દેશોમાં મોકલવામાં આવી. નવી SUV 'વિક્ટોરિસ'એ માત્ર 5 મહિનામાં 50,000 યુનિટ્સના વેચાણનો આંકડો પાર કરી લીધો છે. મારુતિ સુઝુકીનો ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં નફો 4% વધ્યો. મારુતિ સુઝુકી ઈન્ડિયાએ નાણાકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટરમાં 49,891 કરોડ રૂપિયાની કુલ કમાણી કરી. આ ગયા વર્ષની સરખામણીમાં 29% વધી છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીએ 38,752 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ જ ક્વાર્ટરમાં કંપનીએ 6.67 લાખ કારો વેચી.

કુલ કમાણીમાંથી પગાર, ટેક્સ, કાચા માલની કિંમત જેવા ખર્ચાઓ બાદ કરતાં કંપની પાસે 3,794 કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો (નેટ પ્રોફિટ) કર્યો. આ 2025ના ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટર કરતાં 4% વધુ છે. ગયા વર્ષે કંપનીને 3,659 કરોડ રૂપિયાનો નફો થયો હતો.

# અમેરિકાના દબાણમાં આવીને ભારત ઈરાનમાં મોટી ભૂલ કરી રહ્યું હોવાનો દાવો, ચીનને મળશે મોકો!

**નવી દિલ્હી, તા.02**

કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા વર્ષ 2026-27ના બજેટમાં ઈરાનના વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવતા ચાબહાર પોર્ટ માટે કોઈ પણ પ્રકારની નાણાકીય જોગવાઈ કરવામાં આવી નથી. વર્ષો પછી આ પહેલી ઘટના છે જ્યારે આ પ્રોજેક્ટ માટે બજેટ શૂન્ય રહ્યું હોય. આ નિર્ણયને પગલે વિદેશ અને સંરક્ષણ બાબતોના નિષ્ણાતોએ ભારતની રણનીતિ સામે સવાલો ઉઠાવ્યા છે.




જાણીતા વ્યૂહાત્મક વિશ્લેષક બ્રહ્મ ચેલાનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ મુદ્દે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે દાવો કર્યો છે કે, 'જો ભારત ચાબહાર પ્રોજેક્ટમાંથી પાછળ હટશે, તો ત્યાં ઊભી થયેલી ખાલી જગ્યામાં ચીન ત્વરિત એન્ટ્રી કરશે. ચાબહાર પોર્ટ એ ભારત માટે પાકિસ્તાનને બાયપાસ કરીને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી પહોંચવાનો એકમાત્ર વ્યવહારુ માર્ગ છે. ભારતનું એક્ઝિટ ચીન માટે એન્ટ્રી પોઈન્ટ બની જશે.'

આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે અમેરિકાએ ભારત પર દબાણ વધાર્યું છે. રિપોર્ટ્સ અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્રે ભારતને 26 એપ્રિલ સુધીમાં આ પ્રોજેક્ટથી અલગ થવા અથવા આર્થિક પ્રતિબંધોનો સામનો કરવા અલ્ટીમેટમ આપ્યું હતું. અગાઉ 2018માં ચાબહાર માટે ભારતને મળેલી વિશેષ છૂટ પણ ગયા વર્ષે પાછી ખેંચી લેવામાં આવી હતી. નિષ્ણાતો માને છે કે બજેટમાં ફંડ ન આપવું એ વોશિંગ્ટન સાથેના તણાવને ઘટાડવાની ભારતની કોઈ 'ટેક્ટિકલ' (વ્યૂહાત્મક) ચાલ હોઈ શકે છે.

**પાકિસ્તાન પર નિર્ભરતા ખતમ:** ભારતને અફઘાનિસ્તાન કે મધ્ય એશિયા જવા માટે પાકિસ્તાનના રસ્તાની જરૂર નથી પડતી. **ગ્વાદરનો જવાબ:** ચીન પાકિસ્તાનમાં ગ્વાદર પોર્ટ વિકસાવી રહ્યું છે, જેના જવાબમાં ભારત માટે ચાબહાર અત્યંત મહત્ત્વનું છે. **INSTC પ્રોજેક્ટ:** રશિયા અને યુરોપ સાથે વેપાર કરવા માટે જે ઈન્ટરનેશનલ નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર બની રહ્યો છે, તેનું મુખ્ય કેન્દ્ર ચાબહાર જ છે.

ભારત અત્યાર સુધીમાં ચાબહારના શાહિદ બેહેશ્તી ટર્મિનલના વિકાસ માટે અંદાજે 120 મિલિયન ડૉલર ટ્રાન્સફર કરી ચૂક્યું છે. જોકે, એવી પણ ચર્ચા છે કે જૂના ભંડોળનો ઉપયોગ હજુ બાકી હોવાથી કદાચ નવા બજેટની જરૂર નહીં પડી હોય. પરંતુ, સત્તાવાર રીતે ફંડની ગેરહાજરી એ ચીન અને ઈરાન વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવી શકે છે, જે ભારત માટે લાંબા ગાળે નુકસાનકારક સાબિત થઈ શકે. બીજી તરફ એ પણ સવાલો ઉદ્ભવી રહ્યા છે કે શું ચાબહાર પોર્ટ માટે ભારતનું રોકાણ જોખમમાં છે?. જો કે, આ અંગે કેન્દ્ર સરકાર દ્વારા કોઈ સત્તાવાર નિવેદન અપાયું નથી.

# બજેટ 2026-ઈન્ટરનેશનલ પ્રવાસીઓ માટે 50 શહેરો ડિઝાઈન કરાશે

## દ્વારકા, વારાણસી, મથુરા, ઉજ્જૈન સામેલ, ભારતને ઓલ-સીઝન ડેસ્ટિનેશન, ગ્લોબલ ટુરિસ્ટ-હબ બનાવવાની તૈયારી

**નવી દિલ્હી, તા.02**

નાણા મંત્રી નિર્મલા સીતારમણે રવિવારે કેન્દ્ર સરકારનું વર્ષ 2026-27 માટે બજેટ રજૂ કર્યું. બજેટમાં પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ઘણી જાહેરાતો થઈ.

નાણા મંત્રીની જાહેરાત મુજબ દેશના 50 શહેરોનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્લ્ડ ક્લાસ લેવલની જેમ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે તૈયાર કરવામાં આવશે. તેનો હેતુ ભારતને ઓલ-સીઝન ડેસ્ટિનેશન અને ગ્લોબલ ટુરિસ્ટ-હબ બનાવવાનો છે.



આ યોજનાની મદદથી એક એવી ઈકોસિસ્ટમ તૈયાર થઈ જશે, જેનાથી ટિયર 2-3 શહેરો અને ગામડાઓની અર્થવ્યવસ્થા મજબૂત થશે. આનાથી દેશનું ફોરેક્સ રિઝર્વ પણ વધશે, સાથે જ સાંસ્કૃતિક ઓળખ મજબૂત થશે.

પર્યટનને પ્રોત્સાહન આપવા માટે બજેટમાં 2,438.40 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. સરકારનું લક્ષ્ય છે કે 2047 સુધીમાં 10 કરોડ વિદેશી પર્યટકો ભારત આવે. 2034 સુધીમાં ભારતની જીડીપીમાં પર્યટનનું યોગદાન 43.25 લાખ કરોડ રૂપિયા સુધીનું હોઈ શકે છે.

6.3 કરોડ લોકોને રોજગારી આપવામાં સક્ષમ બનશે. પર્યટન મંત્રાલયના ઈન્ડિયા ટુરિઝમ સ્ટેટિસ્ટિક્સ રિપોર્ટ મુજબ ભારતમાં દર વર્ષે લગભગ 1 કરોડ વિદેશી પર્યટકો આવે છે. તેમાંથી 6-7% બૌદ્ધ પર્યટકો હોય છે.

ગયા વર્ષે 7.10 લાખ બૌદ્ધ પર્યટકો ભારત આવ્યા. પૂર્વોત્તર ભારતના વિકાસ માટે આ વખતે 6,812 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ રકમ ગયા બજેટ કરતાં 20% વધુ છે.

અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, આસામ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં બૌદ્ધ સર્કિટનો વિકાસ કરવામાં આવશે.

મંદિરોના શહેર તરીકે ઓળખાતા શહેરોમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની જરૂરિયાત મુજબ મૂળભૂત સુવિધાઓ વિકસાવવામાં આવશે. આમાં ઉત્તર પ્રદેશના વારાણસી અને મથુરા, જમ્મુ-કાશ્મીરનું જમ્મુ, ઉત્તરાખંડના ઋષિકેશ અને હરિદ્વાર જેવા શહેરો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

દક્ષિણમાં તમિલનાડુના મદુરાઈ અને કાંચીપુરમ, કર્ણાટકનું હમ્પી, આંધ્ર પ્રદેશનું તિરુપતિ, ઓડિશાનું ભુવનેશ્વર અને પુરીનો વિકાસ કરવામાં આવશે. આ ઉપરાંત, આ યાદીમાં પશ્ચિમ બંગાળનું બિશ્નુપુર, મધ્ય પ્રદેશનું ઉજ્જૈન અને ખજુરાહો, ગુજરાતનું દ્વારકા અને મહારાષ્ટ્રનું પંઢરપુર સામેલ હશે.

નેશનલ ડેસ્ટિનેશન ડિજિટલ નોલેજ ગ્રિડ દ્વારા ભારતીય પર્યટન સ્થળોનો ડિજિટલ ડેટા તૈયાર થશે. આનાથી વિદેશી પર્યટકો આકર્ષિત થશે. સ્થાનિક સ્તરે સંશોધકો, ઈતિહાસકારો, કન્ટેન્ટ ક્રિએટર્સ, હોટેલ, ગાઈડ, ટ્રાન્સપોર્ટ, સ્થાનિક હસ્તકલા, હોમ-સ્ટે અને ટેકનિકલ ક્ષેત્રમાં રોજગારીની તકો વધશે.

IIM દેશના 20 મુખ્ય પર્યટન સ્થળોના 10 હજાર ગાઈડને 12 અઠવાડિયાની તાલીમ આપશે. એરપોર્ટ પર સામાન લાવવા-લઈ જવાના નિયમો સરળ બનશે. કુશળ કર્મચારીઓ ઉપલબ્ધ કરાવવા માટે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હૉસ્પિટાલિટીની સ્થાપના થશે.

હવે સીપ્લેન (જળ-વિમાન) પોતાના દેશમાં જ બનાવવામાં આવશે. તેમના સંચાલન માટે સરકાર સબસિડી આપશે. આ માટે સીપ્લેન VGF યોજના શરૂ થશે.

લોથલ, ધોળાવીરા, રાખીગઢી, સારનાથ, લેહ પેલેસ, આદિચનલ્લુર, હસ્તિનાપુર જેવા દેશના 15 પુરાતત્વીય સ્થળો એક્સપિરિયન્શિયલ કલ્ચરલ ડેસ્ટિનેશન્સ તરીકે વિકસાવવામાં આવશે.

અહીં પ્રવાસીઓ ઈતિહાસને જીવંત સ્વરૂપમાં અનુભવી શકશે. અહીં પ્રવાસીઓ માટે વોકવે અને ઈમર્સિવ સ્ટોરીટેલિંગ તકનીકોનો ઉપયોગ કરવામાં આવશે.

ભારતમાં આ વર્ષે પ્રથમ 'ગ્લોબલ બિગ કેટ સમિટ'નું આયોજન થશે. બે વર્ષ પહેલા 2024માં ભારતે ઈન્ટરનેશનલ બિગ કેટ ગઠબંધન સ્થાપિત કર્યું હતું. આ અંતર્ગત વાઘ, સિંહ, દીપડો, હિમ દીપડો, ચિત્તો, જગુઆર, પ્યુમા જેવા પ્રાણીઓના સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આમાં વિશ્વના 95 દેશોના વડાઓ આ પ્રાણીઓના સંરક્ષણ માટેની સામૂહિક વ્યૂહરચના પર ચર્ચા કરશે

હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીરમાં માઉન્ટેન ટ્રેલ્સ (ટ્રેકિંગના રસ્તા) વિકસાવવામાં આવશે. તેને એડવેન્ચર ટુરિઝમ તરીકે પ્રચારિત કરવામાં આવશે. પૂર્વ ઘાટની અરકુ વેલી અને પશ્ચિમ ઘાટના પોધીગઈ મલઈમાં પણ માઉન્ટેન ટ્રેલ્સ બનશે. ઓડિશા, કર્ણાટક અને કેરળમાં ટર્ટલ ટ્રેલ્સ બનશે. આંધ્ર પ્રદેશ અને તમિલનાડુમાં બર્ડ વોચિંગ ટ્રેલ્સ વિકસાવવામાં આવશે. આ ટકાઉ વિકાસના પર્યટન મોડેલથી પર્યાવરણનું સંરક્ષણ કરવામાં આવશે.

# બજેટના એક દિવસ બાદ સેન્સેક્સ 943 પોઈન્ટ ઉછળ્યો: 81,666ના સ્તર પર બંધ, નિફ્ટી પણ 262 પોઈન્ટ ઉપર, ઓટો સેક્ટર સૌથી વધુ 2% વધ્યું

**મુંબઈ, તા.02**

બજેટના એક દિવસ બાદ આજે એટલે કે 2 ફેબ્રુઆરી (સોમવાર)ના રોજ શેરબજારમાં તેજી રહી. સેન્સેક્સ 943 પોઈન્ટ ઉછળીને 81,666ના સ્તર પર બંધ થયો. નિફ્ટીમાં પણ 262 પોઈન્ટની તેજી રહી. તે 25,088ના સ્તર પર બંધ થયો.




સેન્સેક્સના 30 શેરોમાંથી 24માં તેજી અને 6માં ઘટાડો રહ્યો. નિફ્ટીના ઓટો, FMCG, મેટલ અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરમાં 2% સુધીની તેજી જોવા મળી. બીજી તરફ IT શેરોમાં વેચવાલી જોવા મળી હતી.

ગઈકાલે 1 ફેબ્રુઆરીએ બજેટ રજૂ થયા બાદ બજારમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 1546 પોઈન્ટ એટલે કે આશરે 2% ઘટીને 80,722ના સ્તર પર બંધ થયો હતો. નિફ્ટી પણ 495 પોઈન્ટ તૂટ્યો હતો, જે 24,825ના સ્તર પર બંધ થયો હતો.

સરકારે ફ્યુચર્સ ટ્રેડિંગ પર લાગતા સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (STT)ને 0.02%થી વધારીને 0.05% કર્યો છે. ઓપ્શન્સ પ્રીમિયમ અને એક્સરસાઈઝ પર પણ STT વધારીને 0.15% કરવામાં આવ્યો છે. આ કારણે બજારમાં ભારે વેચવાલી અને ઘટાડો રહ્યો હતો.

વિદેશી રોકાણકારો (FII) એ 1 ફેબ્રુઆરીએ 588 કરોડના શેર વેચ્યા. જ્યારે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ 682 કરોડનું વેચાણ કર્યું હતું.

ડિસેમ્બર 2025માં FIIs એ કુલ 34,350 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન, બજારને સંભાળી રહેલા DIIs એ 79,620 કરોડના શેર ખરીદ્યા હતા.

જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.26% ઘટીને 53,186 પર અને દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 4.33% નીચે 4,998 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ 2.33% ઘટીને 26,748 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 1.32% નીચે 4,063 પર ટ્રેડ કરી રહ્યો છે.

30 જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.36% ઘટ્યો, નેસ્ડેક 0.94% ઘટીને બંધ થયો હતો.

**ફ્યુચર્સ ટ્રેડિંગ પર ટેક્સ:** ફ્યુચર્સ ટ્રેડિંગ પર લાગતા STTને 0.02% થી વધારીને 0.05% કરવામાં આવ્યો. જ્યારે કોઈ શેર અથવા ઈન્ડેક્સનો ફ્યુચર કોન્ટ્રાક્ટ વેચવામાં આવે છે, ત્યારે તેની સંપૂર્ણ વેલ્યુ પર આ ટેક્સ લાગે છે.

**ઓપ્શન્સ પ્રીમિયમ પર ટેક્સ:** જ્યારે તમે કોઈ ઓપ્શન ખરીદો છો અથવા વેચો છો, ત્યારે તમે જે કિંમત (પ્રીમિયમ) ચૂકવો છો, તેના પર લાગતો ટેક્સ હવે વધી ગયો છે. તેને 0.1%થી વધારીને 0.15% કરવામાં આવ્યો.

**ઓપ્શન્સ એક્સરસાઈઝ પર ટેક્સ:** જો કોઈ ઓપ્શન એક્સપાયરી સુધી રાખવામાં આવે અને તે ફાયદામાં રહે, તો સેટલમેન્ટ સમયે લાગતો ટેક્સ એક્સરસાઈઝ STT કહેવાય છે. તેને 0.125% થી વધારીને 0.15% કરવામાં આવ્યો.

STT એટલે કે સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ એક પ્રકારનો ડાયરેક્ટ ટેક્સ છે જે શેરબજારમાં થતી દરેક ખરીદ-વેચાણ પર લાગે છે. આ ટેક્સ તમારે ત્યારે પણ ચૂકવવો પડે છે, જ્યારે તમને નુકસાન થઈ રહ્યું હોય.

આ સીધો તમારી ટ્રાન્ઝેક્શન વેલ્યુ પર કપાય છે અને સ્ટોક એક્સચેન્જ તેને સરકાર પાસે જમા કરાવે છે. ટેક્સ દરો વધવાથી હવે તમારે એક જ ટ્રાન્ઝેક્શન માટે પહેલા કરતા વધુ પૈસા ચૂકવવા પડશે.

# GDP ગ્રોથ રેટમાં ભારતે અમેરિકાને પછાડ્યું, ઈલોન મસ્કે કહ્યું - પાવર બેલેન્સ બદલાયું!



**નવી દિલ્હી, તા.02**

ભારતની વધતી જતી આર્થિક શક્તિએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ(IMF)ના ડેટા અનુસાર, 2026માં વૈશ્વિક જીડીપી વૃદ્ધિમાં ફાળો આપવાની બાબતમાં ભારત હવે અમેરિકા જેવા શક્તિશાળી દેશને પણ પાછળ છોડી રહ્યું છે. આ આંકડાઓ જોઈને વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કે પણ ભારતની પ્રશંસા કરી છે.

'વર્લ્ડ ઑફ સ્ટેટિસ્ટિક્સ' દ્વારા જાહેર કરવામાં આવેલ IMFના અહેવાલ મુજબ, 2026માં વૈશ્વિક આર્થિક વિકાસમાં ભારતનું યોગદાન અમેરિકા કરતાં ઘણું વધારે હશે. અહેવાલ જણાવે છે કે વિશ્વભરમાં થનારા આર્થિક વિસ્તારમાં ભારતનો હિસ્સો 17% હશે, જ્યારે અમેરિકા માત્ર 9.9% ફાળો આપશે. આ યાદીમાં ચીન 26.6% સાથે મોખરે છે. આનો અર્થ એ થયો કે વિશ્વની કુલ આર્થિક વૃદ્ધિનો લગભગ અડધો હિસ્સો (43.6%) માત્ર ભારત અને ચીન જેવી એશિયન અર્થવ્યવસ્થાઓ ચલાવશે.

ટેસ્લાના માલિક ઈલોન મસ્ક ભારતની આર્થિક પ્રગતિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે. તેમણે આ ડેટા પર ટિપ્પણી કરતાં 'પાવર બેલેન્સ' બદલાવાની વાત કહી હતી. બજેટ 2026 પર 'યુથ ડાયલોગ' દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારમણે મસ્કના આ નિવેદનનો ઉલ્લેખ કર્યો હતો. સીતારમણે કહ્યું કે, 'ઈલોન મસ્ક પણ IMFના ડેટા જોઈને આશ્ચર્યચકિત છે અને પૂછે છે કે શું આ સાચું છે?'.

નાણામંત્રીએ વિપક્ષ પર નિશાન સાધતાં કહ્યું કે, ભારત હવે જે શક્તિ હાંસલ કરી રહ્યું છે તેને સમજવાની જરૂર છે. જોકે ચીન 26% અને ભારત 17% ફાળો આપે છે, પણ સીતારમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારત આ અંતર (ગેપ) પણ ટૂંક સમયમાં ભરી દેશે. તેમણે ઉમેર્યું કે પાડોશમાં મોટી ઈકોનોમી હોવા છતાં, વૈશ્વિક જીડીપી ગ્રોથમાં ભારતનો નોંધપાત્ર હિસ્સો હોવો એ ગર્વની વાત છે.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**એલસી નાબૂદીના સંદર્ભમાં OHE ફેરફાર**

**ઈ-ટેન્ડર - સૂચના નં. Sr.DEE/TR/ADI/32/TR/ADI/32(2025-26) તારીખ 30.01.2026**
**ટેન્ડર નંબર: TRD-ADI-T-20R-2025-26**
**કાર્યનું નામ:** વિરમગામ - ધ્રાંગધ્રા વિભાગમાં ROB અને RUB ને બદલે LC નાબૂદ કરવાના સંદર્ભમાં OHE ફેરફાર **અંદાજિત કિંમત:** 1,04,85,134/- **બાનાની રકમ :** 2,02,400/- **જમા કરાવવાની તારીખ અને સમય:** 27.02.2026 ના 15:00 કલાક પછી નહીં. **ખુલવાની તારીખ અને સમય:** 27.02.2026 ના 15.30 કલાકે. **કાર્યાલયનું સરનામું:** સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (ડબલ્યુ.આર.), ચામુંડા પુલ પાસે; જી.સી.એસ. હોસ્પિટલ, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ 382345. **વેબસાઇટ વિગતો:** www.ireps.gov.in
ADI 266
અમને લાઇક કરો: facebook.com/WesternRly

# વિદ્યાર્થિનીને લાફો મારનાર શિક્ષિકાને 3 વર્ષની જેલ: એન. સોલંકી કન્યા વિદ્યાલયમાં હોમવર્ક ન કરવા બદલ લાફો મારી કાનનો પડદો ફાડી નાખ્યો હતો

**ગાંધીનગર, તા.02**

ગાંધીનગર જિલ્લાના દહેગામની એક સ્કૂલમાં શિસ્તના નામે માનવતા ભૂલેલી શિક્ષિકા સામે કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. હોમવર્ક ન કરવા જેવી સામાન્ય બાબતે 14 વર્ષની દીકરીને બેરહેમીથી માર મારી કાનનો પડદો ફાડી નાખનાર વિજ્ઞાનના શિક્ષિકાને ગાંધીનગર કોર્ટે 3 વર્ષ અને 3 મહિનાની જેલની સજા ફટકારી અન્ય સ્કૂલો અને શિક્ષકો માટે એક દાખલો બેસાડ્યો છે.

આ કેસની વિગતો મુજબ, ગાંધીનગરની દહેગામ તાલુકાના લેકવાડા ગામના રમેશભાઈની 14 વર્ષીય દીકરી એન. સોલંકી કન્યા વિદ્યાલયમાં ધોરણ 9માં અભ્યાસ કરતી હતી. 1 જાન્યુઆરી, 2020ના રોજ સ્કૂલમાં વિજ્ઞાનના પિરિયડ દરમિયાન શિક્ષિકા પારૂલબેન પટેલે હોમવર્ક વિશે પૂછપરછ કરી હતી. જોકે બાળકીએ હોમવર્ક નથી કર્યું તેમ કહેતા જ શિક્ષિકા ઉશ્કેરાઈ ગયા હતા. આ વાતે આરોપી શિક્ષિકાએ બાળકીને ડાબા કાન પર જોરદાર લાફો ઝીંકી દીધો હતો, જેથી બાળકી દર્દથી કણસતી હતી અને કાન પર હાથ રાખ્યો હતો. આ છતાં શિક્ષિકાનો ગુસ્સો શાંત થયો નહોતો અને તેમણે બાળકીનો હાથ હટાવી બીજો



લાફો મારીને વર્ગખંડની બહાર ઊભા રહેવાની સજા આપી હતી.

ત્યારે વિજ્ઞાનના બે પિરિયડ સુધી બાળકી રઝળપાટ કરતી રહી હતી. બાળકી અસહ્ય પીડા સાથે બે પિરિયડ સુધી ક્લાસની બહાર ઉભી રહેવાથી બેભાન જેવી થઈ ગઈ હતી. આ દરમિયાન સ્કૂલના આચાર્ય ત્યાંથી પસાર થયા હતા. ત્યારે બાળકીએ પિતાને ફોન કરવા વિનંતી કરી હોવા છતાં આચાર્યએ કોઈ ધ્યાન આપ્યું નહીં અને તેને પીડાતી હાલતમાં છોડી દીધી હતી.

સ્કૂલ છૂટ્યા બાદ જ્યારે પિતા તેને હોસ્પિટલ લઈ ગયા ત્યારે નિદાન થયું કે, મારને કારણે બાળકીના કાનના પડદામાં કાણું પડી ગયું છે. આ ઘટનાને પગલે વિદ્યાર્થિનીના પિતાએ હિંમત દાખવી દહેગામ પોલીસ સ્ટેશનમાં જુવેનાઈલ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

આ કેસ ગાંધીનગરના ત્રીજા એડિશનલ ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ સમક્ષ ચાલ્યો હતો, જેમાં સરકારી વકીલની દલીલો અને તબીબી પુરાવાઓને ગ્રાહ્ય રાખીને કોર્ટે નોંધ્યું કે શિક્ષકનું કાર્ય બાળકોનું ઘડતર કરવાનું છે, તેમને શારીરિક અપંગતા તરફ ધકેલવાનું નહીં. કોર્ટે આરોપી શિક્ષિકા પારૂલબેન રજનીકાંત પટેલને (રહે. આણંદ) દોષિત ઠેરવી ત્રણ વર્ષની કેદ અને 25 હજારનો દંડ ભોગવવાનો હુકમ કરી અન્ય સ્કૂલો અને શિક્ષકો માટે એક દાખલો બેસાડ્યો છે.

## રાજપીપળાના પૂર્વ પ્રિન્સ માનવેન્દ્રસિંહ ગોહિલે હાઈકોર્ટમાં PIL કરી...

**ગાંધીનગર, તા.02**

રાજપીપળાના પૂર્વ પ્રિન્સ માનવેન્દ્રસિંહ ગોહિલ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવામાં આવી છે. જે અરજી ચીફ જજની કોર્ટ સમક્ષ રજૂ થઈ હતી. અરજીમાં જણાવ્યા મુજબ નગરપાલિકાએ ગાર્ડનની રિઝર્વ જમીન ઉપર કોમર્શિયલ બાંધકામ કરીને જાહેર નાણાનો દુરુપયોગ કર્યો છે. અરજદાર રાજપીપળાના રહેવાસી છે અને પૂર્વ પ્રિન્સ છે.

હાઈકોર્ટે હળવાશમાં કહ્યું હતું કે તમે હજુ વ્યવસ્થ કંટ્રોલ કરવા માંગો છો ? જો કે અરજદારે તેનો નકારમાં જવાબ આપતા રાજપીપળામાં સીટી સર્વે નંબર 33 ની જમીનનું પ્રોપર્ટી કાર્ડ રજૂ કર્યું હતું. જેમાં જમીનની સત્તા પ્રકારનું વર્ણન હતું. આ જમીન બિન નફાકારક હેતુઓ માટે રાખવામાં આવી હતી. આ જમીન 31,678 સ્ક્વેર મીટરનું ક્ષેત્રફળ ધરાવે છે. ગામના લોકોએ અને અરજદારે વર્ષ 2023 માં નગરપાલિકા સમક્ષ રજૂઆત કરીને બાંધકામ રોકવા કહ્યું હતું. છત્તા કોમર્શિયલ બાંધકામ કરવામાં આવ્યું છે. અહીં શાકભાજી વગેરે વેચવા માટેનું આયોજન છે. વળી કેટલુંક બાંધકામ હજુ ચાલુ છે.

હાઈકોર્ટે પૂછ્યું હતું કે બિલ્ડિંગ કેટલા એરિયામાં બન્યું તેની ખબર છે ? જેનો જવાબ નકારમાં આવતા હાઈકોર્ટે કહ્યું હતું કે કોર્ટ કોઈ તપાસ નહીં કરાવે. તમે જાતે તેની તપાસ કરીને કોર્ટ સમક્ષ મૂકો. અરજદારે વધુમાં જણાવ્યું હતું.

## પાઈનેપલની ખરીદી કરતી વખતે પર્સની ચોરી કરનાર રિક્ષા ચાલક ઝડપાયો: મહિલાની નજર ચૂકવીને ચોરી કરી હતી...

**વડોદરા, તા.02**

વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં મહિલાની નજર ચૂકવીને તેના પર્સની ચોરી કરીને ભાગી જનાર રીઢા આરોપીને વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડ્યો છે. જેથી રૂ. 55,000ની ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો છે અને પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરામાં રહેતા ફરિયાદી મહિલા વડોદરા શહેરના વારસીયા રિંગ રોડ પર સર્વાનંદ હોલ પાસેના ફૂટપાથ પર પાઈનેપલ ખરીદી રહી હતી. તે દરમિયાન તેમની એક્ટિવા સ્કૂટર પાસે મૂકેલ પર્સમાં આશરે રૂ. 50,000ની રોકડ અને OnePlus




Buds Pro 3 એરબડ્સ સહિત કુલ રૂ. 55,000ની મત્તા હતી. અજાણ્યા ઓટોરિક્ષા ચાલકે મહિલાની નજર ચૂકવીને પર્સ ચોરી લીધું અને ઓટોરિક્ષામાં ભાગી ગયો હતો. આ અંગે વારસીયા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે CCTV ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે શોધખોળ શરૂ કરી હતી. પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, અગાઉ ચોરીના અનેક ગુનાઓમાં પકડાયેલ શાહરૂખ ઉર્ફે નટુ ઈસ્માઈલભાઈ પઠાણ (રહે. ઈન્દીરાનગર ઝુપડપટ્ટી, હાથીખાના પાસે, બ્રિજ નીચે, વડોદરા) હાથીખાના ઈન્દીરાનગર બ્રિજ પાસે તેની ઓટોરિક્ષા સાથે હાજર છે. તેની પાસે ચોરેલા એરપોડ્સ અને રોકડ રાખેલ હોવાની શંકા હતી. વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે તાત્કાલિક સ્થળે પહોંચીને તપાસ કરતાં આરોપીને તેની ઓટોરિક્ષા સાથે ઝડપી લીધો હતો. ઝડતીમાં તેની પાસેથી રોકડ રૂ. 7,600, OnePlus કંપનીના એરબડ્સ, વિવો મોબાઈલ ફોન અને ઓટોરિક્ષા મળી આવી.

# સુરતમાં કુરિયર બોયને ચપ્પુ બતાવી કારમાં ઉઠાવી ગયા: ટોળું આવીને શખસ પર તૂટી પડ્યું, ફિલ્મી ઢબે અપહરણ કરતાં વિસ્તારમાં ફફડાટ

**સુરત, તા.02**

સુરત શહેરના પર્વત પાટિયા વિસ્તારમાં ધોળા દિવસે એક શખસના અપહરણની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પૂર્વ અદાવતમાં આકાશ રાજપૂત અને તેના સાથીઓએ મળીને એક કુરિયર બોયનું તેની ઓફિસ પાસેથી અપહરણ કરી તેને ચપ્પુની અણીએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં આરોપીઓ શખસને માર મારતાં અને ગાડીમાં બેસાડતાં નજરે પડે છે.

ફરિયાદી પ્રદીપસિંહ રાજેશ્વરસિંહ રાજપૂત (ઉં.વ. એ૦), જેઓ ડિંડોલી વિસ્તારમાં રહે છે અને કુરિયર બોય તરીકે નોકરી કરે છે, તેમણે પુણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ ઘટના 16 જાન્યુઆરી, 2026ના રોજ બપોરે આશરે 1:30 વાગ્યે પર્વત પાટિયા ચાર રસ્તા પાસે, ડી.જી.પોઈન્ટ એપાર્ટમેન્ટની સામે બની હતી. પ્રદીપસિંહ જ્યારે




કુરિયરની ડિલિવરી આપીને નીચે ઊતર્યા ત્યારે આકાશ રાજપૂત, ગોપાલ અને અન્ય છ જેટલા શખસોએ તેમને ઘેરી લીધા હતા. આરોપીઓએ તેમને ગાળો આપી, ઢીંકામુક્કીનો માર માર્યો અને બળજબરીપૂર્વક બ્લૂ કલરની સુઝુકી ફોર-વ્હીલ ગાડીમાં બેસાડી દીધા હતા. ગાડીમાં બે ઈસમોએ પ્રદીપસિંહની કમર પર ચપ્પુ રાખી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અપહરણકારો તેમને મહારાણા પ્રતાપ ચોક, પૂર્વાંચલ રેસ્ટોરન્ટ અને ડિંડોલી બ્રિજ નીચે ફેરવી અંતે કેસર ભવાની સોસાયટી પાસે ઉતારીને ફરાર થઈ ગયા હતા.

પોલીસ ફરિયાદ મુજબ, આ ઘટના પાછળ 14 જાન્યુઆરીના રોજ થયેલી એક માથાકૂટ જવાબદાર છે. પૂર્વાંચલ રેસ્ટોરન્ટમાં બેસવા જેવી નજીવી બાબતે પ્રદીપસિંહ અને આરોપી આકાશના પિતરાઈ ભાઈ અભિષેક રાજપૂત વચ્ચે બોલાચાલી થઈ હતી, જેમાં પ્રદીપસિંહે અભિષેકને માર માર્યો હતો. આ અદાવત રાખીને આકાશે તેના મિત્રો સાથે મળીને આ અપહરણનું કાવતરું ઘડ્યું હોવાનું મનાય છે. ફરિયાદી કુરિયર બોય અગાઉ અન્ય એક ગુનામાં જેલમાં હતો. પીડિત ડરી ગયો હોવાથી ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો, જોકે તે યુવકે હિંમત કરી ફરિયાદ નોંધાવતાં પુણા પોલીસે આરોપીઓ વિરુદ્ધ રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સીસીટીવી ફૂટેજમાં દેખાતાં દૃશ્યોના આધારે પોલીસ હવે આ અજાણ્યા છ શખસની ઓળખ કરવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

## વડોદરાના SMCની રેડ: લીસ્ટેડ બુટલેગર મનોજ ઉર્ફે પાપડ, લાલુ સિંધી અને સુનિલ ઉર્ફે અદ્દાનો દારૂ જપ્ત

**વડોદરા, તા.02**

વડોદરા શહેરના જવાહરનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂનું કટીંગ થતું હોવાની બાતમીના આધારે સ્ટેટ મોનિટરીંગ સેલે દરોડો પાડ્યો હતો. જેમાં 38 લાખના દારૂના જથ્થો જપ્ત કર્યો છે અને 3 આરોપીની ધરપકડ કરી છે અને રૂ. 53 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે જવાહરનગર પોલીસ સ્ટેશને ખાતે પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધીને વધુ કાર્યવાહી શરૂ કરી છે. સ્ટેટ મોનિટરીંગ સેલને બાતમી મળી હતી કે, કોયલી ગામની સીમમાં મોટી માત્રમાં દારૂનું કટીંગ ચાલી રહ્યું



છે. જેના આધારે SMCની ટીમે દરોડો પાડ્યો હતો. દરોડામાં પોલીસે 3 આરોપી સ્થળ પર જ ઝડપાઈ ગયા હતા આ સાથે 38,21,350 રૂપિયાની કિંમતની 1949 દારૂની બોટલો જપ્ત કરી હતી. આ ઉપરાંત જે ગાડીઓમાં દારૂનું કટીંગ કરીને દારૂ ભરવામાં આવી રહ્યો હતો તે 14,50,000 રૂપિયાની કિંમતની 3 કાર પણ જપ્ત કરી હતી. તથા પોલીસે આરોપીઓ પાસેથી 55,000ની કિંમતના મોબાઈલ અને રોકડ મળી કુલ 53,36,100 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે જવાહરનગર પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબીશનનો ગુનો નોંધી ઝડપાયેલા ત્રણેય આરોપીઓની પ્રાથમિક પૂછપરછ કરતા આ દારૂનો જથ્થો પશ્ચિમ વિસ્તારના નામચીન બુટલેગર મનોજ ઉર્ફે પાપડ શંકરભાઈ નરસિંઘાણીનો હોવાનું ખુલ્યું હતુ. પોલીસે નામચીન બુટલેગર મનોજ પાપડ સહિત કુલ 15 લોકોને વોન્ટેડ જાહેર કરી તેમની શોધોખોળ હાથ ધરી છે. વડોદરા શહેરના ગોરવા રીફાઈનરી રોડ પર આવેલા નર્મદેશ્વર સોસ. પાછળ સહ્યોગ સોસા.માં રહેતો લીસ્ટેડ બુટલેગર મનોજ ઉર્ફે પાપડ શંકરભાઈ નરસીંઘાણી સામે શહેરના સયાજીગંજ, જવાહરનગર-3, વાડી, છાણી, જવાહરનગર , વડોદરા તાલુકા, ગોરવા, લક્ષ્મીપુરા, ફતેહગંજ અને વાઘોડીયા મળી પ્રોહિબીશનના ગુનાઓ નોંધાયેલા છે. જ્યારે અત્યાર સુધીમાં મનોજને 3 વખત પાસા હેઠળ જેલમાં જઈ આવ્યો છે.

## માનસિક રીતે અસંતુલિત દર્દીની એમ્પથી સાથેની સારવાર: બંને આંખના ઓપરેશન બાદ દર્દીમાં સુધારો

**અમદાવાદ, તા.02**

અમદાવાદ શહેરની સોલા સિવિલ હોસ્પિટલમાં ઓપ્થેલ્મોલોજી વિભાગના પ્રોફેસર અને હેડ ડો. દીપિકા સિંઘલે તાજેતરમાં એક એવા દર્દીના ઈલાજનો અનુભવ શેર કર્યો છે, જે માત્ર શારીરિક નહીં પરંતુ માનસિક રીતે પણ અસ્વસ્થ હતો. એક મહિલા દર્દીને બંને આંખમાં ગંભીર મોતિયાની સમસ્યા સાથે મહેસાણાથી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતાં. પરિવાર તરફથી યોગ્ય સંભાળ ન મળતા અને માનસિક અસ્વસ્થતાના કારણે તેઓ અલગ-અલગ જગ્યાએ ભટકતા રહેતા હતાં. હોસ્પિટલમાં દાખલ થયા બાદ ડોક્ટરોને સમજાયું કે દર્દી માનસિક રીતે સંતુલિત નથી. આવી સ્થિતિમાં ઓપરેશન કરવું ખૂબ અઘરું હતું. દર્દી ઓપરેશન ટેબલ પર શાંત રહેતા નહોતા, તેમને સમજાવવું પણ મુશ્કેલ હતું. તેમ છતાં હોસ્પિટલની એનેસ્થેસિયા ટીમ અને ડોક્ટરોની અવિરત મહેનતના કારણે અંતે એક આંખનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું. પહેલા ઓપરેશન પછી દર્દીને થોડો આરામ અનુભવાયો. ત્યારબાદ ડોક્ટરોની ટીમે માનવતાપૂર્ણ તેમની સાથે સારો વ્યવહાર કરીને દર્દીની સંપૂર્ણ સંભાળ લીધી હતી. થોડા દિવસોમાં બીજી આંખનું પણ સફળ ઓપરેશન કરવામાં આવ્યું.

## આઠ કલાકથી પાંચ ફાયર સ્ટેશનની સાતથી વધુ ગાડીઓ દ્વારા પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયાસ

**સુરત, તા.02**

સુરતમાં ખજોદ ડમ્પિંગ સાઈટ પર ભયાનક આગ ફાટી નીકળી છે. બપોરે 11 વાગ્યાથી લાગેલી આગ પર પાંચ સ્ટેશનની સાતથી વધુ ગાડીઓ દ્વારા પાણીનો મારો ચલાવીને કાબુમાં લેવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જોકે આઠ કલાક થવા છતાં પણ હજુ સુધી આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી નથી. કચરામાં લાગેલી આગના પગલે ધુમાડાના ગોટેગોટા પાંચ કિ.મી દૂરથી પણ જોઈ શકાય છે. ખજોદ ડમ્પીંગ સાઈડમાં આગ લાગવાને લઈને વિપક્ષ નેતા પાયલ સાકરીયા દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે, સુરતના ખજોદ વિસ્તારમાં કચરા માટેની ડમ્પીંગ સાઈટ બનાવવામાં આવેલી છે. આ ડમ્પિંગ સાઈટ પર સવારે 11:00 વાગ્યા આસપાસ અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના અંગે ફાયર વિભાગને જાણ કરવામાં આવતા પાંચ સ્ટેશનની સાતથી વધુ ગાડીઓ ઘટના સ્થળે દોડી ગઈ હતી. ખુલ્લી જગ્યામાં આ કચરો હોવાથી પવનના કારણે આંખ પર કાબુ મેળવવામાં ફાયર વિભાગને ભારે જહેમત કરવી પડી રહી છે. વિભાગ દ્વારા વધુ કચરો આગની જ પેટમાં ન આવે છે તે માટે દૂર કરીને કામગીરી કરવામાં આવી રહી છે. જોકે છેલ્લા આઠ કલાકથી પાણીનો મારો ચલાવવા છતાં પણ હજુ આગ કાબુમાં આવી નથી.

સુરતના ખજોદ ડમ્પિંગ સાઈટ પર લાગેલી ભયાનક આગના મુદ્દે સુરત મહાનગરપાલિકાના વિપક્ષ નેતા પાયલ સાકરીયાએ ગંભીર આક્ષેપો કર્યા છે. પાયલ સાકરિયા સાથે વિપક્ષ દંડક રચનાબેન હીરપરા અને બીજા કોર્પોરેટરોએ ખજોદ ડમ્પિંગ સાઈટની મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું કે, આજે સવારથી ખજોદ ડમ્પિંગ સાઈટ પર આગ લાગેલી છે અને અનેક કલાકો વીતી જવા છતાં આગ હજી કાબૂમાં આવી નથી. માહિતી મળતાની સાથે જ વિપક્ષ આમ આદમી પાર્ટીની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી, પરંતુ ચાર પાંચ કલાક વીતી ગયા હોવા છતાં, કોઈ પાલિકાના અધિકારી ફરક્યા નથી, કોઈ GPCB ના અધિકારી ફરક્યા નથી, પોલીસમાંથી પણ કોઈ ફરક્યું નથી, જેના પરથી



સ્પષ્ટ થાય છે કે આ લોકોની કેટલી મિલીભગત હશે. જે મનપાની ગંભીર બેદરકારી દર્શાવે છે.

પાયલ સાકરીયાએ જણાવ્યું કે છેલ્લા 15 દિવસથી વિપક્ષ દ્વારા કચરાના ઢગલા અંગે ચેતવણી આપવામાં આવી રહી હતી અને સંબંધિત કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરી બ્લેકલિસ્ટ કરવાની માંગ કરવામાં આવી હતી. છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ખજોદ ડમ્પિંગ સાઈટ પર છેલ્લા સાડા ત્રણ વર્ષથી વધુ સમયથી કચરો જમા થતો આવ્યો છે, જ્યારે વૈજ્ઞાનિક પદ્ધતિથી કચરાનો નિકાલ થવો જરૂરી હતો. પાયલ સાકરીયાએ વધુમાં જણાવ્યું કે, સુરત મહાનગરપાલિકા દ્વારા 14 લાખ મેટ્રિક ટન કચરાના નિકાલનો દાવો કરવામાં આવ્યો હતો, પરંતુ હકીકતમાં તેનાથી પણ અનેકગણો વધુ કચરો સાઈટ પર પડેલો છે. ત્રણ વર્ષ પહેલાંની મુલાકાત દરમિયાન જે કચરાના ઢગલા હતા, તે આજે પણ ત્યાં જ છે. આ સમગ્ર પ્રક્રિયામાં સુરતના ભાજપી શાસકો દ્વારા રાજ્ય સરકાર અને દેશની એજન્સીઓને ગેરમાર્ગે દોરવામાં આવ્યા છે. વિપક્ષ નેતાએ આરોપ લગાવ્યો કે આ કોન્ટ્રાક્ટને અત્યાર સુધી કોઈ દંડ ફટકારવામાં આવ્યો નથી, માત્ર આશ્વાસનો આપવામાં આવ્યા છે. 200 કરોડ રૂપિયાનું બિલ ચૂકવાઈ ગયું હોવા છતાં વૈજ્ઞાનિક ઢબે કચરાનો નિકાલ થયો નથી. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે જો કામ થયું જ નથી, તો 200 કરોડનું ચૂકવણું કેવી રીતે થયું? ખજોદ ડમ્પિંગ સાઈટ સાથે જોડાયેલા મોટા ભાગના કોન્ટ્રાક્ટર ભાજપ સાથે સંકળાયેલા હોવાથી તેમની સામે કોઈ કાર્યવાહી થતી નથી. જ્યારે આ મુદ્દે સામાન્ય સભામાં ચર્ચા કરવા માટે પ્રયત્ન કર્યો તો ભાજપના મેયર દ્વારા મને સસ્પેન્ડ કરવામાં આવી હતી. આગના કારણે સમગ્ર વિસ્તારમાં ઘનઘોર ધુમાડો છવાઈ ગયો છે, પ્લાસ્ટિક સળગવાના કારણે પર્યાવરણને ગંભીર નુકસાન થયું છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

